કચ્છમાં બને છે
સાયક્લોન શેલ્ટર

કેપિટાલિઝમ
પિટાશે કે ટિપાશે?

સર્વેલન્સ : હર તરફ
હર જગહ, હર કહીં

૧૯ જૂન, ૨૦૨૧ abhiyaanmagazine.com ₹ ૨૫-૦૦

અભિયાન

બાઇબલનો પ્રચાર
કરતી કિન્નર
નામે સોનમ

ચીને વુહાનમાંથી જૈવિક શસ્ત્ર છૂટું મૂક્યું છે?

VISIT…

VTV
ગુજરાતી

ગુજરાતના દરેક નાના મોટા સમાચાર જુઓ સૌથી પહેલા

VTVGujarati.com પર

VTVGujarati.com

DOWNLOAD APP

100% VEG.

SINCE 2008

વેકેશનમાં માણીએ સેવ મમરા,નાયલોન પૌંઆ, પાણીપુરી અને ફ્રુટ-ચાટ તાજા...

શ્રી હરિ મસાલા ને સંગ કરીએ મામાને ઘેર મઝા !

શ્રી હરિ®
રેડી-ટુ-કૂક મસાલા

Only Bodeli Online

- **સેવ-મમરા મસાલા**
- **નાયલોન પૌંઆ મસાલા**
  પાપડ-પૌંઆ, જુવાર-મકાઈની ઘાણી માટે પણ ઉપયોગી
- **પાણીપુરી મસાલા**
  (ફુદિના અને જીરા ફલેવરમાં)
- **છાસ-સલાડ મસાલા**
  ફ્રુટ જ્યુસ, લીંબુ શરબત, ગ્રીન ફ્રુટસ ઉપર ઉપયોગી
- **સેન્ડવીચ-પીનટ્સ(ચાટ)મસાલા**
  દરેક પ્રકારની સેન્ડવીચ, બર્ગર, પીઝા, આલુ ટીક્કી, ગ્રીન સલાડ, શેકેલા સીંગ - ચણા, શેકેલા કાજુ તથા બધીજ ચાટ, વેફર્સ, તળેલા ફાયમ્સ ઉપર અને વિવિધ વાનગીઓમાં ઉપયોગી.

CUSTOMER CARE :
94092 00015 / 90235 48349

E-mail: mktg@shriharimasala.com

★ હવે ઘેર બેઠાં ઑનલાઈન શૉપિંગ કરો,
વેબસાઈટ દ્વારા....www.shriharimasala.com

IMAGE MAKER - 09327020557

તમારા માટે, તમારી સાથે, સતત...

અભિયાન

૧૯ જૂન ૨૦૨૧
વર્ષ: ૩૬ અંક: ૫૩ સળંગ અંક: ૧૮૩૬

પથદર્શક: સ્વ. ભૂપત વડોદરિયા

તંત્રી : તરુણ દત્તાણી
(પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર)

કોપી એડિટર : હેતલ ભટ્ટ
મુંબઈ : લતિકા સુમન
અમદાવાદ : હેતલ રાવ
ભુજ : સુચિતા બોઘાણી કનર

ક્રિએટિવ ડાયરેક્ટર : મૌનક ચાવડા

રજિસ્ટર્ડ ઓફિસ : સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫
ફોન : ૨૬૮૭ ૩૯૧૪, ૨૬૮૭ ૩૯૧૬, ૨૬૮૭ ૩૯૧૭
ફેક્સ : ૨૬૮૭ ૩૯૨૨

મુંબઈ કાર્યાલય : સમભાવ મીડિયા લિમિટેડ, ૭૧૪, એ વિંગ, ક્રિસ્ટલ પ્લાઝા, ઈનફિનિટી મોલ સામે, ન્યુ લીંક રોડ, અંધેરી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૩

વાચકોના પ્રતિભાવ :
abhiyaan@sambhaav.com

વેબસાઈટ :
www.abhiyaanmagazine.com

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૧૨૭૫/-
Foreign Subscription : Rs. 6375 (Air Mail)
અભિયાનનો દરેક અંક **પોસ્ટમાં** ઈસ્યુ તારીખ પ્રમાણે મોકલવામાં આવે છે.

સર્ક્યુલેશન :
૦૭૯ ૨૬૮૭૩૯૧૪-૧૫-૧૬, ૦૨૨ ૨૮૬૭૮૬૬૯
circulation@sambhaav.com

Marketing
Mumbai : Ph. : 022-67995316
Ahmedabad : Ph : 079-2687 3914/16/17
Delhi : Ph : 011 - 2371 8171
marketing@sambhaav.com

મુદ્રક અને પ્રકાશક વિજય પરીખે
સમભાવ મીડિયા લિમિટેડ વતી હાઇસ્કેન પ્રા.લિ.,
હાઇસ્કેન એસ્ટેટ, સરખેજ-બાવળા હાઇવે, ચાંગોદર,
અમદાવાદ-૩૮૨ ૨૧૩, ખાતે છાપ્યું અને અભિયાન હાઉસ,
૪ એ/બી, ગવર્નમેન્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ચારકોપ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઇ - ૬૭ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

સમભાવ ગ્રૂપ

અનુક્રમ

૧૮ ચીને વુહાનમાંથી જૈવિક શસ્ત્ર છૂટું મૂક્યું છે?

કોરોના સંકટની શરૂઆત થઈ ત્યાર પછીના દોઢ વરસ બાદ દુનિયા એટલી રંજાડી ગઈ છે કે અગાઉ જેઓ ચીન નિર્દોષ છે એવું પ્રમાણપત્ર આપતા હતા તેઓને પણ હવે કોરોના સંકટ એક ચીની કારસ્તાન જણાઈ રહ્યું છે. એ ધારણા સર્વત્ર વ્યક્ત થઈ રહી છે કે કોવિડ-૧૯ વાઇરસ વુહાનની લેબોરેટરીમાંથી છટકી ગયો છે અને જાહેરમાં આવી ગયો છે.

૨૬ બાઇબલનો પ્રચાર કરતી કિન્નર નામે સોનમ

૩૧ કચ્છમાં બની રહેલાં સાયક્લોન શેલ્ટર સેન્ટર

૩૩ વિશ્વામિત્રી નદી પુનઃજીવિત થશે?

૧૫ સર્વેલન્સ : હર તરફ, હર જગહ, હર કહીં!

૩૯ 'આયુર્વેદ'માં બનાવો અફલાતૂન કરિયર

ફેમિલી ઝોન

૩૭ કોરોનાને લઈને મહિલાઓમાં અસમંજસની સ્થિતિ

નિયમિત કોલમ

૦૬ પંચામૃત
૪૨ ભાવિ
૪૩ લઘુ-નવલ

Only Books Magazine

RAJANI®
GROUP
Since : 1975

AUTHENTIC INDIAN
Chilli Powder

Only Books Magazine

FARM FRESH
Haldi Powder

RICH FLAVOUR
Coriander - Cumin

+91-98256 07989
www.rajanigroup.in

Shop Now On
amazon Flipkart

Follow Us

ઈશ્વર હોય તો તે જરૂર માણસના હૃદયમાં જ છે!

એક યુવાન ઇજનેર હતો. યુવાન એક સુંદર યુવતીના પ્રેમમાં હતો. યુવતી તેને મળી નહીં. હૃદય હતાશાથી ભરાઈ ગયું. એક ક્ષણ તો લાગ્યું કે મારી અંદર જે એક કૌશલ છે, કલા છે, શક્તિ છે, તે તેને બતાવી જોઉં! યુવાન ઇજનેરે આપઘાતનો વિચાર માંડી વાળ્યો 'ને પોતાના જીવનદીપને વધુ ઝળહળતો બનાવવાનું નક્કી કર્યું. એણે એક અશક્ય લાગતું કામ હાથમાં લીધું. તેણે સુએઝની નહેર બનાવી. ફ્રેન્ચ ઇજનેરનું નામ હતું લેસેપ્સ. ઇજનેરની પ્રેયસી રાજકુમારને પરણી હતી. તેણે જ્યારે નહેર જોઈ ત્યારે તેને પ્રેમીના હૈયાનો કાંઈક તાગ મળ્યો. એક વિરાટ પુરુષાર્થનું રૂપ લઈને અહીં સાક્ષાત્ પ્રેમપુરુષ ઊભો હતો. પ્રેયસીનું મસ્તક નમી પડ્યું.

એક ભગ્નહૃદયી યુવાને એક ફિલસૂફને કહ્યું : 'મારે માટે જીવવાનું અશક્ય છે.'

ફિલસૂફે કહ્યું : 'જે શક્ય હોય તે કરો.'

યુવાને કહ્યું : 'મરી જવાનું શક્ય લાગે છે. કદાચ સરળ પણ છે.'

ફિલસૂફે કહ્યું : 'માણસ માટે જીવવાનું પણ અઘરું છે અને મરવાનું પણ અઘરું છે, પણ કદાચ વધુ અઘરું કામ જીવવાનું છે. જેને જીવવાનું અઘરું કામ આવડી જાય છે તેને પછી મરવાનું અઘરું કામ પણ આવડી જાય છે. સહેલું લાગે છે.'

યુવાને દલીલ કરી : 'પણ જિંદગીમાં છે શું? થોડુંક લોહી બોલે છે, થોડીક લાગણી બોલે છે, થોડાંક સ્મિત વેરાયેલાં છે. વધુ તો આંસુઓની ઝાકળ જ છે. આમાં નવું શું છે? ધર્મશાળા જેવી આ ઇમારતમાં કેટલા માણસો આવ્યા, રહ્યા અને ગયા! છે કંઈ નવું જોવાનું?'

ફિલસૂફ : 'કશું જ નવું નથી, પણ જિંદગીની મિજલસને નિસબત છે ત્યાં સુધી તો તમે સાવ નવા છો અને એટલે આખી આ મિજલસ અનોખી બની જાય છે. તમે નહીં હો ત્યારે પણ આ બધું તો હશે જ, પણ તમે નહીં હો એટલે તમને લાગેવળગે છે ત્યાં સુધી અહીં કશું જ નહીં હોય! તમે છો તો બધું જ છે. તમે નથી તો કંઈ જ નથી! બરાબર જીવ્યા વિના મરવું તે ભૂખ વગર ભોજન કરવા જેવું છે. તમે તમારી ઇચ્છાથી આ સંસારમાં આવ્યા નથી. તમે તમારી ઇચ્છાથી આ દુનિયા છોડી શકો એવો ખ્યાલ એક મિથ્યાભિમાન છે. આ પૃથ્વી ઉપર એટલા બધા માણસો જીવી ચૂક્યા છે કે તેમના ઊના-ઊના શ્વાસનો સરવાળો આ હવામાં હોત તો હવામાન ક્યારનું યે ગંધાઈ ઊઠ્યું હોત! કોઈક હવા બદલે છે, કોઈક એવું ચક્ર ચાલે છે કે જેના લીધે હવા બદલાય છે, તાજી થાય છે, નવી જિંદગીનો શ્વાસ બનવા માટે કાબેલ બને છે. તમારે મોતની પાછળ પડવાની જરૂર નથી. એ એના પોતાના સમયે અચૂક આવશે. મોત જે તમારા માટે છેક અજાણ્યું છે તેને આટલા વહાલા થવાની તમારે શી જરૂર? મોત તો ઘૂંઘટમાં ચહેરો રાખે છે. જિંદગીનો હસતો કે રડતો ચહેરો સહેજસાજ પણ તમારા માટે પરિચિત છે તો તેને જ વધુ વહાલા થાવ ને.'

તમારી પોતાની પીડા એક નાનો કાંટો છે. તેને દૂર કરવા બીજી વ્યક્તિની મોટી પીડાનો વિચાર કરો. બીજી વ્યક્તિની મોટી પીડા મોટો કાંટો બનીને તમારી પીડાના નાના કાંટાને દૂર કરી આપશે. કમ સે કમ તમારી પીડા તમારા મનમાં તો નહીં ખટકે. નાની કે મોટી પીડા તો દરેક જીવને છે. કેટલાક માત્ર પોતાની જ દયા ખાય છે. તમારા અંતરમાં ભરપૂર દયા ભરી છે. તે માત્ર તમારી જાત ઉપર જ ના ઢોળો. તમારી કરુણાને બહાર વહેવાનો માર્ગ આપો. તે બહાર જશે તો એક ચમત્કાર કરશે. તમને હેરત થશે કે બીજા માટે સારેલાં આંસુ આપણી પોતાની જાત ઉપર ઢોળેલાં આંસુ કરતાં વધુ સાર્થક નીવડે છે. આપણી પોતાની પીડા ઉપર ઢોળેલાં આંસુ કશું ઉગાડી શકતાં નથી. બીજાની પીડાને આપણા અંતરમાં રોપીને આંસુનો છંટકાવ કરીએ છીએ ત્યારે આપણી પોતાની અંદર એક હરિયાળી પ્રગટે છે. બહારની બીજાની પીડાનો ખ્યાલ જ્યારે આપણા અંતરમાં ભીડ રચે છે ત્યારે આપણુ અંતર એક એવો નીડ બને છે કે જેમાંથી આપણી પીડાનું પંખી બહારના આકાશનું યાત્રી બને છે અને કંઈક મેળવીને જ પાછું ફરે છે.

એક ખોડ, એક ખામી, એક કમનસીબી, એક દુઃખ - માણસ માને છે કે આ મારા પાપની શિક્ષા જ હોવી જોઈએ. મનમાં ને મનમાં દુઃખી થાય છે, અંદર ને અંદર બળે છે, નાનપ અનુભવે છે, પોતાને હીણો-નીચો ગણે છે. સાચો માર્ગ આપણી ખામી અને ખોડના દરેક ખાડાને ઈશ્વરની કરુણા ઝીલનારાં પાત્રો સમજીને એ કરુણા મેળવવા માટે પ્રાર્થના કરવામાં અને તેને ખરેખર લાયક બનવાની કોશિશ કરવામાં રહેલો છે.

મહાન ફ્રેન્ચ સર્જક અને ક્રાંતિકાર વોલ્ટેરે કહ્યું છે કે, 'ઈશ્વર છે કે નહીં તે હું જાણતો નથી, પણ હોય તો તે જરૂર માણસના હૃદયમાં જ છે.' માણસની સૌથી મોટી દોલત સહિષ્ણુતા અને સૌને માટે સદ્‌ભાવ એ જ છે.

મૂળ વાદરિયા...

(લેખકના પુસ્તકમાંથી)

Only Books Magazine

આત્મીયતા

૧૨ ડિસેમ્બર, ૨૦૨૦

ભારતનાં પ્રથમ મહિલા જાસૂસ - રજની પંડિત...

ભારતનાં પ્રથમ મહિલા જાસૂસ રજની પંડિતનો ઇન્ટરવ્યૂ વાંચ્યો. ખૂબ ઇન્ટરેસ્ટિંગ છે. કોઈ મહિલા જાસૂસ બનવાનું વિચારે અને આખી જિંદગી એ જ કામ કરે એ વાત ખરેખર અદ્‌ભુત અને રોમાંચક છે. લોકોને ભાગ્યે જ તેમના વિશે ખ્યાલ હશે. બીજી વાત, જાસૂસોની જિંદગી જોખમી હોય છે. તેમના જીવની સાથે પરિવારની સુરક્ષા પર પણ જોખમ તોળાતું રહે છે. એવા સમયે તેઓ જોખમ ઉઠાવીને પણ લોકોને ન્યાય અપાવવાનું અને સત્યને ઉજાગર કરવાનું જે કામ કરી તેઓ રહ્યાં છે તે કાબિલે તારીફ છે. એક મહિલા ઇચ્છે તો તે શું ન કરી શકે તેનું જીવંત ઉદાહરણ રજની પંડિત છે. સેલ્યુટ હર...

- કાજલ પ્રકાશ નારાયણ, અમદાવાદ

પ્રતિભાવો મોકલવા એકદમ સરળ

આપના પ્રતિભાવો અમારા માટે ખૂબ જ મહત્ત્વના છે. અભિયાનમાં શું ગમ્યું? શું ન ગમ્યું? આપનાં અન્ય સૂચનો પણ આવકાર્ય છે. આપના પ્રતિભાવ હવે તમે પત્ર ઉપરાંત ઈ-મેઇલ મોકલી શકો છો.

આ આઇડી ઉપર ઈ-મેઇલ કરો :
abhiyaan@sambhaav.com

પત્ર લખવા માટેનું સરનામું
'આત્મીયતા' અભિયાન, સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

ના રણકે એવા વાસણ...

હું ગૌરાંગભાઈનો નિયમિત વાચક છું. દર વખતે તેઓ પોતાની કોલમમાં અવનવા વિષયો પર માહિતી આપતા રહે છે. ઇનફેક્ટ ઘણીવાર તો આપણને એમ લાગે કે આપણને આ વસ્તુ-વ્યક્તિ કે વિષય વિશે બધી ખબર છે - એવા વિષયોમાં પણ તેઓ સાવ નવી અને અદ્‌ભુત માહિતીઓ પીરસતા હોય છે. માટીનાં વાસણોની વાત ન્યારી. જુદી-જુદી ધાતુઓનાં વાસણો અને તેમાં બનતી રેસિપીઓ વિશે પણ રસપ્રદ માહિતી આપી છે તેમણે. ચર્નિંગ ઘાટ મારી ફેવરિટ કોલમ છે.

હિતેશ વાદળિયા, પાલનપુર

૨૦૨૦માં વિજ્ઞાને ખુશ થવા જેવું અઢળક આપ્યું છે....

આમ તો ૨૦૨૦નું વર્ષ ખરેખર સદીના સૌથી દુષ્કર વર્ષો પૈકીનું એક હશે, પણ સાથે તેણે જીવનના મહત્ત્વના બોધપાઠ પણ શીખવ્યા છે. જોકે, વિનોદ પંડ્યાનો લેખ ૨૦૨૦માં વિજ્ઞાને ખુશ થવા જેવું ઘણુ અઢળક આપ્યું છે એ લેખ વાંચવાની મજા આવી ગઈ. આમેય વિજ્ઞાન અને ટેક્નોલોજી મારા મનગમતા વિષયો છે, તેથી તેના વિશેની માહિતી મને આકર્ષતી રહે છે. આ શોધો માનવજાતને મદદરૂપ પુરવાર થતી રહે એ જ કામના.

ડો. સંદીપ ભટ્ટ, આણંદ

ગુજરાતમાં આંબેડકરના ૭૫ વર્ષ...

આપણા બંધારણના ઘડવૈયા બાબા સાહેબ આંબેડકર પરનો લેખ વાંચ્યો. ઘણી બધી સરસ માહિતી મળી. અસ્પૃશ્યતા નિવારણ માટે તેમણે જે કામ કર્યા તે વંદનીય છે. 'અભિયાન' સમયાંતરે આપણા મહાનુભાવોને લગતી વિવિધ માહિતીઓ પ્રકાશિત કરતું રહે છે. રસપ્રદ સ્ટોરી કરતું રહે છે, તે મને ગમે છે. હું વર્ષોથી 'અભિયાન' મેગેઝિન વાંચું છું. 'અભિયાને' તેની શૈલી અને છટા જાળવી રાખ્યા છે, તેના માટે અભિનંદન. આવી જ માહિતીસભર - રસપ્રદ સ્ટોરીઓ પીરસતા રહેશો તેવી અપેક્ષા.

પલ્લવિકા આચાર્ય, વડોદરા

માહિતીસભર કવર સ્ટોરી...

ભારતનાં પહેલા મહિલા જાસૂસ રજની પંડિત પરનો લેખ વાંચ્યો. પોલિટિકલ પાર્ટીઓ સહિત ઇન્ડિવિડ્યુઅલ ફેમિલીઓ- પર્સન પણ વિવિધ કારણોસર જાસૂસી કરાવતાં હોય છે એ વાંચીને આશ્ચર્ય થયું. મજા પણ આવી.

હની તારપુરિયા, મહુધા

લગ્નોની સિઝનમાં ચાંલ્લાનું અર્થશાસ્ત્ર..

લાફ્ટર વાઇરસ વાંચવાની મજા આવે છે. હર્ષદ પંડ્યાનો હાસ્યલેખ વાંચીએ એટલે ચહેરા પર હસવું આવી જતું હોય છે. ઘણીવાર તો એવી વાતો ટાંકતા હોય છે જે ખરેખર ઘર ઘર કી કહાની જેવી હોય છે. ગંભીર વાંચનની સાથે હળવા વિષય પરની કોલમ આપવા માટે ધન્યવાદ.

ભોગીલાલ માળી, જસદણ

મનથી નિર્ભય રહે તે માથું ઊંચકીને જીવે

વેલકમ એટ ફોર્ટી ક્લબ..

ફેમિલી ઝોનમાં ચાલીસીમાં પ્રવેશનારી કે ચાલીસી વટાવી ચૂકેલી મહિલાઓની વાત કરવામાં આવી છે. હું સાચું કહું, આ પ્રકારની એક્ટિવિટીની જરૂર હોય છે. એવી કોઈ ટીમ-એક્ટિવિટી કે એસોસિયેશન જે મહિલાઓને મોટિવેટ કરતી રહે, તેમને માનસિક રીતે નિરાશ કે હતાશ ન થવા દે, કારણ કે ચાલીસ વર્ષની ઉંમર મહિલાઓ માટે પડકારજનક અવસ્થાની શરૂઆત હોય છે. સ્ટોરી વાંચવાની મજા આવી. રસપ્રદ છે.

કાનન દેસાઈ, મુંબઈ

મારે અમેરિકા જવું છે...

મારે પણ ખરેખર અમેરિકા જવું છે. 'અભિયાન'માં વિઝા વિમર્શ અંતર્ગત અમેરિકાના વિઝાને લગતી વિવિધ માહિતીઓ આપવામાં આવે છે તે વાંચવાની ગમે છે. સચોટ અને તર્કબદ્ધ તેમ જ સાચી માહિતી આપવામાં આવે છે. અમારું ફેમિલી પણ અમેરિકા જવાની તૈયારી કરી રહ્યું છે. લોકોને આ પ્રકારની સ્ટોરી હેલ્પફુલ રહેતી હોય છે.

અનિક કાપડિયા, અમદાવાદ

સત્યકથા...

આઇન્સ્ટાઇનના જીવનપ્રસંગો વાંચવા રસપ્રદ છે.

અનુજ ચૌધરી, નવસારી

મને પંચામૃતના લેખો વાંચવા બહુ ગમે છે. - અરવિંદ કનોજિયા, કડી, ગાંધીનગર

Only Books Magazine

વિશ્વનાં ભાવિ શહેરો કેવાં હશે...

સ્માર્ટ સિટીને લઈને જાહેર થતી વિવિધ સંકલ્પનાઓ વારંવાર વાંચવા મળતી હોય છે. વિશ્વના વિવિધ દેશો આ પ્રકારનાં શહેરો બનાવવા માટે આયોજનો કરી રહ્યા છે. કવર સ્ટોરીમાં વિશ્વનાં ભાવિ શહેરો અને તેમના આયોજનને લગતા વિવિધ મુદ્દાઓને લગતી રસપ્રદ માહિતી વાંચવાની મજા આવી ગઈ. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ ભાવિ શહેરોના નિર્માણમાં કઈ કઈ બાબતોનું ધ્યાન રાખી રહી છે તે પણ જાણવા જેવું છે. આપણે હડપ્પન અને મોહેંજોદડોના આર્કિટેક્ચરની વાત કરતા હોઈએ છીએ. ભૂતકાળમાં જે બાંધકામો થયા છે તેની વાતો કરતા હોઈએ છીએ, એવા સમયે ભવિષ્યમાં કેવાં શહેરો આકાર લેશે તે વિશે જાણવું સ્વાભાવિક રીતે રસપ્રદ બની રહે.

ગૌતમ ઘાસલેટવાળા, સુરત

પ્રતિભાવો મોકલવા એકદમ સરળ

આપના પ્રતિભાવો અમારા માટે ખૂબ જ મહત્ત્વના છે. અભિયાનમાં શું ગમ્યું? શું ન ગમ્યું? આપનાં અન્ય સૂચનો પણ આવકાર્ય છે. આપના પ્રતિભાવ હવે તમે પત્ર ઉપરાંત ઈ-મેઇલ મોકલી શકો છો.

આ આઇડી ઉપર ઈ-મેઇલ કરો :
abhiyaan@sambhaav.com

પત્ર લખવા માટેનું સરનામું
'આત્મીયતા' અભિયાન, સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

૧૯ ડિસેમ્બર, ૨૦૨૦

વેબ સિરિઝની ઇન્દ્રજાળ...

લોકડાઉનના સમયમાં વેબ સિરીઝોની બોલબાલા વધી ગઈ. લોકો સમય પસાર કરવા માટે ઓટીટીનો સહારો લેવા લાગ્યા અને તેમાંય વેબ સિરીઝો હોટફેવરિટ સાબિત થઈ. ખેર, ગૌરાંગભાઈએ જે વાત કરી એ સાચી છે. અમુક વેબ સિરીઝો એટલી નકારાત્મકતા ફેલાવતી હોય છે, ડ્રાય અને ડાર્ક હોય છે કે દર્શકનો મૂડ ફ્રેશ થવાને બદલે સ્પોઇલ થઈ જાય. ઘણા દિગ્દર્શકો એક્શનના નામે મારધાડ-અપશબ્દોની ભરમાળ અને અશોભનીય દ્રશ્યોનો ઉમેરો કરીને વેબ સિરીઝને મસાલેદાર બનાવવાનો પ્રયત્ન કરે છે. આ પ્રકારની વેબ સિરીઝો પરિવાર સાથે બેસીને જોઈ નથી શકાતી. બાળકોના માનસ પર નેગેટિવ ઇફેક્ટ કરે છે. જોવાજેવી વાત એ છે કે આવી સિરીઝોને દર્શકો પણ મળી રહે છે અને લેખકે લખ્યું છે એ વાત સાચી છે કે અમુક વેબ સિરીઝ જોવી એટલે જાણે સ્ટેટસનો સવાલ બની ગયો છે. અરે ભાઈ, વેબ સિરીઝ તમારા જીવનમાં કોઈ મહત્ત્વનો ભાગ નથી ભજવવાની. જો તમને જોવી ન ગમતી હોય તો એમાં સહેજ પણ શરમ કે સંકોચ અનુભવવાની જરૂર નથી હોતી. સરસ, માહિતીપ્રદ, આંખો ઉઘાડનારો અને વિચાર કરવા પ્રેરે એવો લેખ.

મોહિત શાહ, અમદાવાદ

લવજિહાદ અંગેનો કાયદો કેટલો સાર્થક...

પ્રેમ વ્યક્તિના જીવનની સૌથી પવિત્ર લાગણી છે, પરંતુ ઘણા લોકો પ્રેમના નામે આતંકનો પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે, યુવતીઓને ફસાવીને ધર્મ પરિવર્તન કરાવીને પોતાના કાળા મનસૂબા પાર પાડી રહ્યા છે. આ પ્રકારના ગોરખધંધા કરતા અને સમાજમાં ગંદગી ફેલાવતા લોકો સામે લવજિહાદનો કાયદો જરૂરી છે. તો જ સમાજમાં સભ્યતા અને શાંતિ જળવાઈ રહેશે.

પરેશ આચાર્ય, વડોદરા

લગ્નનું લાઇવ ટેલિકાસ્ટ...

કોરોના મહામારીએ લગ્નના આયોજનમાં ઘણાબધા ફેરફાર કરાવ્યા. ઘણુબધું સારું પરિવર્તન જોવા મળ્યું. જોકે, મને જે પરિવર્તન ગમ્યું એ છે લાઇવ ટેલિકાસ્ટનું. આમ તો લગ્નસમારંભમાં જઈએ એટલે બધાં સગાં-સ્નેહીજનો મળે, તૈયાર થવા મળે, આનંદ કરવા મળે, પણ હવે લાઇવ ટેલિકાસ્ટને કારણે આ બધું બંધ થઈ ગયું છે. તેમછતાં કોરોનાના સંદર્ભમાં લગ્નોના લાઇવ ટેલિકાસ્ટનો આઇડિયા ખરેખર મજાનો છે. એ આપણે પણ થોડીવાર લાઇવ થવાનું, લગ્ન માણવાનું અને પછી આપણે જે કામ કરવું હોય એ કરવાનું. બહારગામ લગ્ન હોય તો અગાઉથી તૈયારી કરીને જવાની કોઈ માથાકૂટ નહીં. શાંતિથી ઘરે રહીને પ્રસંગને માણવાનો.

પ્રવીણા સોની, રાજકોટ

કચ્છ પર સાંસ્કૃતિક આક્રમણની ભીતિ...

કચ્છમાં આકાશવાણીના ભુજ કેન્દ્રની સ્થાપનાનો ચિતાર પાંજો કચ્છ વિભાગમાં વાંચવા મળ્યો. આકાશવાણીએ ભુજ કેન્દ્રને ધબકતું રાખવું જોઈએ. મોટા ભાગે લોકોને આ વાત ધ્યાને નથી હોતી કે રેડિયો પણ લોકોના જીવન પર ઘણો મહત્ત્વનો પ્રભાવ પાડે છે. એવા સમયે આ તો આપણી સંસ્કૃતિની વાત હોઈ ખૂબ સરસ સ્ટોરી.

પ્રોફેસર મયૂર ગાંધી, વડગામ

વસિયતનામાની અગત્યતા...

વસિયતનામું કરવું ખૂબ જરૂરી છે. લોકોને એમ લાગે છે કે વિલ બનાવવાથી આપણે આપણા સંતાનો વચ્ચે ભેદભાવ ઊભો કરીએ છીએ. જોકે, વાસ્તવિકતા એ છે કે આપણી હયાતીમાં વસિયતનામું કરી દેવામાં આવે તો આપણે ભવિષ્યમાં સંતાનો વચ્ચે ઊભો થતો ખટરાગ આપણે ટાળી શકીએ છીએ. દરેક વ્યક્તિએ પોતાની હયાતીમાં જ પોતાનું વસિયતનામું બનાવી દેવું જોઈએ, જેથી ભવિષ્યમાં પરિવારમાં સુખ અને શાંતિ જળવાઈ રહે.

રસીલા પટેલ, મહેસાણા

નવી ક્ષિતિજ...

જીએસટીના અનુસંધાનમાં અભ્યાસક્રમની માહિતી આપવામાં આવી છે તે રસપ્રદ છે.

આકાંક્ષા ગોર, અમદાવાદ

Only Books Magazine

કોલકાતા કોલિંગ વાંચવાની મજા આવે છે. - કૌશિક દૂધરેચા, આણંદ

રસીકરણ કેન્દ્ર હસ્તક ફાળવણીની પારદર્શિતાનું શું?

Only Books Magazine

કોરોના સંક્રમણ સામેના જંગમાં ખાસ કરીને જ્યારથી રસીકરણ ઝુંબેશનો આરંભ થયો ત્યારથી જે નિમ્ન કક્ષાનું રાજકારણ ખેલાવાનું શરૂ થયું તેને માટે કેન્દ્ર અને રાજ્યોમાં આ શાસન કરતા તમામ પક્ષો જવાબદાર છે. ઝડપી અને આયોજનબધ્ધ રસીકરણ દ્વારા લોકોને મહામારીમાંથી બચાવવાની મહત્ત્વની વાત વિસરાઈ ગઈ અને ખોટા યશ મેળવવાની પ્રતિસ્પર્ધા વધી ગઈ. દેશના સમવાય તંત્રની દુહાઈ દઈને રસીકરણ કાર્યક્રમમાં રાજ્યોને મહત્ત્વની ભૂમિકા આપવાની માગણી થઈ. વેક્સિનની ફાળવણીમાં અન્યાય થઈ રહ્યો હોવાની ફરિયાદો ઊઠી અને તેમાં તથ્ય પણ જણાયું. આમ છતાં કેન્દ્ર સરકારે ફાળવણીનાં ધોરણો જાહેર કર્યા નહીં અને ફાળવણીની પ્રક્રિયાને સંદિગ્ધ રહેવા દેવાઈ. મામલો અદાલત સુધી પહોંચ્યો. આક્ષેપબાજીના દૌર પછી રાજ્યોની માગણી અનુસાર વેક્સિનની ૨૫ ટકા ખરીદીની જવાબદારી રાજ્યોને સોંપાઈ, પરંતુ ખરીદીની પ્રક્રિયા વ્યાવહારિક મુશ્કેલીનો અનુભવ થયા પછી કેટલાંક રાજ્યોએ ફરી ખરીદી કેન્દ્ર સરકાર સંભાળે એવો સૂર વ્યક્ત કર્યો. એ દરમિયાન ફાળવાયેલ વેક્સિનનો બગાડ અને રાજસ્થાનમાં વેક્સિનને કચરામાં ફેંકી દેવાની ઘટના તેમ જ પંજાબમાં વેક્સિન ખાનગી હૉસ્પિટલોને વેચી દેવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા અને આ બધા દરમિયાન વેક્સિનની અછત પણ અનુભવાતી રહી, યુવા વર્ગને વેક્સિન આપવાની છૂટ અપાઈ, પણ વેક્સિનના અભાવે તેના અમલમાં વિલંબ થયો. અનેક રાજ્યોમાં પ્રથમ ડોઝ લેનારા વરિષ્ઠ નાગરિકોને બીજો ડોઝ લેવામાં વિલંબ થવા લાગ્યો એટલે કેન્દ્ર સરકારે બે ડોઝ વચ્ચેના દિવસોનું અંતર વધારી દઈ પરિસ્થિતિને વણસતી અટકાવવાનો પ્રયાસ કર્યો. આ બધું લગભગ છેલ્લા એક દોઢ મહિનાથી ચાલી રહ્યું હતું અને આખું પરિદૃશ્ય એક પ્રકારે રસીકરણ કાર્યક્રમમાં અવ્યવસ્થા અને અરાજકતાનું ચિત્ર ખડું કરતું હતું. એ સંજોગોમાં સાતમી જૂનના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્ર જોગ સંબોધન દ્વારા કેન્દ્ર સરકાર વેક્સિનની ખરીદી અને તમામ લોકોને વિનામૂલ્યે રસી આપશે એવી જાહેરાત કરીને રસીકરણની સમગ્ર પ્રક્રિયા ફરી કેન્દ્ર હસ્તક લઈ લેવાની વાત કરીને તમામ વિવાદો પર પૂર્ણવિરામ મૂકવાનો પ્રયાસ કર્યો છે.

કેન્દ્રની જાહેરાતને એકંદરે સાર્વત્રિક આવકાર પણ મળ્યો છે. વેક્સિનની ખરીદીમાંથી રાજ્યોને છુટકારો મળ્યો છે. કેમ કે ફાઇઝર જેવી કેટલીક કંપનીઓ તો રાજ્ય સરકારો સાથે ડીલ કરવા જ તૈયાર ન હતી. ૨૧ જૂનથી અમલમાં આવનાર નવી વ્યવસ્થા અનુસાર હવે ૭૫ ટકા વેક્સિન કેન્દ્ર ખરીદશે અને ૨૫ ટકા હિસ્સો ખાનગી હૉસ્પિટલો ખરીદી શકશે. વેક્સિનની ખરીદી અને વિતરણની વ્યવસ્થા ફરી ગોઠવાઈ રહી છે ત્યારે રાજ્યોને વેક્સિનની ફાળવણીમાં પારદર્શિતાનો મામલો તો ઊભો જ છે. નવી ફાળવણીની વ્યવસ્થામાં કોઈ રાજ્યને અન્યાય ન થાય એ જોવાની સાથોસાથ કેન્દ્ર સરકારે ફાળવણીના ધોરણ પણ જાહેર કરવા જોઈએ જેથી સૌ જાણી શકે. અઢાર વર્ષથી ઉપરના તમામ લોકોને વિનામૂલ્યે રસી આપવાનો નિર્ણય રસીકરણની બાબતમાં ઊભી થયેલી વિસંગતતાઓને દૂર કરશે અને લોકોને રાહત આપશે. રાજકીય યશ લેવા માટે અત્યાર સુધી કેટલીક રાજ્ય સરકારોએ પણ આવી જાહેરાતો કરી હતી અને પછી કેન્દ્ર પાસેથી વિનામૂલ્યે રસીની માગણી કરી હતી. વડાપ્રધાનની જાહેરાત પછી હવે રાજ્યોમાં રસી આપવાની વ્યવસ્થા તો રાજ્યોના સહકારથી જ ગોઠવવી પડશે. આ બાબતમાં કેન્દ્ર-રાજ્યો વચ્ચે શ્રેષ્ઠ સંકલન ગોઠવાય એ અપેક્ષિત છે. વેક્સિનના બગાડની સ્થિતિ નિવારવી અનિવાર્ય છે. કેમ કે એક રસી એક વ્યક્તિના જીવન માટે અતિ મૂલ્યવાન હોય છે. વેક્સિનના બગાડના આંકડાઓ ચોંકાવી મુકે તેવા છે અને એ આપણા અણઘડ તંત્રની ચાડી ખાય છે. એ જ રીતે વેક્સિન લેવા માટે રજિસ્ટ્રેશનની વ્યવસ્થા સામે પણ વ્યાપક ફરિયાદો છે. તેના નિવારણ માટે કેન્દ્ર સરકાર શું ઉપાય સૂચવે છે એ જોવાનું રહે છે. રસીકરણ માટે ગ્રામ્ય વિસ્તારોને પણ આવરી લેવાનો તબક્કો આવી ગયો છે ત્યારે રજિસ્ટ્રેશન ફરજિયાત નહીં રાખવાના સૂચન થઈ રહ્યા છે. ઓનલાઇન રજિસ્ટ્રેશનની મર્યાદાઓ સ્વીકારવી જોઈએ અને વેક્સિન કેન્દ્રમાં વેક્સિન આપવાના સમયે જ જે-તે વ્યક્તિનું રજિસ્ટ્રેશન કરવું જોઈએ. મહત્ત્વની વાત વેક્સિનની ઉપલબ્ધતાની પણ છે. કેન્દ્ર સરકાર આ બાબતમાં દેશને કેવી રીતે આશ્વસ્ત કરે છે એ જોવાનું રહેશે. વેક્સિનેશનના મામલે આપણે જાતે જ પીઠ થાબડવાની ઉતાવળ ન કરતાં સૌ પ્રથમ વ્યવસ્થાતંત્ર ચુસ્ત-દુરસ્ત રીતે ગોઠવાય તેને અગ્રતા અપાવી જોઈએ. અન્યથા દિવાળી સુધી એંસી કરોડ લોકોને વિનામૂલ્યે અનાજ આપવાની વાત પણ કોરોના મહામારી કાળમાં સરકારની એક અનિવાર્ય ફરજ રૂપે જ લઈ શકાય. રોજીના સાધન-સ્ત્રોત છીનવાઈ ગયાની સ્થિતિમાં સરકાર દરકાર નહીં કરે તો કોણ કરશે..? ■

તામિલનાડુના આખાબોલા નાણાપ્રધાન

તામિલનાડુના નવા નાણાપ્રધાન પલાનિવેલ ત્યાગરાજન અસાધારણ યોગ્યતા ધરાવતા હોવાને કારણે બીજાથી અલગ તરી આવે છે. પીટીઆરના ટૂંકા નામે ઓળખાતા ત્યાગરાજને વીસ વર્ષ વિદેશમાં ગાળ્યા છે. તેમણે અમેરિકાની એમઆઈટી સ્લોન સ્કૂલ ઓફ મૅનેજમૅન્ટમાં એમબીએનો અભ્યાસ કર્યો છે અને આંતરરાષ્ટ્રીય રોકાણ નિગમો અને બેંકો માટે કામ કર્યું છે, પરંતુ તેમણે બોલવામાં કાળજી રાખવાની જરૂર છે એવી ટકોર થાય છે. હમણા તેમણે બોલવામાં

છબરડો વાળીને શાસનને મૂંઝવણમાં મુકી દીધું હતું. તેમણે એવું કહ્યું હતું કે, યોગગુરુ જગ્ગી વાસુદેવ પ્રસિદ્ધિના ભૂખ્યા છે. આટલેથી ન અટકતાં તેમણે એક ઓડિટ રિપોર્ટનો ઉલ્લેખ કરીને એવું દર્શાવ્યું હતું કે સદ્‌ગુરુના ફાઉન્ડેશને જંગલની જમીન પચાવી પાડી છે. મજાની વાત એ છે કે મુખ્યપ્રધાન એમ.કે. સ્ટાલિનના પિતા દિવંગત એમ. કરુણાનિધિને જગ્ગી વાસુદેવ સાથે સારા સંબંધો રહ્યા છે. પીટીઆરને તાજેતરમાં ગોવાના પરિવહન મંત્રી મૌવિન ગોડીન્હો સાથે જીભાજોડી થઈ ગઈ હતી. જીએસટી કાઉન્સિલની બેઠકમાં ગોડીન્હો બોલી રહ્યા હતા ત્યારે વચ્ચે દખલ કરીને ગોડીન્હોને તેમનું ભાષણ અવરોધવાનો પ્રયાસ કરતાં એવી દલીલ કરી હતી કે ગોવા જેવા નાના રાજ્યને તામિલનાડુ જેટલું મહત્ત્વ આપવું ન જોઈએ. તેમણે ગોડીન્હો પ્રત્યે 'ખાલી ઘડો વાગે ઘણો' એવો ઉપાલંભ પણ કર્યો હતો. ■

પશ્ચિમ બંગાળનો હવાલો સ્મૃતિ ઈરાનીને સોંપાશે?

ભાજપમાં પશ્ચિમ બંગાળનો હવાલો સંભાળતા કૈલાશ વિજયવર્ગીયના સ્થાને હવે આ કામગીરી કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીને સોંપવામાં આવનાર છે. સ્મૃતિ ઈરાનીએ અનેક વખતે તેમને સોંપવામાં આવેલી કામગીરીમાં પોતાની ક્ષમતા પુરવાર કરી છે. તેઓ એક સારા વક્તા તો છે જ. પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી પ્રચાર ઝુંબેશ સમયે તેમણે સભાઓ અને રેલીઓમાં બંગાળી ભાષામાં ધારાવાહી ભાષણો કરીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા. તેમનાં માતા બંગાળી હોવાને કારણે સ્મૃતિ ઈરાની સારું બંગાળી બોલી શકે છે. પશ્ચિમ બંગાળની ચૂંટણીનાં પરિણામો અપેક્ષાથી વિપરીત આવ્યાં પછી પ્રચાર માટે બંગાળ ગયેલા ભાજપ અગ્રણીઓ હવે ટ્વિટમાં બંગાળનો ઉલ્લેખ કરવાનું ટાળે છે. એમાં એક માત્ર અપવાદ પ્રવાસન મંત્રી પ્રહલાદસિંહ પટેલનો છે. તેમને ઉત્તર બંગાળની ૪૨ બેઠકોની જવાબદારી સોંપવામાં આવી હતી. તેમાંથી ૨૫ બેઠકો ભાજપને મળી છે. એથી પ્રહલાદસિંહ વિનાસંકોચે બંગાળનો ઉલ્લેખ કરે છે. પશ્ચિમ બંગાળનો હવાલો સ્મૃતિ ઈરાનીને સોંપવાની વિચારણાનું એક કારણ એ પણ હોઈ શકે કે રાજ્યમાં મમતા બેનરજીને એવા જ જુસ્સાથી પડકાર આપવાની ક્ષમતા કૈલાશ વિજયવર્ગીય કરતાં સ્મૃતિ ઈરાનીમાં વધુ પ્રબળ માત્રામાં છે. ■

Only Books Magazine

એસ. જયશંકર અમેરિકામાં કમલા હેરિસને પણ મળ્યા હતા

વિદેશપ્રધાન એસ. જયશંકર તાજેતરમાં અમેરિકાની ત્રણ દિવસની મુલાકાતે જઈ આવ્યા. જો બાઇડેન અમેરિકાના પ્રમુખ બન્યા પછી કોઈ વરિષ્ઠ ભારતીય અધિકારીની આ પ્રથમ અમેરિકા મુલાકાત હતી. વોશિંગ્ટનમાંના તેમના રોકાણ દરમિયાન તેઓ સંરક્ષણ પ્રધાનથી માંડીને ગૃહપ્રધાન અને નેશનલ ઈન્ટેલિજન્સના ડિરેક્ટર સુધીના કેટલાક મહત્ત્વના અમેરિકી અધિકારીઓને મળ્યા, પરંતુ આ બધામાં બે મહત્ત્વના પ્રવાસી ભારતીયો સાથેની તેમની મુલાકાતનો સમાવેશ તેમની પ્રવાસનોંધમાં કરાયો નથી. એ બે અગ્રણીઓ અમેરિકાના નવા વહીવટી તંત્રમાં ભારે વગ ધરાવે છે. એથી જયશંકરની તેમની સાથેની મુલાકાત મહત્ત્વની પણ ગણાય. તેમાંના એક છે અમેરિકાનાં ઉપપ્રમુખ કમલા હેરિસ અને બીજા છે ડેમોક્રેટિક મહિલા અગ્રણી પ્રમિલા જયપાલ. ભારતીય પક્ષે

તેમની ઍપૉઇન્ટમૅન્ટ મેળવી હતી કે કેમ એ સ્પષ્ટ નથી, પરંતુ આ બંને સાથેની મુલાકાતને એ સંદર્ભમાં જોવામાં આવે છે કે કમલા હેરિસનાં ભત્રીજીએ ભારત સરકારના નવા કૃષિ કાનૂનો વિરુદ્ધ ટ્વિટ કર્યું હતું અને પ્રમિલા જયપાલે ૨૦૧૯માં અમેરિકન કોંગ્રેસમાં એક ઠરાવ રજૂ કરીને ભારત સરકારને એવો અનુરોધ કર્યો હતો કે કાશ્મીરમાં ૩૭૦ કલમની નાબૂદીના વિરોધમાં દેખાવો સામે સૈન્યનો ઉપયોગ કરવામાં ન આવે. ■

કેપિટાલિઝમ પિટાશે કે ટિપાશે?

જો લોકોનું લોકો માટેનું લોકો વડે ચાલતું અર્થતંત્ર હોય તો
સારું કોરોના પછી સાચું દુનિયાનું આપણુ અર્થતંત્ર હોય તો

આદમ મનુષ્યના જીવન પર ભારે અસર કરી ગયો છે. ઈવ સાથેનો એ પહેલો આદમ નહીં, લગભગ ત્રણ સદી અગાઉ જૂનમાં જન્મેલા અંગ્રેજ આદમ સ્મિથ હજુ આપણા શરીર વડે જીવે છે. ૧૭૭૬ની નવમી માર્ચે આદમ સ્મિથે 'એન ઈન્ક્વાયરી ઈનટુ ધી નેચર એન્ડ કોઝિઝ ઓફ ધી વેલ્થ ઓફ નેશન્સ' નામક સિદ્ધાંત પ્રસિદ્ધ કરેલો. ચોકસી શબ્દ જેના પરથી આવ્યો છે એ ચોકસાઈથી જોઈએ તો અમેરિકાને પોતાનું માનનારા ગોરાઓએ પોતાને અમેરિકા બહાર બ્રિટનમાંથી ગુલામ રાખનાર ગોરાઓ સામે ૧૭૭૫માં આઝાદીની લડાઈ શરૂ કરેલી જેમાં એ જીત્યા હતા. ઈતિહાસે ભાલા 'ને તલવારથી બંદૂક 'ને બૉમ તરફ પડખું ફરેલું. જેમ્સ હારગ્રિવ્ઝે સ્પિનિંગ જેનીની શોધ કરેલી, એ ૧૭૬૪ની સાલમાં ૨૨-૨૩ ઑક્ટોબરના રોજ આપણે ત્યાં બક્સરનું યુદ્ધ થયેલું, જેમાં અંગ્રેજોની ઈસ્ટ ઈન્ડિયા કંપની જીતેલી. ત્યાં ૧૭૪૭માં પ્લાસીના યુદ્ધ વખતે બમણુ વણાટકામ કરતાં ફ્લાઈંગ શટલની પેટન્ટ થયેલી. જેમ્સ વોટના વરાળ યંત્ર સાથે યુરોપ તેમ જ અમેરિકામાં ઔદ્યોગિક ક્રાંતિ જામી પડેલી.

આદમ સ્મિથે 'ઔદ્યોગિક મૂડીવાદ' જાહેર કર્યો 'ને વિવિધ ક્ષેત્રમાં વિવિધ સ્તર પર સત્તામાં રહેલા સૌ ગોરાઓએ વધાવી લીધો. એ પછી આદમને કે તેને ટેકો આપનાર કોઈ કવિ કે તર્કશાસ્ત્રીને કલ્પના નહોતી એટલું ધન ઔદ્યોગિક મૂડીવાદ વડે એકઠું થયું. મૂડીવાદ વડે કેવળ ઉદ્યોગોને જ વેગ મળેલો એવું નહોતું, ખેતી પણ અવનવા જોમથી દોડતી થયેલી. મૂડીવાદ ઉર્ફે ધનવાદના એ ચક્કરમાં ધીરેધીરે, પણ લોખંડી રીતે રાષ્ટ્ર નામની નક્કર સત્તાનું જોર સમાજ નામના અધૂરા સંસ્થાન પર વધ્યું. દારુણ ગરીબી ઘટી. દર મહિને નોંધપાત્ર સંખ્યામાં વધુ લોકો સુખી થવા માંડ્યા. સામાન્ય એવમ રોજિંદા જીવનનું સ્તર ઊંચું આવ્યું. સગવડમાં વધારો થયો. માણસોની સુખની વ્યાખ્યા દૈવી ગતિએ બદલાવા માંડી. અંતે માનવી ચંદ્ર પર પહોંચ્યો. સામ્યવાદ આવ્યો 'ને વિશ્વ વિભાજિત થયું. હિંસાનાં નવાં સ્વરૂપ જન્મ્યાં. બે વિશ્વ યુદ્ધ થયાં. ઈન્ટરનેટ 'ને સેટેલાઈટ ટીવી આવ્યા. આતંકવાદ આવ્યો 'ને મોટો થઈને રહી પડ્યો.

બ્લેક એન્ડ વ્હાઈટના એ જમાનાથી મની ઈઝ એ ન્યૂ ગોડ માનવાનું શરૂ થયેલું. પછી અમુક માણસો માટે પૈસો એટલે ઈશ્વર થયું 'ને ઘણા માટે પૈસો હોય ત્યાં જ માણસાઈ કહેવાય એ. અંતે મની ઈઝ ધ ઓન્લી એન્ડ ફાઈનલ ગોડ એન્ડ હ્યુમેનિટી થઈ ગયું. અપવાદ છે 'ને એ સાથે દંભ કે છેતરપિંડી પણ છે. ટૂંકા સમયમાં વધુ પૈસા બનાવવા જતાં એક વ્યક્તિ 'ને એક કંપની સમાજ, દેશ 'ને કુદરતને ઘણુ નુકસાન કરી શકે છે એ હવે ઘણા બધાને થોડું કે વધારે દેખાઈ શકે છે. કોવિડ-૧૯ આવ્યો 'ને લૉકડાઉન આવ્યું એમાં મની-ગોડ પાછળનું ઘણુ છુપાવનારા બધું છુપાવી શક્યા નથી. માણસની કરતૂત માણસે આંખ ખોલીને જોવી જ પડી. અમુક મુદ્દે શાહમૃગ બનવાનું થોડો વખત બાજુમાં મૂકવું પડ્યું. આસપાસ હવામાં પંખીઓ, પાણીમાં માછલી 'ને દૂર હિમાલયના પર્વતો સ્પષ્ટ દેખાવા માંડ્યા. ઓછા કામ, વસ્તુ તેમ જ ઓછા પૈસા 'ને સંબંધથી અમુક સમય તો જીવી જ શકાય છે એ સાબિત થયું. મૂડીવાદ દ્વારા ઘણે અંશે મનોરંજન 'ને કામકાજનું પ્રેશર ખોટું 'ને ખરાબ ઊભું કરવામાં આવ્યું છે એ અંદરથી ઘણાને સમજાયું.

રાજકીય મગજમારી 'ને ઊથલપાથલ ચાલી 'ને હજુ વધારે ચાલશે. અમુક લોકો માટે આ વિકટ અંતરાલ ખાસ તક 'ને મોકો છે. દરેક દેશમાં સરકાર 'ને વહીવટી પાંખ પરત્વે ઘણાને અણગમો વધ્યો. કકરાટ 'ને કઢાપામાં જીવન પૂરું કરતો મધ્યમ વર્ગ 'ને કાયમ કચડાયેલો રહેતો ગરીબ વર્ગ જ્યારે ભાગદોડમાં જકડાયેલો રહેતો ત્યારે માલેતુજાર આદમોના કળિયુગી કારનામા પરત્વે આંખ આડા કાન કરતો, પરંતુ કોરોના વાસ્તવિકતામાં ઘસડી ગયો 'ને ધનવાનોની ધનાધનને અવગણ્યા વગર મનોમન જોવાની સ્પેસ આપી. ૨૦૨૦માં એડલમેન નામની પેઢી દ્વારા સરવે કરવામાં આવેલો કે આપનું મૂડીવાદ વિષે શું કહેવું છે? ૫૭ ટકા લોકોએ કીધું કે હાલમાં જે મૂડીવાદ છે, તે દુનિયાને ફાયદો કરે છે, તેના કરતાં નુકસાન વધુ કરે છે. ઘણા ઘરડા કહેશે કે આ પ્રત્યાઘાતમાં નવું કશું નથી. વર્ષોનાં વર્ષોથી ઘણાએ અનુભવ્યું છે કે પશ્ચિમી મૂડીવાદે ઘણી હાનિ પહોંચાડી છે. આપણે ત્યાં અભણ ગામડિયો બોલે છે કે પૈસો પૈસાને ખેંચે. એટલે કે પૈસાવાળો વધુ પૈસાવાળો થાય.

કેટલાય માણસો વિચારવા લાગ્યા છે કે શું મૂડીવાદના દિવસો ભરાઈ ગયા છે? શું મૂડીવાદ જેટલું સારું આપી શકે તેમ હતો એટલું બધું આપીને હવે નિચોવાઈ ગયો છે? શું મૂડીવાદમાં પરિવર્તનની જરૂર છે? તરત જ સારા 'ને સાચા માણસોને સવાલ થઈ શકે છે કે તો શું સામ્યવાદ સારો? બેશક સીધું એવું જ વિચારવા જેવું નથી. કેમ કે એવી સ્થિતિ નથી આવી. મૂડીવાદનો એમ કે તેમ નજીકમાં અંત નથી આવવાનો. અબજો અબજો અબજો રૂપિયાની બંદૂકો 'ને લોન બજારમાં જીવતી વિહરે છે. બીજી બાજુ સમાજવાદ શબ્દને મૂડીવાદી વિશ્વએ ઘણા વર્ષોથી ચાહ્યો છે. ઘણા મૂડીવાદી અર્થતંત્રએ સમાજવાદના ઘણા પાસાં અમલમાં મૂકી જોયેલાં છે. કોઈ પણ જૂથનું અર્થશાસ્ત્ર કહો કે કોઈ પણ લેબલ વગરનું અર્થશાસ્ત્ર, જેની પાસે અર્થશાસ્ત્ર 'ને અર્થતંત્ર નચાવવાની તાકાત છે તેમની કહાની ક્લાસ એ પાર્ટ છે. કે પછી ક્લાસ એ ટોટલ છે. હા, એવું ખરું કે પેઢીઓ સુધી કોઈ અડી ના શકે એવો અડિંગો જમાવીને બેઠેલા અમુક મૂડીવાદીઓને વર્તમાન મૂડીવાદમાં બદલાવ લાવીને ઉદારમતવાદના નામે જે નવા પ્રકારનો સામ્યવાદ ચાલ્યો છે તેને કાયમ માટે જમાવવામાં રસ છે.

૧૮૫૭માં આપણે ત્યાં અંગ્રેજો સામે પહેલો વિપ્લવ થયેલો એવું ઇતિહાસકારો કહે છે. એ પહેલાં ૧૮૫૧માં આખી દુનિયાએ જોયેલું કે લંડનમાં અંગ્રેજોએ 'ગ્રેટ એક્ઝિબિશન ઓફ ધી વર્ક્સ ઓફ ઇન્ડસ્ટ્રી ઓફ ઓલ નેશન્સ' યોજેલું. પશ્ચિમના દેશોમાં મૂડીવાદનાં મૂળિયાં ઘણા જૂનાં 'ને જડ જેવાં છે. મૂડીવાદ ત્યાંના માણસોના જનીનમાં ઘૂસી ગયેલો છે. ત્યાં પેઢીઓથી જીવનનાં પ્રત્યેક પાસાંનું પ્રોગ્રામિંગ મૂડીવાદના હાથમાં છે. ૨૦૧૬માં 'રિથિન્કિંગ કેપિટાલિઝમ' પુસ્તક લખનાર માઇકલ જેકોબ્સ 'ને મારિઆના માઝુકેટો માને છે કે પશ્ચિમનો મૂડીવાદ એ હદે નિષ્ફળ નહીં જ જાય કે જ્યાંથી પાછા ના વળી શકાય, જરૂર છે તેના પર ફરીથી વિચાર કરવાની. અહીં આપણે એ સમજવાનું છે કે એ 'ને એવા ઢગલો પુસ્તકમાં બિનપશ્ચિમી મૂડીવાદને અલગથી એટલું મહત્ત્વ નથી આપવામાં આવતું. વળી, પશ્ચિમી મૂડીવાદમાં શું બદલાવ લાવવા એ અંગે વિચાર કોણ કરશે? તો અમુક 'ને તમુક લોકો જ જેમાં આદિ 'ને અંતમાં પશ્ચિમી લોકો જ હોય.

મૂડીવાદમાં હવે પરિવર્તન કરવું જોઈએ એ વિષયના વિશ્લેષણમાં વિચિત્ર કે વિકૃત કહેવાય એવી એક બાબત જોઈ શકાય છે. મૂડીવાદ આવ્યો 'ને આગળ વધ્યો તેના લીધે લોકોને શું લાભ થયેલા? મૂડીવાદ પહેલા રાજા, ઉમરાવ, જમીનદાર, ગર્ભશ્રીમંત વગેરે પ્રકારની તાકાતને લીધે ઘણુ દુઃખ જન્મ્યું હતું 'ને પછી લોકોને સુખ મળ્યું. ગરીબી ઘટી એ સાથે અસમાનતા ઘટી. શાંતિ 'ને સુરક્ષામાં ઉમેરો થયો. વ્યક્તિગત 'ને આર્થિક સ્વતંત્રતા વધી. આવા કે તેવા પોઝિટિવ પોઇન્ટ્સ ગણાવવાનું ચાલે ત્યારે વિશેષ મહેનતથી ધ્યાન રાખવું કે મૂડીવાદને માથે ચઢાવનાર જે-તે સમયે જે કશું પણ ગમતું કે સારું થયેલું એનો શ્રેય મૂડીવાદને પહેરાવી શકે છે. આજે હવે મૂડીવાદના માઇનસ પોઇન્ટ્સ ગણાવનાર ગોરા પશ્ચિમી મહાનુભાવો એ જ દલીલ મૂડીવાદના વિરોધમાં કરે છે. મૂડીવાદને લીધે ગરીબી વધી 'ને અસમાનતા વધી. સુરક્ષા ઘટી 'ને સ્વતંત્રતા ઘટી વગેરે. જો પક્ષ લીધા વગર 'ને પોતાનો પર્સનલ પ્રોફિટ વિચાર્યા વગર બંને બાજુ પર ધ્યાનથી ચયન કરો તો બંને બાજુ ખરી લાગે.

બે-પાંચ ટકા અતિડૉલરદાર 'ને બાકીની તમામ પ્રજા વચ્ચે એક મોટી ખાઈ પડી ગઈ છે. એ ખાઈ અંગે ઊંડાણથી વિચાર કરવો હોય તો સૌથી ટૉપના એક ટકા 'ને સૌથી નીચેના ગરીબો વચ્ચેનું અંતર વિચારી શકાય. આજના એકવીસમી સદીના પશ્ચિમ બંગાળમાં

મૂડીવાદને લીધે ગરીબી વધી 'ને અસમાનતા વધી. સુરક્ષા ઘટી 'ને સ્વતંત્રતા ઘટી વગેરે. જો પક્ષ લીધા વગર બંને બાજુ પર ધ્યાનથી ચયન કરો તો બંને બાજુ ખરી લાગે

તમે દસ દિવસ રહો 'ને ગામડાથી લઈને કોલકાતાના ભદ્ર વિસ્તારમાં અવલોકન 'ને અનુભવ કરો તો તમને તરત સમજાઈ જાય કે એ અંતર વર્ષોના સામ્યવાદી શાસનમાં અત્યંત ભીષણ બન્યું છે. ભલે ક્યુબા, વિયેતનામ 'ને રૂમાનિયાની કાળી કરપીણ જાણકારી જવા દઈએ, મૉડર્ન ચીનના ગરીબ મજૂરની રાજકીય બાબત અંગેની માનસિક સ્વતંત્રતા જાણીએ તો આપણા સ્થાનિક ભિખારીની માનસિક તંદુરસ્તી ઘણી સારી લાગે. રશિયાની જનરલ સ્ત્રીઓએ વિશ્વભરમાં વેશ્યા તરીકે કેમ નામ કાઢવું પડ્યું એ સમજીએ તોય ઘણુ સમજાય. અગણિત ડૉલર્સ અત્યાર સુધીમાં અર્થશાસ્ત્રના એવા સંશોધન માટે ખર્ચાયા છે કે જેમાં આર્થિક અસમાનતાની ચિંતા કરી હોય 'ને સમાનતા લાવવાની થિયરિઝ ચર્ચાઈ હોય. સામ્યવાદ કે લેફ્ટીઝમનો શબ્દવિલાસ કેટલીય પેઢી બરબાદ કરી ચૂક્યો છે.

અર્થશાસ્ત્રના ચિંતકો કેવળ એમને પૈસા મળે છે, નામ કે સત્તા મળે છે એટલે હવે મૂડીવાદના ભવિષ્ય અંગે ચિંતા કરે છે એવું એકલું કારણ નથી. હવે લોકોની બૂમાબૂમ વધી છે એ મોટું કારણ છે. સોશિયલ મીડિયા મોટી તાકાત બન્યું છે. બીજું મહત્ત્વનું પરિબળ છે, કોવિડ-૧૯ જે આ ૨૧માં પણ મજબૂતાઈથી ચાલે છે ત્યારે ૨૨ કે ૨૩માં અર્થકારણમાં કેવી રીતે તેજી લાવવી એ પડકારરૂપ બાબત છે. ચિંતકો ચિંતન કરે છે કે એવી તેજી કેવી રીતે આવે જેમાં આગળનું અર્થકારણ અમુકતમુક વ્યક્તિગત હસ્તી 'ને હ્યુજ સંસ્થાનોનું હિત લગીર ના જોખમાય. નિઃસંદેહ વર્લ્ડના ટોચના એક ટકામાં દાખલ થવા તત્પર 'ને તૈયાર એવા વ્યક્તિઓ 'ને સાથેની કંપની કે સંસ્થાન પણ પોતાનામાં અનન્ય ઉમેરો થાય 'ને વિરોધીઓમાં કપાત થાય એ માટે અત્યારથી કાર્યરત થયા જ હોય. સત્તા પર હવે કોણ આવે તો પ્રોફિટ થાય 'ને નવા ક્યા કાયદા બને તો દસ વીસ વર્ષમાં શું અસર પડે તેના આંકડા એ ડૉલરકાન્ત જીવો જાણવા બેસી ગયા હશે. ચીન એક મુખ્ય સત્તા થઈ ચૂક્યું છે 'ને બીજી બાજુ ગલ્ફમાં ઈરાન 'ને તુર્કી છે તો આ તરફ

ભારત છે, એવા ડઝનબંધી સમીકરણ પર શાસ્ત્ર મંડાઈ ચૂક્યા હશે.

બસ, ટેક્સ ભરતા આમ લોકોનો ભ્રમ ચાલુ રહેવો જોઈએ કે તેમની આવતી કાલ સારી હશે. જે કાયમનું ફળ આજે ના મળે એ કામ ભવિષ્યમાં મોટું ફળ આપશે એમ કહીને આર્થિક નીતિઓ વર્ષોથી આમ ઈન્સાનને ઉલ્લુ બનાવે છે. અમુક પગલાં વિષે એવું પરિસૂત્ર ગોખાવવામાં આવે છે કે આ કામનો ફાયદો વર્તમાન પેઢીને નહીં મળે, પરંતુ આવનારી પેઢીને મળશે. વર્તમાન પેઢી ભવિષ્યમાં પણ ફરિયાદ ના કરી શકે ત્યારે જે-તે કામના ફળની શરૂઆત થશે. જેમાં લોકોનો ખર્ચો ના વધે 'ને આવક ના ઘટે એવા સ્પષ્ટ આર્થિક પગલાં કેમ ના આવે? મૉલમાં 'ને સુપરસ્ટોરમાં ફરતા ઘરાક સામે ચોઈસ હોય છે કે ઓપ્શન્સ હોય છે. કરદાતાને કોઈ નથી પૂછતું કે તારે પેટ્રોલનો ભાવ ઘટે એવું જોઈએ છે કે વિશ્વ કક્ષાનું રમતગમતનું સંકુલ? આપણા કરદાતા કેવા છે એ જાતને પૂછવા જેવું છે. લાખો કરદાતાએ તાજમહેલ મોબાઈલમાં જ જોયો છે, છતાં તાજમહેલની ચર્ચા નીકળે તો મારામારી પર આવી જઈ શકે.

કોરોના કાળમાં મેડિકલ ક્ષેત્રમાં અબજો અબજો ડૉલર્સ ઉમેરાયા હોય એવામાં આતંકવાદી હુમલા 'ને યુદ્ધ પર જેમની રઈસી નભે છે એ શસ્ત્રના ધંધાવાળા સેન્ટિમેન્ટલ થઈને સાયન્ટિફિક તમાશો જોયા જ કરશે એવું લાંબો સમય ના બને. ઈન્સ્યૉરન્સ સેક્ટર અનેકો ડૉલર્સ મેડિકલ બિલ્સમાં ચૂકવશે તો વધુ નવા ડૉલર્સ કમાવા માટે એ પોતાની નવી નીતિ અમલમાં મૂકવા કમર કસીને બેઠું હશે. એક વર્ષથી સ્કૂલ-કૉલેજ ફીમાં વધારો નથી કરી શક્યા કે મલાઈ કમાઈ આપે એવી ફી નથી ઉઘરાવી શક્યા. અમુક બિઝનેસ એવા છે જે લોકો કોઈ પણ સંજોગોમાં ચલાવે 'ને ચલાવશે જ. બેટરી, અનાજ, ચશ્મા, પેન, કાગળ જેવી હજારો પ્રોડક્ટ છે જે ફરજિયાત પ્રકારની કહી શકાય. બીજી તરફ શસ્ત્ર 'ને શાસ્ત્ર સિવાય પણ અમુક બિઝનેસ છે જે ઉપરથી ઠોકી શકાય છે 'ને ઠોકાય જ છે. બચત એટલે શું? સોચો સોચો સોચો. તમે જો પૈસા બચાવશો તો રૂપિયાવાળા થવું હોય કે વધુ રૂપિયાવાળા થવું હોય એ પૈસા ક્યાંથી લાવશે?

માણસ બીજાને ઓછી બુદ્ધિનો ગણ્યા કરે, ગણાવ્યા કરે 'ને આકસ્મિક વળાંક એવો આવે કે એ બીજો ખરેખર બુદ્ધિવાન સાબિત થાય. ત્યારે બદમાશ એવમ સ્માર્ટ માણસ એ બુદ્ધિવાન સાબિત થયેલાને ખરાબ માણસ ગણવાનું 'ને ગણાવવાનું શરૂ કરે. સ્વપ્ન એક એવી દુનિયા છે જે સાકાર થાય એ પછી જ તેના લાભ 'ને ગેરલાભ જણાય. ફિલિંગ્સ 'ને ઈમોશન્સ મહત્ત્વની ચીજ છે, પણ એક્સપિરિયન્સ યાને અનુભવ એથી મહત્ત્વની ચીજ છે. શું તમારી અનુભૂતિ તમે જાણો છો? ઓળખો છો? સમજો છો? અંગ્રેજીમાં વાઇઝ કહેવાય એ વ્યક્તિ ઈન્ટેલિજન્ટ 'ને લર્નેડ કહેવાય એ માણસો

ચીન દિવસરાત તમામ સરહદ કોસ કરીને રાક્ષસી મહેનત કરી જ રહ્યું છે. શું આપણા દેશનાં સંસ્થાનો પોતાની આગવી રીતે ભવિષ્યના અર્થતંત્ર માટે પોતાનું કશું વિચારી રહ્યા છે?

કરતાં ઘણી રીતે ચઢી જાય છે. ઇકોનોમિક્સ 'ને ઇકોનોમિક પોલિસીઝ પર જેનો કંટ્રોલ છે એ સત્તાઓ સર્વે કસ્ટમર સાથે આવા મૂળભૂત મુદ્દાઓ ધ્યાનમાં રાખીને રમત કરતાં રહે છે. એક જાતક માથું અથડાવાથી બેભાન થાય છે, બીજો કોઈની ફેંટ ખાઈને, ત્રીજો અમુક ડ્રગ્સનું સેવન કરીને, ચોથો ડૉક્ટર ઓફિશિયલી એનેસ્થેસિયા આપે છે એટલે. પાંચમા છઠ્ઠા સાતમા એમ જાતકો ઘણા હોય છે. કર્મનું ટાર્ગેટ જાતકનું ભાન જતું રહે એવું હોય તો કર્મ કોઈ પણ સાધન વાપરી શકે છે.

પોસ્ટ-કોરોના પિરિયડમાં મૂડીવાદ શું કરશે એ અંગે પ્લાનિંગ કરનારા કરી જ રહ્યા છે. વર્લ્ડ બેન્ક 'ને ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ જેવી ઘણી સંસ્થા ધીરેથી બૅકગ્રાઉન્ડમાં અમુક સૂર બજાવશે 'ને પડદા પર મોટેથી અમુક તાલ અર્પણ કરશે. ચીન તો દિવસરાત તમામ સરહદ ક્રોસ કરીને રાક્ષસી મહેનત કરી જ રહ્યું છે. અમેરિકામાં બહુ મોટો વર્ગ જે ઘણો શક્તિશાળી છે, તે ચીનના અન્નજળ પર નભતો હોય તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. શું આપણા દેશનાં સંસ્થાનો પોતાની આગવી રીતે ભવિષ્યના અર્થતંત્ર માટે પોતાનું કશું વિચારી રહ્યા છે? આત્મનિર્ભર થવું અત્યંત મહત્ત્વનો મુદ્દો 'ને મિશન છે, એમાં કોઈ શક નથી, પણ આપણા વેપારીઓ 'ને ઉત્પાદકો એ હાકલનું હાર્દ ઝીલીને શું કરી રહ્યા છે? કોરોનામાં ઘણાનો કામધંધો બગડ્યો છે તો સરકાર પાસે પેકેજ માગે છે 'ને લોકો પાસેથી વધારે પૈસા. એવામાં ભારતની અંદરનો પૈસો અંદર ભટક્યા કરે એવું પણ નહીં થાય. કેમ કે લોકોને ખ્યારી લાગતી બહારની કંપનીઓ આપણો પૈસો બહાર એમને ત્યાં લઈ જશે. શું આપણે અન્ય દેશનું ધન કમાઈને આપણે ત્યાં લાવવા કટિબદ્ધ છીએ?

આશરે એક દાયકાથી કેપિટાલિઝમ ૨.૦ વિષે ગુસપુસ કે ગપસપ થયાં કરે છે. પાણીથી કાર ચાલશે એવા સંશોધનાત્મક લેખ પચાસ વર્ષ અગાઉ આવતા હતા. અન્ય ગ્રહ પરથી એલિયન્સ પૃથ્વી પર આક્રમણ કરી આપણને નુકસાન કરશે એવા ખ્યાલ સો વર્ષથી વધુ જૂના હશે. અધિકૃત છપાયેલાં પુસ્તકોમાં આપણે એવું ઘણુ ભણ્યા છીએ જે કોઈના કશા કામમાં આવ્યું નથી 'ને શાયદ આવવાનું પણ નથી. રિચ લોકોને બરાબર ભાન છે કે સામાન્ય જન દર મહિને આવક વધારવા માગે છે 'ને તેનું કારણ એ માસિક ખર્ચ ઘટાડવા માગે છે 'ને માસિક બચત વધારવા માગે છે. તમામ દેશની સરકારો પણ આ જાણે છે. ઘર ના હોય તેમને ઘરની જરૂરિયાત હોય છે એટલે ખરીદવું હોય છે. કરોડો લોકો સમયસર પેટ ભરાય તેવું વત્તા પોષણ આપે એવું ખાવાનું ખાવા ઇચ્છે છે. પીવાનું પાણી, ઢાંકવાનાં કપડાં 'ને દવાઓ. દર વર્ષે જે સાચું દાન થાય છે 'ને યોગ્ય સ્થાને પહોંચે છે એ જો બંધ થઈ જાય તો?

મૂળભૂત મૂલ્યો પર પાછા વળવું જોઈએ. જૂના સમયે જે પાયાની ચીજ 'ને બાબતને વળગેલું જીવન જીવાતું હતું તેવું જીવવાનું ફરી શરૂ કરવું જોઈએ. ખોટા ખર્ચા પર કાબૂ કરવો જોઈએ. ઇન્દ્રિય સંયમ. સદ્‌ગુણ કેળવવા જોઈએ. આવા સ્વાદિષ્ટ માર્ગદર્શક સિદ્ધાંતો ઘર્ષણમાં જીવતા સાધારણ આદમ લાચારીથી આવકાર્યા કરે એવી સિસ્ટમ છે. કોઈ સંસ્થા કે સરકાર સુવિચારો 'ને શુભસંદેશાની આપલે પર પ્રતિબંધ લગાવવાની નથી. એ બધું ડેઇલી-લાઈફમાં ચાપાણીનું કામ કરે છે. તમારે સ્ટાન્ડર્ડ કંપનીનું પેક્ડ વૉટર જોઈએ તો પ્રાઇસ મુજબ મળે. તમારે અમુક પ્લેસ પર તમુક ચા પીવી હોય તો એ મુજબ પે કરવું પડે. બાકી વર્ડનો વૈભવ મફતમાં વરસે એમાંય અર્થતંત્રના બોસ લોકોને ફાયદો છે. સૌને કામના સમય દરમિયાન ધ્યાન, વાંચન કે કસરત માટે આવક સાથે અમુક સમય હક્કથી મળે એવું કોઈ ના કરે. કોમનમેન તો પોતાનું બજેટ 'ને ટાઇમ-ટેબલ બંને આધુનિક પશ્ચિમી મુક્ત અર્થતંત્ર પાસે ગીરવે મૂકી ચૂક્યો છે. શું પોસ્ટ-કોરોના પિરિયડમાં મૂડીવાદનું ૯૯% લોકો માટે હૃદયપરિવર્તન કરવામાં આવશે કે ઉચ્ચ એક ટકા માટે કેવળ કાયાકલ્પ કરવામાં આવશે?

બુઝારો

પોતાની જાતે પૈસો પૈસો કરવું એ પોતાનું શબ્દતંત્ર છે 'ને કોઈ બીજું કરાવે એમ પૈસો પૈસો કરવું એ સૌનું અર્થતંત્ર છે. ■

શું પોસ્ટ-કોરોના પિરિયડમાં મૂડીવાદનું ૯૯% લોકો માટે હૃદયપરિવર્તન કરવામાં આવશે કે ઉચ્ચ એક ટકા માટે કેવળ કાયાકલ્પ કરવામાં આવશે?

સર્વેલન્સ : હર તરફ, હર જગહ, હર કહીં!

ખોરાક, પાણી, હવા, રહેણાક, ઇત્યાદિ જેમ મૉડર્ન મનુષ્યની પ્રાથમિક જરૂરિયાતોમાં હવે એક નવું નામ પણ ઉમેરાય છે : પ્રાઇવસી અર્થાત્ ખાનગીપણું. માણસોમાં ભળવાનું પસંદ કરતા માણસને પણ દિવસનો અમુક સમય એવો જોઈએ, જ્યારે તે એકલો હોય, જ્યારે તે પ્રાઇવસી માણી શકે. 'રાઇટ ટુ પ્રાઇવસી'ના પ્રબળ તરફદાર, અમેરિકાના જસ્ટિસ લુઇસ બ્રાન્ડાઇસના મતે 'એકલા પડવાનો અધિકાર' સભ્ય સમાજમાં ઘણો મહત્ત્વનો છે અને મનુષ્યના અંગત તથા આત્મિક જીવન, એની લાગણીઓ તથા બુદ્ધિમત્તાને આદર આપવા માટે એને એકાંતપણું પ્રદાન થાય એ આવશ્યક છે. કોઈ માથે રહીને સતત ચોવીસે કલાક નજર રાખતું હોય એ કોઈને ના ગમે. તમે ઘરમાં રૂટીન વાતો દરમિયાન કશું વસાવવાનો વિચાર ફક્ત વ્યક્ત કરો અને એમેઝોનની એલેક્સા કે ઍપલની સિરી જેવી વર્ચ્યુઅલ આસિસ્ટન્ટ તમને દિવસો સુધી ઇન્ટરનેટ પર એ જ વસ્તુની જાહેરાતો દેખાડ્યા કરે તો તમે અકળાઈ જાઓ. તમે ઇચ્છો કે તમારું વર્તન, તમારી વાતો અને તમારી કેટલીક અભિવ્યક્તિ ખાનગી જ રહે, પરંતુ ટેક્નોલોજી જેમ જેમ વિકસી રહી છે, એમ એમ આ ઇચ્છા પણ માણસે ત્યાગીને જીવવું પડે એવી સ્થિતિ ઊભી થઈ રહી છે.

ફ્રાન્સમાં છેક સત્તરમી સદીથી 'કેબિનેટ નૂઆર' નામક પ્રવૃત્તિ ચાલી આવતી હતી. રાજ્યનું જાસૂસીતંત્ર શંકાસ્પદ લોકોને મળતા અને એમના દ્વારા મોકલાતા પત્રોને વચ્ચેથી જ આંતરી લેતું. ટપાલ-પત્રોનો યુગ અસ્ત થયો, ત્યાર બાદ ટેલિફોન લાઇન ટેપ કરીને છૂપી માહિતીઓ એકઠી કરવાનું કામ શરૂ થયું. આજે એ પ્રવૃત્તિ દરેક પ્રકારના કમ્યુનિકેશનનાં માધ્યમોમાં વ્યાપી ગઈ છે. માસ સર્વેલન્સ એટલે કે બહોળા જનસમુદાય પર નજર રાખવાની આવી પ્રવૃત્તિનો ઇતિહાસ દાયકાઓ જૂનો છે, પરંતુ એની તીવ્રતા વધી ૨૦૦૧માં ૧૧ સપ્ટેમ્બરની એ કારમી ઘટના પછી, જ્યારે અલ-કાયદાએ અમેરિકાના ટ્વિન ટાવર અને પેન્ટાગોન પર પ્લેન ક્રેશ કરીને હુમલો કરેલો. એકવીસમી સદીના પ્રારંભમાં જ ઘટેલી આ ભયાનક ઘટનાએ આ સદીનો રુખ બદલી નાખ્યો એમ કહી શકાય. અમેરિકાએ આતંકવાદ વિરુદ્ધ જંગ જાહેર કર્યો અને એ જંગમાં એનાં ઘણા બધાં હથિયારોમાંથી એક હથિયાર બન્યું માસ સર્વેલન્સ. અમેરિકાની સુરક્ષા માટે જનરલ માઇકલ હેડનની દેખરેખ નીચે NSA અને CIA દ્વારા મોટે પાયે સર્વેલન્સ પ્રોગ્રામ શરૂ થયેલા. ઇન્ટરનેટ પર ચાલતી તમામ પ્રકારની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખીને એનું વિશ્લેષણ કરતો PRISM નામક વિવાદાસ્પદ પ્રોગ્રામ એનો હિસ્સો હતો. ત્યારથી લઈને આજ સુધી માસ સર્વેલન્સનો વ્યાપ અત્યંત વધી ગયો છે. આજે, જગતની મોટા ભાગની વસ્તી દ્વારા થતાં દરેક જાતના કૉલ, મેસેજ, બેંક વગેરેના આર્થિક વ્યવહારો અને ઇન્ટરનેટ સર્ચ સમેત ઓનલાઇન થતી બધી જ પ્રવૃત્તિઓની ડિજિટલ માહિતીઓ જુદા જુદા દેશોની સરકારો નિતનવાં નામ સાથે ચાલતાં સર્વેલન્સ પ્રોગ્રામ હેઠળ જમા કરતી રહે છે. ટેક-કંપનીઓ તો હવે ડિજિટલ ઉપકરણો પણ એવાં બનાવે છે, જેમાં અમુક ફંક્શન પર વપરાશકર્તાનું નિયંત્રણ નથી હોતું અને ઉપકરણ જાતે જ કેટલાક પ્રકારનો ડેટા એકઠો કરીને ઇન્ટરનેટ દ્વારા સર્વર પર મોકલતું રહે છે.

જાહેર સ્થળો, સરકારી કે ખાનગી બાંધકામોમાં સીસીટીવી કેમેરાનું નેટવર્ક સ્થાપિત કરીને નાગરિકોની હિલચાલ પર નજર રાખવી, પણ માસ સર્વેલન્સનો મહત્ત્વનો ભાગ છે. અત્યારે વિશ્વભરમાં કાર્યરત સીસીટીવી કેમેરાનો કુલ આંકડો સિત્તેર કરોડથી પણ વધારે હશે. એમાંથી અડધો અડધ તો ચીનમાં જ છે. Surfshark નામક કંપનીનો આ વર્ષનો એક રિપોર્ટ જણાવે છે કે, પર સ્ક્વેર કિ.મી.ના વિસ્તારમાં સૌથી વધારે સીસીટીવી કેમેરાની સંખ્યા ચેન્નઈમાં છે; આશરે ૬૫૭. એ પછી હૈદરાબાદ ૪૮૦ સાથે બીજા અને દિલ્હી ૨૮૯ સાથે આઠમા ક્રમે છે. જ્યારે લંડન ૩૯૯ સાથે ચોથા

Only Books Magazine

અને બીજિંગ ૨૭૮ સાથે છેક દશમા ક્રમે આવે છે. મેટ્રો અને મેગા કદનાં શહેરોના રસ્તાઓ, ગલીઓ, જાહેર સ્થળો વગેરે સીસીટીવી કેમેરાની જાળમાં ગૂથાઈ રહ્યાં છે. અલબત્ત, આ પ્રકારનું માસ સર્વેલન્સ ગુનાખોરીને અમુક પ્રમાણમાં ડામે પણ છે અથવા છટકી ગયેલા ગુનેગારોનું પગેરું શોધી કાઢવામાં ઉપયોગી પણ બને છે. પશ્ચિમનાં ઘણા શહેરોમાં સર્વેલન્સ પ્રોગ્રામ હેઠળ જગ્યાએ-જગ્યાએ ગનશોટ ડિટેક્શન સિસ્ટમ પણ સ્થાપિત કરાય છે, જે ગોળી છૂટવાનો અવાજ સાંભળીને એલર્ટ થાય અને પોલીસ તરત જ ઘટનાસ્થળે હાજર થઈ જાય. એમાં એક મુખ્ય ખામી એ, કે ફટાકડા અથવા એવા પ્રકારના કોઈ અવાજથી પણ સિસ્ટમ એલર્ટ થઈ શકે. સમય જતા આ ટૅક્નોલોજીમાં એ ખામી દૂર થાય તો આ પ્રકારના ગંભીર અપરાધો આચરીને છટકી જતા ગુનેગારોને ઝડપથી પકડી શકાય. ઉપરાંત, એ પ્રકારની ટૅક્નોલોજી પણ વિકસી રહી છે, જે માણસની સ્વાભાવિક ચાલ અને શારીરિક હાવભાવને આધારે પણ ટારગેટ વ્યક્તિને હજારોની ભીડમાંથી શોધીને અલગ તારવી લે.

સેંકડો કેમેરાઓના હજારો કલાકોના રિકોર્ડિંગમાંથી એક કે અમુક સંદિગ્ધને શોધવાનું કામ રેતીના ઢગલામાં કણકી શોધવા જેવું ગણાય. અઢળક પરિશ્રમ માગી લેતો એ પડકાર માણસની મર્યાદા બહારનો હોવાથી ત્યાં કામ લાગે છે ફેશિયલ રિકોગ્નિશન ટૅક્નોલોજી, જે ચહેરા-ચહેરા વચ્ચે ભેદ પારખીને એક નિશ્ચિત ટારગેટ શોધી આપે. એક સોફ્ટવેર એન્જિનિયરે તો ચીની સરકાર ઉઇગર પ્રાંતના મુસ્લિમો પર એવી ફેશિયલ રિકોગ્નિશન ટૅક્નોલોજી વાપરતી હોવાનો દાવો કરેલો છે, જે માણસના હાવભાવ પરથી એના મનમાં ચાલતી લાગણીઓની જાણકારી આપી શકે. સજાગ યુવા પેઢી જાહેર સ્થળો પર આવી ફેશિયલ રિકોગ્નિશન ટૅક્નોલોજીની નજરથી બચવા માટેના તરીકાઓ અત્યારથી જ વિચારી રહી છે. એટલે નજીકના ભવિષ્યની ફેશનમાં વસ્ત્રપરિધાન એવાં છેતરામણા

બનશે, જેને કેમેરાની આંખો બરાબર સમજી નહીં શકે. માથા પર કેપમાં કે ગળા ફરતે બિનજરૂરી એલઈડી લાઇટો ચમકતી હશે. ટીશર્ટમાં છાતીના કે પીઠના ભાગે માનવ ચહેરાની આકૃતિઓ હશે, જે કેમેરાને પોશાક ધારણ કરનારી વ્યક્તિના ખરા ચહેરાથી ભ્રમિત કરશે. કાબરચીતરા રંગ અને ડિઝાઇનનો વપરાશ પણ વધશે.

સર્વેલન્સની વધારે ને વધારે ફેલાતી જતી જાળ જોઈને સતર્ક મનુષ્યો એનાથી સર્જાનારા ખતરા પ્રત્યે આપણુ ધ્યાન દોરે છે. એડવર્ડ સ્નોડન એવા માણસો પૈકીનો એક છે. વર્ષ ૨૦૧૩માં એણે યુએસ, યુકે, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ સહિત ઘણા બધા રાષ્ટ્રો દ્વારા વિશ્વસ્તરે ચાલતા સર્વેલન્સ પ્રોગ્રામનો ઘટસ્ફોટ કરેલો. આ ગણાવ્યા એ પાંચ દેશોનું સંગઠન 'ફાઇવ આઇઝ' તરીકે ઓળખાય છે. બીજા વિશ્વયુદ્ધ વખતે બ્રિટન અને અમેરિકા વચ્ચે સ્થપાયેલા આ માળખામાં સમય જતા બાકીના ત્રણ દેશો પણ સમાવી લેવાયા. આજે ભારત સહિત તમામ દેશો પાસે રાષ્ટ્રની સુરક્ષા માટે પોતપોતાના માસ સર્વેલન્સ પ્રોગ્રામ છે.

એડવર્ડ સ્નોડન 'પર્મનન્ટ રિકોર્ડ' પુસ્તકમાં લખે છે : 'જીવન એટલે આપણે જેને ચાહીએ, જેનામાં વિશ્વાસ સ્થાપિત કરીએ એ પણ. મારી વાત કરું તો હું જેને સૌથી વધારે ચાહું અને જેમાં સૌથી વધારે વિશ્વાસ મૂકું છું, એ છે સંબંધ અને એ ટૅક્નોલોજી જેના વડે માણસનો માણસ સાથે નાતો જોડાય છે. આ ટૅક્નોલોજીમાં પુસ્તકો તો આવી જ જાય, પણ મોટે ભાગે મારી પેઢી માટે એનો અર્થ થાય છે ઇન્ટરનેટ.'

ઇન્ટરનેટ આપણા જીવનનું મહત્ત્વનું અંગ બની ગયું છે ત્યારે એના પર ઠલવાતી આપણી અંગત માહિતીનો ખડકલો કોઈ ખોટા હાથમાં ના ચડે એનું ધ્યાન રાખવાની જવાબદારી સરકાર અને લાગતીવળગતી કંપનીઓની છે, પરંતુ એ બંને પક્ષો આ જવાબદારી નિભાવવાને બદલે નાગરિકોની જથ્થાબંધ માહિતીનો પોતાના લાભ માટે ઉપયોગ કરવા પર વધારે ધ્યાન આપે છે. આ વિષયમાં નીતિમત્તાનો પ્રશ્ન વિકટ છે. અપરાધો અને આતંકવાદને ડામવા અને રાષ્ટ્રની સુરક્ષાના ઉમદા હેતુ સાથે શરૂ થતા સર્વેલન્સ પ્રોગ્રામનો સત્તાધીશો એમના સ્વાર્થ ખાતર, હકો માટે લડતા નાગરિકો અને વિરોધીઓ સામે કરતા હોવાનું ઘણીવાર સાબિત થયું છે. આ પ્રકારના પ્રોગ્રામ જે-તે દેશના કાયદાઓથી પરે હોય એમ ગુપ્ત રીતે ચાલતા હોય છે. દેશની સુરક્ષા માટે સર્વેલન્સ અત્યંત જરૂરી છે, પણ એ કઈ હદ સુધી માન્ય ગણાય એનો કોઈ માપદંડ નથી. એનો દુરુપયોગ થતો હોય તો એને અટકાવવા માટે કોઈ કશું કરે ત્યારે એનો ખુદનો જીવ જોખમમાં આવે છે.

સામાન્ય નાગરિકોના જીવનને પાયાના સ્તરથી નિયંત્રણમાં રાખવા ઇચ્છતા સત્તાધીશોને કારણે આવનારા ડિજિટલ યુગમાં 'કલ્ચર ઓફ કન્ટ્રોલ' વિકાસ પામશે એવી ભીતિ સેવાય છે. આપણા પર સતત નજર રખાતી હોય ત્યારે મુખ્ય દલીલ વ્યક્તિગત સ્વાતંત્ર્યની આવે છે. શું સુરક્ષા માટે આપણે આપણુ સ્વાતંત્ર્ય જતું કરવા તૈયાર થઈએ ખરા? આ પ્રશ્ન આગળ જતા ઘણો ગંભીર બનવાનો છે.

કૉફી-સ્ક્રિપ્ટ :

તમે જો એમ કહેતાં હો કે તમને પ્રાઇવસીની કોઈ પડી નથી, કેમ કે તમારી પાસે છુપાવવા લાયક કશું જ નથી, તો એ એમ કહેવા બરાબર થયું કે તમને અભિવ્યક્તિની સ્વતંત્રતાની કંઈ પડી નથી, કેમ કે તમારી પાસે બોલવા માટે કશું જ નથી.
- એડવર્ડ સ્નોડન ■

માણસની સ્વાભાવિક ચાલ અને શારીરિક હાવભાવને આધારે પણ ટારગેટ વ્યક્તિને હજારોની ભીડમાંથી શોધીને અલગ તારવી લે એ પ્રકારની ટૅક્નોલોજી પણ વિકસી રહી છે

શિખરે પહોંચવાનું સ્વપ્ન !



શિખર સુધી પહોંચવા લોકો જાતજાતના પ્રયોગો કરતા હોય છે. પશ્ચિમ બંગાળના આસનસોલ નજીક એક ગામમાં પોલીસ સ્ટેશનની સામે અજાયબ સાઇકલ ટાવર છે, જે સાઇકલનાં પૈડાંથી બનાવવામાં આવ્યું છે. ચાલીસ ફૂટ ઊંચું ટાવર લોકોનું ધ્યાન ખેંચે છે. આ પહેલાં એક કસબીએ નકામા થઈ ગયેલાં તાળાંઓથી ઘોડો બનાવ્યો હતો! સપનાં સાકાર કરવા માટે કેટલો ભોગ આપવો પડે છે તે લોકોને યાદ રહેતું નથી. યુક્તિ-પ્રયુક્તિથી શિખરે પહોંચવાની દોડ પ્રગતિની નથી.

કોલકાતામાં દોડ ૨૦૨૪ની કવાયત શરૂ થઈ ગઈ છે. જનજીવન સ્વાભાવિક થતાં દોષનો ઢગલો ફેંકવાની હરીફાઈ થશે. આ પહેલાં જ્યોતિ બાસુ વડાપ્રધાન થવાની તૈયારીમાં હતા. તેમના જ પક્ષ અને સાથી પક્ષોએ તેમના રસ્તે અવરોધ ઊભો કર્યો. પ્રણવ મુખરજીનો માર્ગ પણ પક્ષના નેતાઓએ જ રોક્યો હતો. આ ઉપરાંત સોમનાથ ચેટરજી લોકસભાના સ્પીકર બન્યા ત્યારે સામ્યવાદીઓ તેમના વિરોધમાં ગયા.

ધારો કે પશ્ચિમ બંગાળની લોકસભાની તમામ બેતાળીસ બેઠકો તૃણમૂલ કોંગ્રેસના ખાતામાં જાય, પણ બાકીની બેઠકો માટે જે તજવીજ કરવી પડે તેની ધારણા બહુ આકરી છે. આવા પ્રયત્ન ભૂતકાળમાં સફળ થયા નથી. તાજેતરમાં પક્ષે જે ફેરબદલ કરેલ છે તે જૂની યોજનાને અમલમાં મૂકવામાં આવી છે. અભિષેક બેનરજી રાષ્ટ્રીય મંત્રી નિમાયા છે. રાજ્ય બહાર પક્ષનો આધાર કેવો બનશે તે અલગ છે. રાજ્યમાં એક જ લક્ષ્ય છે, કોઈ વિરોધી શબ્દ ન હોવો જોઈએ!

રાજકારણમાં એક વાત બિલ્કુલ સ્પષ્ટ છે, કેટલાક નેતા સત્તા વગર રહી શકતા નથી. તેમની દશા પાણી વગરની માછલી જેવી થઈ જાય છે. તેઓ સમાધાન કરી પક્ષ પલટો કરશે. ભય અને ભ્રમ સમાજમાં ગેરસમજ ઊભી કરી દબાણનું વાતાવરણ બનાવી રહ્યા છે. અસંતોષીઓ પણ તક મળતાં પક્ષ બદલશે. તેમનું વર્તન અને વાણી બદલાઈ ગયા છે.

હવે જે ટકરાવની ભૂમિકા બની છે તેમાં વ્યાવસાયિક યુક્તિ અને રચનાત્મક સંગઠન વચ્ચે શક્તિ પ્રદર્શન છે. એક તરફ સત્તાનું જોર છે જે સમતુલા નહીં જાળવે તો અન્ય રાજ્યોમાં વિસ્તાર મુશ્કેલ બનશે. અન્ય કોઈ પ્રાદેશિક પક્ષ પોતાની પકડ ગુમાવવા તૈયાર નહીં થાય. વિરોધ માટે ટેકો મળી જાય, પણ ચૂંટણી અને મતો માટે બાંધછોડ સરળ નથી.

વિધાનસભાની બેઠકો જીત્યા પ્રમાણે ભાજપના ફાળે દશ કમિટીઓના ચેરમેનના પદ આવશે. પીએસી કમિટીના ચેરમેન પણ મુખ્ય વિપક્ષના ફાળે જશે. ભાજપના વિધાયકો માટે લોકોનો વિશ્વાસ જીતવાનો આ પહેલો મોકો છે.

રાજ્યમાં હિંસાની તપાસ માટે હાઈકોર્ટ દ્વારા ત્રણ સભ્યોની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની નિમણૂક થઈ છે. ત્યાર બાદ ચૂંટણી પછી જેઓ હિંસાના ભય થકી ઘર છોડી પલાયન થયા હતા તેઓ પોલીસ સંરક્ષણમાં પોતાના ઘરે પાછા ફરી રહ્યા છે.

વરસાદનું આગમન થયું છે. કોલકાતામાં ભેજનું પ્રમાણ વધુ છે. બંધ દુકાનો અને ગોદામો સમયસર ખોલવા જરૂરી બનશે. જરૂરી ચીજો ઉપરાંતની દુકાનો માટે સમય મર્યાદા છે. ઘરાકી તે સમયે વેપારીઓ માટે અનુકૂળ નથી. જુલાઈથી દુર્ગાપૂજાની તૈયારી આરંભ થઈ જશે, તેની અવગણના ભારે પડશે.

અવનવી કલ્પના સાઇકલ ટાવર બનાવી આકર્ષિત કરી શકે. આખી વહીવટી વ્યવસ્થા બદલવા માટે અમલદારશાહી સાથે તાલમેલ કરવામાં વર્ષો જોઈએ. અધિકારી તંત્ર-પદ્ધતિનો અભ્યાસ કે તેની તરફેણ સમજવી સહેલી નથી. સત્તા અને સેવા, બે પૈડાં એક દિશામાં હંકારવા રમત નથી..! ■

ચીને વુહાનમાંથી જૈવિક શસ્ત્ર છૂટું મૂક્યું છે?

કોરોના સંકટની શરૂઆત થઈ ત્યાર પછીના દોઢ વરસ બાદ દુનિયા એટલી રંજાડી ગઈ છે કે અગાઉ જેઓ ચીન નિર્દોષ છે એવું પ્રમાણપત્ર આપતા હતા તેઓને પણ હવે કોરોના સંકટ એક ચીની કારસ્તાન જણાઈ રહ્યું છે. એ ધારણા સર્વત્ર વ્યક્ત થઈ રહી છે કે કોવિડ-૧૯ વાઇરસ વુહાનની લેબોરેટરીમાંથી છટકી ગયો છે અને જાહેરમાં આવી ગયો છે.

ચીનના વુહાન ખાતેની સરકારી વાઇરોલોજિકલ લેબોરેટરીમાંથી કોરોના (સાર્સ-કોવ-ટુ) વાઇરસ છટકી ગયો હતો કે કેમ? તે બાબતે સંયુક્ત રાષ્ટ્રસંઘની વિશ્વ આરોગ્ય સંસ્થાના ઉપક્રમે એક તપાસ સમિતિ નીમવામાં આવી છે. તપાસ ટીમે સંયુક્ત રાષ્ટ્રસંઘના દેશોને જણાવ્યું છે કે તેઓ તપાસનો બીજો તબક્કો જલ્દીથી શરૂ કરે, અન્યથા પુરાવાઓનો નાશ થઈ જશે અને મોડું થયું ગણાશે. બીજી તરફ અમેરિકી પ્રમુખ જો બાઇડેને પોતાના જાસૂસોને ખાસ સૂચના આપી છે કે વાઇરસના ઉદ્‌ગમસ્થાન અને તેના પ્રવાસની વિગતો એકઠી કરવામાં કચાશ ન રાખે. વિશ્વ આરોગ્ય સંસ્થાની ટીમે પણ અમેરિકાની સરકારને જણાવ્યું છે કે, જો અમેરિકન જાસૂસોની ટીમને કોઈ મહત્ત્વની કડી કે વિગતો મળે તો તે વિશ્વ આરોગ્ય

સંસ્થાની ટીમ સાથે શેઅર કરવામાં આવે.

કોરોના સંકટની શરૂઆત થઈ ત્યાર પછીના દોઢ વરસ બાદ દુનિયા એટલી રંજાડી ગઈ છે કે અગાઉ જેઓ ચીન નિર્દોષ છે એવું પ્રમાણપત્ર આપતા હતા તેઓને પણ હવે કોરોના સંકટ એક ચીની કારસ્તાન જણાઈ રહ્યું છે. એ ધારણા સર્વત્ર વ્યક્ત થઈ રહી છે કે કોવિડ-૧૯ વાઇરસ વુહાનની લેબોરેટરીમાંથી છટકી ગયો છે અને જાહેરમાં આવી ગયો છે. અગાઉ પણ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનની ટીમે આ બાબતમાં તપાસ કરવાની અમેરિકી સત્તાધીશોને સલાહ આપી હતી, પણ તે ભલામણની દરકાર થઈ ન હતી. કોવિડ-૧૯ની બીમારીનો પ્રથમ કેસ ડિસેમ્બર-૨૦૧૯માં બહાર આવ્યો હતો. ડબલ્યુએચઓની ટીમનું કહેવું છે કે વાઇરસનો બીજો હુમલો શરૂ થયો ત્યાર બાદ લેબોરેટરી તપાસો અને સંશોધનોમાં જે કંઈ જોવા મળ્યું તે વિષે અલગથી બીજી ખાસ તપાસ થવી જોઈએ. જોકે કેટલાક નિષ્ણાતોનું માનવું છે કે આવી તપાસમાં કશું નવું બહાર નહીં આવે.

અમેરિકી સરકારમાં મુખ્ય તબીબ રહી ચૂકેલા ડો. ફોસી

જોકે ગયા બુધવારે પ્રમુખ બાઇડેને નવેસરથી ગુપ્તચર તપાસનો આદેશ આપ્યો. આ રોગચાળો કોણે અને કેવી રીતે ફેલાવ્યો? તે તપાસનો મુખ્ય વિષય છે. પ્રમુખે ૯૦ દિવસમાં તપાસ પૂરી કરી અહેવાલ સોંપવા જણાવ્યું છે. તેમાં ચીનને અમુક ખાસ સવાલો પૂછવાની કાળજી લેવાનું પણ જણાવાયું છે. અમેરિકી ટીમે બે પ્રકારની શક્યતાઓ અથવા સંદેશાઓ પર આધાર રાખ્યો છે. એક, સંક્રમિત પશુ-પક્ષી સાથે કોઈ માણસ સંસર્ગમાં આવ્યા બાદ આ રોગચાળો ફેલાયો હોઈ શકે અથવા કોઈ લેબોરેટરીમાં બેકાળજી દાખવવાથી કે દુર્ઘટના ઘટવાથી વાઇરસ છટકી ગયો હોઈ શકે. બહુમતી નિષ્ણાતોનું માનવું છે કે આ બેમાંથી કોઈ પણ ધારણાને સાચી પુરવાર કરવા માટેના પૂરતા પુરાવા નથી.

ડબલ્યુએચઓમાં નિર્ણય લેનારી બોડી જે વર્લ્ડ હેલ્થ એસેમ્બલીના નામે ઓળખાય છે તેની સમક્ષ ચીને રજૂઆત કરી હતી કે, કોવિડ-૧૯ વાઇરસના મૂળ શોધવાનો અમારો અભ્યાસ પૂરો થયો છે. અમને કશું જાણવા મળ્યું નથી. અર્થાત્ ચીનમાં તેના ઉદ્ભવની કોઈ નિશાનીઓ મળી નથી, તેથી હવે બીજા દેશો પર નજર કેન્દ્રિત કરવાની જરૂર છે. ચીનનું કહેવું છે કે, આ વાઇરસ કોઈ બીજા દેશમાં પાક્યો હશે. ચીનની આ બેરુખીને કારણે બાઇડેન નારાજ થયા અને એમણે બીજા દિવસે અમેરિકી જાસૂસી સંસ્થાઓને હુકમ આપી દીધો.

દરમિયાન તે અગાઉના રવિવારે પ્રતિષ્ઠિત અખબાર 'વૉલ સ્ટ્રીટ જનરલ' દ્વારા એક ખાસ અહેવાલ છાપવામાં આવ્યો હતો. તેમાં જણાવ્યું

કોરોના સંકટને કારણે હવે વિવિધ દેશોને બાયો ટેરરિઝમનો ભય સતાવી રહ્યો છે

હતું કે, અમેરિકાની જાસૂસી સંસ્થાઓએ વિગતો એકઠી કરી છે તે મુજબ ૨૦૧૯ના નવેમ્બર મહિનામાં વુહાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાઈરોલોજીના ત્રણ વિજ્ઞાનીઓ એક સાથે એટલી હદે બીમાર પડી ગયા હતા કે તેઓને હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. અખબારના કહેવા પ્રમાણે જાસૂસોએ મેળવેલી એ વિગતો અમેરિકી સરકાર દ્વારા જાહેર કરવામાં આવી નથી. અમેરિકી નિષ્ણાતો એ વિગતોને આધાર બનાવે તો પણ એ નક્કી કરવું મુશ્કેલ હતું કે લેબોરેટરીના એ ત્રણ વિજ્ઞાનીઓ શા કારણથી બીમાર પડ્યા હતા? તેઓએ અનેક પહેલુઓ વિચારી જોયા, પણ કોઈ સ્પષ્ટ નિષ્કર્ષ મળ્યો ન હતો.

ડબલ્યુએચઓની ટીમના સભ્ય તરીકે ન્યૂ યૉર્કના પ્રાણીશાસ્ત્રી વિજ્ઞાની પીટર દસ્ઝાક છે. એ ન્યૂ યૉર્ક ખાતેની નોન-પ્રોફિટ સંસ્થા ઇકોહેલ્થ અલાયન્સના વડા છે અને એમણે વુહાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાઈરોલોજીમાં વરસો સુધી કામ કર્યું હતું. ચામાચીડિયા (બેટ્સ) અને વડવાગોળના શરીરમાં વસતાં કોરોના વાઇરસ પર પણ એમણે ઘણુ કામ કર્યું હતું. એ ઘણા સમયથી એ બાબતનો ઇનકાર કરી રહ્યા છે કે લેબોરટરીમાંથી વાઇરસ લીક થયા હોય. ડબલ્યુએચઓ ટીમે ગયા જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં વુહાન લેબોરેટરીની મુલાકાત લીધી હતી અને ચીની નિષ્ણાતો સાથે મળીને એક સંયુક્ત રિપોર્ટ ગયા માર્ચમાં આપ્યો હતો. જેમાં કહેવામાં આવ્યું હતું કે, લેબોરેટરીમાંથી વાઇરસ લીક થવાની શક્યતા ખૂબ ખૂબ નહીંવત છે. ટીમે ભલે આ નિષ્કર્ષ આપ્યો, પણ ટીમને લેબોરેટરીના કાચા ડેટા, સલામતી તેમ જ અન્ય બાબતોના ઓરિજિનલ રેકોર્ડ જોવા દેવાયા ન હતા. ધારી લો કે ચીન પોતે જ કસૂરવાર હોય તો તે સાચો ડેટા અને વિગતો ત્યાં લેબોરટરીમાં સવા વરસ બાદ પણ સાચવીને રાખી મૂકે? ચીન જેવો બદમાશ દેશ આટલો ભોળો હોઈ શકે?

રિપોર્ટ જાહેર થયો એ જ દિવસે ડબલ્યુએચઓના ડિરેક્ટર જનરલ ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસસ દ્વારા વાઇરસ લેબમાંથી લીક થઈ ગયો હોવા બાબતે પૂર્ણ તપાસ યોજવાની હિમાયત કરવામાં આવી. એમણે કહ્યું કે, પોતે ખાસ નિષ્ણાતોને આ કામ માટે રોકવા તૈયાર છે. એ હિમાયતના જવાબમાં દુનિયાના ઘણા અગ્રેસર વિજ્ઞાનીઓ આગળ આવ્યા છે. મંગળવારે વર્લ્ડ હેલ્થ એસેમ્બલીની યુરોપિયન યુનિયન (ઇ.યુ.) દ્વારા ઊંડાણભરી સઘન તપાસ યોજવાની ડિમાન્ડ રાખવામાં આવી. જે જે શક્યતાઓ છે તેની તપાસ કરાવો. ચીન દ્વારા એવી દલીલ આપવામાં આવે છે કે, ફ્રોઝન અર્થાત્ ફ્રીઝમાં રખાયેલા ખોરાક (બિન-શાકાહારી) દ્વારા વાઇરસ માનવ શરીરમાં પ્રવેશ્યા હોઈ શકે. આ સહિતની તમામ શક્યતાઓની તપાસ કરવાની ઇ.યુ. દ્વારા માગણી રાખવામાં આવી.

ચીન દ્વારા એવી દલીલ આપવામાં આવે છે કે, ફ્રોઝન અર્થાત્ ફ્રીઝમાં રખાયેલા ખોરાક (બિન-શાકાહારી) દ્વારા વાઇરસ માનવ શરીરમાં પ્રવેશ્યા હોઈ શકે

દુનિયાના દેશોને જે ચિંતા થઈ પડી છે તેની આ ઝલક આપણે અહીં સુધી જોઈ, પણ ચિંતા શેની છે? ચિંતા એ છે કે દુનિયાના ચીન-વિરોધી દેશોને લાગવા માંડ્યું છે કે, બદમાશ ચીન દ્વારા દુનિયા પર કબજો જમાવવા માટે જૈવિક (જીવાણુ) ત્રાસવાદ શરૂ કરવામાં આવ્યો છે. હમણા સુધી અમેરિકા-યુરોપના પત્રકારો આ વાત માનવા તૈયાર ન હતા અને અમુક ધારણાઓને કોન્સ્પીરસી (કારસ્તાન) થિયરી ગણાવતા હતા, તેઓ પણ બીજા અને ત્રીજા હુમલાઓ દ્વારા માનવા લાગ્યા છે કે વાઇરસ રાક્ષસી ચીનની રાક્ષસી માયા હોઈ શકે. જો કોવિડ-૧૯ના બદલાતા વિવિધ અવતારોના રૂપમાં બાયો-ટેરરિઝમને છૂટો દૌર અપાયો હોય તો દુનિયા તેની સામે લડવા અસમર્થ છે. ૩૧ મે સુધીમાં સત્તાવાર રીતે લગભગ ૩૬ લાખ લોકોએ અને બિનસત્તાવાર તરીકે લગભગ એક કરોડથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. સરકારી આંકડાઓ કરતાં વાસ્તવિક આંકડાઓ ખૂબ મોટા છે. ભારતમાં જ આધારભૂત રીતે ૧૮ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ન્યૂ યૉર્ક ટાઇમ્સ લખે છે કે, ભારતમાં જ ૪૨ લાખ લોકોએ જીવ ખોયા છે અને હજી રોજના લાખો લોકો બીમાર પડી રહ્યા છે. હજારો મરણને શરણ થાય છે. દુનિયાની સઘળી વ્યવસ્થાઓ, રોજીરોટી, અર્થતંત્ર વગેરે તબાહ થઈ ગયા છે. કરોડો લોકો મધ્યમ વર્ગમાંથી ગરીબ વર્ગમાં આવી ગયા છે. આ તબાહી હજી કેટલી ચાલશે તેનો અંદાજ મળતો નથી. જો આ રીતે બાકીની દુનિયાને ડરાવીને, ઉજ્જડ વેરાન કરીને વશમાં લઈ શકાય તો પ્રત્યક્ષપણે દુનિયાને જોઈ શકે તે રીતે અને ટ્રિલિયન્સ યુહાન કે ડૉલર વાપરીને લડવાની શી જરૂર..?

આવી જાગતિક પરિસ્થિતિ હોય ત્યારે ભારતને ગાફેલ રહેવું ન પાલવે. જ્યારે પડોશમાં ચીન જેવો દેશ હોય અને એ દેશમાં કોરોનાએ પ્રારંભના થોડી ખુવારીને બાદ કરતાં મોટી ખુવારી મચાવી ન હોય ત્યારે ચીનની ગતિવિધિઓ પર ખૂબ સાવધ રહેવાની જરૂર છે. મમતા દીદી પર આટલું બધું ધ્યાન આપવાની જરૂર નથી અને ગાફેલ રહ્યા તો શું

પરિણામ આવ્યું તે આપણે જોયું.

ચીને વુહાનની લેબોરેટરીની પ્રવૃત્તિઓ પારદર્શક રીતે રજૂ કરી હોત તો દુનિયા આટલી શંકાશીલ ન બની હોત. અઢાર મહિના સુધી ચીને આંતરરાષ્ટ્રીય ટીમને વુહાનમાં આવતા અટકાવી હતી. ડોનાલ્ડ ટ્રમ્પ ચીનને એનાં કરતૂતો બદલ સજા કરવા માગતા હતા, પણ એક અહેવાલ મુજબ ભારત અને રશિયાએ અમેરિકાને ગુસ્સે ન થવા માટે સમજાવ્યું હતું. ટ્રમ્પ પોતે પણ ઘરઆંગણાની સામાન્ય ચૂંટણીઓમાં પ્રતિપક્ષીઓને મુદ્દો ન મળી રહે તે કારણથી કોઈ મહત્ત્વનો નિર્ણય લેતા ડરતા હતા. વળી, ૭૭ જેટલા નોબેલ વિજેતાઓ અને ૩૧ જેટલી વિજ્ઞાનને લગતી સંસ્થાઓ ટ્રમ્પની સામે જાહેરમાં પડી હતી. વુહાનની લેબોરેટરી સાથે સંકળાયેલા વિજ્ઞાનીઓ, સંશોધકો અને તેઓની સંસ્થાઓને ગ્રાન્ટ નહીં ફાળવવાનો નિર્ણય લીધો ત્યારે આ લોકો અચાનક સાથે મળીને ટ્રમ્પ સામે વિરોધમાં ગોઠવાઈ ગયા હતા. કેટલાક પત્રકારોને આ એક મોટું કાવતરું જણાઈ રહ્યું છે.

અમેરિકાની કેન્દ્ર (ટ્રમ્પ) સરકારનો એક અધિકારી અને નેતા વર્ગ, મસમોટી કંપનીઓ અને ચીન વચ્ચેની સાઠગાંઠ ૧૧ મે, ૨૦૨૧ના દિવસે બહાર આવી હતી. પોલ અને ડૉક્ટર ફોસી વચ્ચે સેનેટમાં દલીલો થઈ હતી. ડૉક્ટર ફોસી અમેરિકા સરકારના મુખ્ય તબીબ હતા. હવે હમણા એ પણ બહાર આવ્યું છે કે અમેરિકાના વાઇરોલોજિસ્ટ ડૉક્ટર બેરિકને ડૉ. ફોસી દ્વારા ફાળવવામાં આવેલું મોટું નાણા ભંડોળ ગપચાવી જવામાં આવ્યું છે અને તેમાં ડૉ. ફોસીની મહત્ત્વની ભૂમિકા હતી. તેઓ વુહાન વાઇરોલોજી ઇન્સ્ટિટ્યૂટના ડૉ. શી ઝેંગ્લી સાથે મળીને કામ કરતા હતા. જો આ સાચું હોય તો અમેરિકનો માટે ઘણુ શરમજનક છે અને અમેરિકાની પડતી શરૂ થયાની નિશાની છે.

સેનેટર પૌલ દ્વારા સવાલો પૂછવામાં આવ્યા કે, 'શા માટે ડૉક્ટર બેરિકે પોતાનાં સંશોધનો અને શોધોનાં પરિણામો ચીનના વિજ્ઞાનીઓ સાથે શા માટે શેઅર કર્યા હતાં?

અદ્રશ્ય યુદ્ધ શસ્ત્રો પર પુસ્તકો લખનારા લેખકો કુયાઓ લીઆંગ અને વાંગ ઝીઆંગસી

અમેરિકાનાં સંશોધનો અને સુપર-વાઇરસ પેદા કરવાની અમેરિકન ટૅક્નોલોજી ચીન સાથે શા માટે શેઅર કરવામાં આવી?' જવાબમાં ડૉ. ફોસીએ જે જવાબો આપ્યા તે નબળા હતા. સેનેટર પૌલે જ્યારે પૂછ્યું કે, 'લેબોરેટરીમાં કોવિડ-૧૯નો વાઇરસ પેદા કરવામાં આવ્યો નથી તેવું તમે (ડૉ. ફોસી) સ્પષ્ટપણે કહેશો ખરા?' જવાબમાં ફોસીએ કહ્યું કે, 'ચીનાઓએ શું કર્યું હશે તે વિશેની કોઈ માહિતી મારી પાસે નથી અને ચીનમાં શું થયું તે વિષે વધુ તપાસ યોજવાની હું તરફેણ કરું છું.'

અમેરિકાના ડૉક્ટર ડેવિડ માર્ટીને કોવિડ-૧૯ પર એક ડોઝિયર તૈયાર કર્યો છે. તેમાં એમણે પુરાવાઓ સાથે દર્શાવ્યું છે કે માણસ જાતને બીમાર પાડવા અને મારી નાખવા માટે જે સુપર વાઇરસો લેબોરેટરીઓમાં તૈયાર કરવામાં આવી રહ્યા છે તે પરત્વે ખાસ ધ્યાન આપવાની જરૂર છે. ડૉક્ટર ડેવિડ માર્ટીને 'એપોસલ્સ ઑફ પાવર : થેફ્ટ ઑફ એન એમ્પાયર' શીર્ષકથી એક નવલકથા લખી છે. જો ફોસીએ કોઈ સ્પષ્ટ જવાબો આપ્યા હોત તો ડેવિડ માર્ટીનના દાવાઓને કલ્પનાઓ ગણવામાં આવી હોત, પરંતુ ડૉ. ફોસીએ કોઈ સ્પષ્ટ જવાબો આપ્યા નહીં તેથી ડેવિડ માર્ટીનના દાવાઓને નવું બળ મળ્યું. જોકે હજી ખાતરીપૂર્વક કહી શકાય નહીં કે ડેવિડ માર્ટીન સાવ સાચા છે. શક્ય છે કે અમુક ખતરનાક વાઇરસ કુદરતી રીતે તૈયાર થયા હોય, લેબોરેટરીમાં તેઓની સંખ્યા વધારીને વાયલમાં ભરી શકાય અને તેને વસ્તી પર છોડી શકાય. જેમ કે અમેરિકામાં નાઇન ઇલેવનની ત્રાસવાદી ઘટના બાદ પાઠોપાઠ કોઈ આતંકવાદી તત્ત્વોએ ટપાલ મારફતે એન્થ્રેક્સના વિષાણુઓનું ટપાલ માર્ગે વિતરણ કર્યું હતું. તે વિષાણુઓથી અમુક અમેરિકનોના જીવ ગયા હતા. એન્થ્રેક્સ એ બેક્ટેરિયાનો પ્રકાર છે. હવે લેબોરેટરીમાં કોઈ નવા વાઇરસ કે બેક્ટેરિયા પેદા કરી શકાતા નથી. જે હોય તેને કદાચ નવા સ્ટ્રેઇનમાં ઢળવામાં મદદ થઈ શકતી હશે. ચીને કોઈ નવી શોધો કરી છે કે કેમ તે સ્પષ્ટ નથી. ડૉ. ડેવિડ માર્ટીનનો દાવો અમુક બાબતમાં સાચો અને અમુક બાબતમાં ખોટો હોઈ શકે. આ સુપર વાઇરસની શોધમાં કોઈ દેશ સફળ થાય તો તે અત્યંત ગુપ્ત રાખવામાં આવશે. કોઈ જાહેર ન કરે. કોઈ વાઇરસને લેબોરેટરીમાં ખોરાક દ્વારા મેનિપ્યુલેટ અથવા ટ્વિક (સૂક્ષ્મ પરિવર્તન) કરીને સુપર વાઇરસ બનાવી શકાતો હશે. એ પ્રક્રિયા વાઇરસ નવા નવા ઔષધીય શસ્ત્રો સામે લડવા માટે પ્રાણી કે માનવીના શરીરમાં આપોઆપ કરતો હોય છે. લેબોરેટરીઓમાં તેને વધુ શક્તિશાળી દવા વડે ચેલેન્જ આપીને ઢીઠ અથવા મજબૂત સ્વરૂપ આપી શકાય એવું થિયરી દ્વારા સમજી શકાય. પાળેલા કૂતરાને વધું ખૂંખાર બનાવી શકાય, પરંતુ લેબોરેટરીમાં પાળેલા વાઇરસો સાથે આવું કરી શકાય છે કે કેમ તે હજી મોટો પ્રશ્ન છે.

કોરોના જે રીતે નવા નવા અવતાર ધારણ કરે છે, લોકો નિશ્ચિંત બને કે ફરી હુમલો કરે છે અને ઊંઘતા ઝડપી લે છે તે જોતા એવું લાગે છે કે આ વાઇરસને કોઈકે અલગ રીતે જ પ્રોગ્રામ કર્યો છે

વાઇરસ પરના વિવાદાસ્પદ સંશોધનોને કારણે પ્રકાશમાં આવેલાં ચીની વિજ્ઞાની શી ઝેંગલી

હાલમાં તો કોરોના જે રીતે નવા નવા અવતાર ધારણ કરે છે, લોકો નિશ્ચિંત બને કે ફરી હુમલો કરે છે અને લોકોને ઊંઘતા ઝડપી લે છે તે જોતા એવું લાગે છે કે આ કોરોના વાઇરસને કોઈકે અલગ રીતે જ પ્રોગ્રામ કર્યો છે. તેની ચાલાકી અને ઝડપથી ફેલાઈ જવાની તેની ક્ષમતા કોઈ નવી શંકાઓ જ જન્માવે છે. આવાં કારણોથી જો બાઇડેન પણ દ્વિધામાં મુકાઈ ગયા છે. હાલમાં નરી આંખે જોઈ ન શકાતા એક સૂક્ષ્મ જીવાણુ સામે માણસ હારી ગયો છે. આ ચીન દ્વારા શરૂ થયેલું પ્રોક્સી યુદ્ધ જણાઈ રહ્યું છે.

હવે કેટલીક નવી ચર્ચાઓ થઈ રહી છે અને વધુ લોકો તેમાં વિશ્વાસ ધરાવતા થયા છે. નવા સંજોગોએ જૂની અફવાઓ, કોન્સ્પીરસી થિયરીઓ અને વાયકાઓને સમર્થન આપ્યું છે. એક વાત જાહેર હતી કે ફોસી જેના વડા છે તે 'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ એનર્જી એન્ડ ઇન્ફેક્શિયસ ડિઝિઝિસ અને ઇકોહેલ્થ અલાયન્સ' વચ્ચે સહયોગ અને સાઠગાંઠ છે. ઇકોહેલ્થ સંસ્થા ઉદ્યોગપતિ બિલ ગેટ્સ અને એમના હમણા હમણા એક્સ બનેલાં પત્ની મેલિન્ડા ગેટ્સ ચલાવે છે. કોરોના સંકટ શરૂ થયું ત્યારે તેમાં બિલ ગેટ્સનો હાથ છે એવી વાતો પણ કોન્સ્પીરસી થિયરિસ્ટો દ્વારા ચલાવવામાં આવી હતી. બિલ અને મેલિન્ડા હાલમાં છૂટાછેડાના તાજા જખ્મોમાંથી બહાર આવી રહ્યાં છે. બિલે એની મોટી કમાણી લોકોપયોગી હેતુઓ માટે આપી દીધી છે ત્યારે કોરોના જેવા કાવતરાં રચે તે વાત વાહિયાત જણાય છે, પરંતુ એક વાત પાકી થઈ ગઈ કે અમેરિકાની સરકારી તેમ જ ખાનગી યંત્રણાઓમાં ચીન સારી પેઠે ઘૂસી ગયું છે. સેનેટમાં થયેલી ચર્ચાઓ પરથી તે ફલિત થાય છે. એ પણ જણાઈ આવે છે કે ઘણી વખત અમેરિકાએ ચીન સામે અસહાયતા અનુભવી હતી. ખુદ અમેરિકી સરકારે વુહાનની લેબોરેટરીને કોરોના વાઇરસ સંબંધમાં વધુ સંશોધનો માટે ૭૫ કરોડ ડૉલરનું અનુદાન આપ્યું હતું. આ રકમ ઈસીએ અર્થાત્ ઇકોનોમિક કો-ઑપરેશન એગ્રીમેન્ટ અંતર્ગત અપાઈ હતી, પરંતુ બાદમાં ટ્રમ્પ સરકાર દ્વારા ઈસીએ મારફતે અપાતી સહાય બંધ કરી દેવામાં આવી હતી. અન્યથા આ આર્થિક મદદ વરસ ૨૦૨૪ સુધી ચાલુ રહેવાની હતી. કોરોના વાઇરસ લીક થયો તેના અનુસંધાને અમેરિકી સત્તાધીશો ઍલર્ટ બની ગયા હતા. અમેરિકાના સંરક્ષણ દળોના ચેરમેન ઓફ જોઇન્ટ સ્ટાફે નિવેદન આપવું પડ્યું હતું કે વાઇરસ લીક થયો તે સંદર્ભમાં વુહાનની વાઇરોલોજિકલ ઇન્સ્ટિટ્યૂટ અને ઈસીએ, બંનેની ભૂમિકા વિષે અમેરિકાનો ગુપ્તચર વિભાગ તપાસ ચલાવી રહ્યો છે.

ગયું વરસ અમેરિકામાં ચૂંટણીનું વરસ હતું. બાઇડેન અને એમના ડેમોક્રેટિક પક્ષે ટ્રમ્પ સરકારના આ નિર્ણયની, કદાચ નિર્દોષભાવે ટીકા કરી હતી. હવે ખુદ જો બાઇડેન અને એમની સરકાર દ્વિધામાં મૂકાયા છે. ઈસીએને અપાતી ગ્રાન્ટ એ ફરીથી ચાલુ કરાવી શકે તેમ નથી. આબરૂ સાચવવા અર્થે બાઇડેન સરકારે હવે નવી ફોર્મ્યુલા ઘડી છે. અમેરિકાના તપાસકારોને વુહાનની લેબોરેટરીમાં પ્રવેશ આપીને તમામ જાણકારી સોંપવામાં આવે તો અમેરિકી સરકાર વુહાન લેબોરેટરી અને ઈસીએને અપાતી મદદ ફરી ચાલુ કરશે એવી શરત બાઇડેન સરકારે આગળ ધરી છે. અમેરિકાના વાઇરસના સેમ્પલો પૂરા પાડવાની પણ શરત હતી. ચીની સરકારે અમેરિકાનો આ પ્રસ્તાવ નકારી કાઢ્યો છે.

ડૉક્ટર ડેવિડ માર્ટીન માને છે કે ઈસીએ અને વુહાન લેબોરેટરી દ્વારા વરસ ૨૦૦૨થી કોરોના વાઇરસ બાબતનાં સંશોધનો માટે જોડાણ સાધવામાં આવ્યું હતું. ૨૦૦૨માં સાર્સ વાઇરસનો દુષ્પ્રભાવ ફાટી નીકળ્યો હતો. વોશિંગ્ટન પોસ્ટ અખબારના અહેવાલ મુજબ ચીનના વિજ્ઞાની શી ઝેંગ્લી વાઇરસો સંબંધમાં વિવાદાસ્પદ સંશોધનો કરી રહ્યા હતા. એમનાં સંશોધનોમાં એ પ્રવૃત્તિઓ સામેલ હતી જેમાં વાઇરસોમાં એવા ફેરફારો કરવામાં આવે કે જેથી તે વધુ વ્યાપકપણે ફેલાય. ચીની વિજ્ઞાનીએ હવા ફેલાવી હતી કે વાઇરસોને વધુ સમજવા માટે પોતે તે સંશોધનો કરી રહ્યા છે. એ વાઇરસોને જિનેટિકલી મોડીફાય કરી રહ્યા હતા, જેને વિજ્ઞાનની ભાષામાં જીએમ કહે છે. શી ઝેંગ્લીનું કહેવું છે કે, અગાઉ ચીનની વુહાન નજીકની કંદરાઓમાં વસતાં ચામાચીડિયાં અને વડવાગોળનાં શરીરોમાંથી કોરોના વાઇરસના નમૂનાઓ સંપાદન કરવામાં આવ્યા હતા. તેની જિનેટિક સિક્વન્સ નોવેલ કોરોના વાઇરસની જિનેટિક સિક્વન્સ સાથે મેચ થતી નથી. મતલબ કે બેટ્સના શરીરમાંથી પ્રાપ્ત કરાયા ત્યાર બાદ એ વાઇરસોમાં સુધારાઓ કરવામાં આવ્યા છે. તો શું આ કોવિડ-૧૯ એ જીએમ વાઇરસોનું પરિણામ છે? શું તેને હેતુપૂર્વક એક શસ્ત્ર તરીકે ફેલાવવામાં આવ્યા છે? જો એવું ન હોય તો ચીન વુહાન પ્રયોગશાળાની પ્રવૃત્તિઓ બાબતમાં પારદર્શિતા શા માટે અપનાવતું નથી અને શા માટે મોટું નાણાકીય

ચીન વુહાન પ્રયોગશાળાની પ્રવૃત્તિઓમાં પારદર્શિતા શા માટે અપનાવતું નથી અને શા માટે મોટું નાણાકીય ભંડોળ અવગણીને લેબોરેટરીની પ્રવૃત્તિઓને અંધારામાં રાખવા મથી રહ્યું છે?

ભંડોળ અવગણીને લેબોરેટરીની પ્રવૃત્તિઓને અંધારામાં રાખવા મથી રહ્યું છે? આ સવાલ હવે વધુ ઘેરો બન્યો છે અને બાઇડેન, જે સહાય બંધ કરવાના વિરોધી હતા, એમને પણ ધર્મસંકટમાં મૂકે છે.

અલગ-અલગ દેશોના વિજ્ઞાનીઓ અલગ-અલગ હેતુઓ અને ઇરાદાઓ સાથે કામ કરી રહ્યાં છે અને નિવેદનો આપી રહ્યાં છે. વિજ્ઞાન જગત દુનિયાના રાજકારણથી, પાવર સમતુલાઓ દ્વારા પહેલેથી જ પ્રભાવિત રહ્યું છે. હાલમાં એવો તબક્કો ચાલી રહ્યો છે જેમાં એક તરફ ચીન છે અને બીજી તરફ અમેરિકા અને ગોરી પ્રજાના દેશો છે. રશિયા પોતાની પોઝિશન પોતાની અનુકૂળતા પ્રમાણે બદલતું રહે છે, તેથી સમીકરણમાં તે ત્રીજા કે ચોથા સ્થાને જતું રહ્યું છે, છતાં લશ્કરી હેતુઓના વિજ્ઞાનમાં એ એટલું સક્ષમ છે કે એની અવગણના થઈ ન શકે. કેટલીક મહત્ત્વની શાખાઓમાં એ પ્રથમ કે બીજા ક્રમે છે. દર વખતે પાડાઓની લડાઈમાં સાવ અનભિજ્ઞ, નિર્લેપ, નિર્દોષ લોકોનો ખો નીકળી જાય છે અને તેનાં વરવાં પરિણામો અને અવશેષો આપણે હમણા જ ગંગા નદીમાં તરતાં જોયા હતા.

વુહાન વાઇરસ બાબતમાં અન્ય પુરાવાઓ સામે આવ્યા છે. ૨૦૧૯ના અંતમાં અને ૨૦૨૦ના પ્રારંભમાં વાઇરસે આખી દુનિયામાં દેખા દીધા ત્યાર બાદ અનેક સંશોધકોએ સંશોધનો કર્યાં છે. અમુક સંશોધકો ભારતના હતા. જગતના ૨૭ જેટલા ટોચના વાઇરસ વિજ્ઞાનના નિષ્ણાતો ઉર્ફ વાઇરોલોજિસ્ટ વિજ્ઞાનીઓએ દુનિયાના અગ્રીમ વિજ્ઞાન જરનલ 'લૅન્સેટ'માં ફેબ્રુઆરી ૨૦૨૦માં એક લેખ લખ્યો હતો. તેમાં જણાવાયું હતું કે, કોવ-સાર્સ-ટુ (કોરોના) વાઇરસ કુદરતી રીતે પેદા થયેલો ઝૂનોટિક (પ્રાણીઓમાં પેદા થતો અને ફેલાતો) વાઇરસ છે અને વુહાનનાં પ્રાણીઓ અને મીટના માર્કેટમાંથી ફેલાયો છે. અમેરિકામાં ચૂંટણીઓ માથે હતી. ટ્રમ્પ છાવણીનો દાવો હતો કે વાઇરસ ચીનની લેબોરેટરીમાંથી લીક થયો છે, પરંતુ ટ્રમ્પને

કોરોના વાઇરસ પર ડોઝિયર તૈયાર કરનારા ડો. ડેવિડ માર્ટીન

ખોટા સાબિત કરવા લૅન્સેટના એ લેખની મદદ લેવામાં આવી. ટ્રમ્પ કોન્સ્પીરસી થિયરીમાં માને છે તેથી આવું કહે છે, તેમ લોકોના માનસમાં ઠસાવવવામાં આવ્યું.

હવે ટ્રમ્પ હારી ગયા છે. બાઇડેન આવ્યા. એ સાથે અમેરિકામાં ફ્રીડમ ઓફ ઇન્ફર્મેશન એક્ટ હેઠળ સરકાર પાસેથી સાચી માહિતી માગતી ઘણી અરજીઓ આવી. જે ડેટા પ્રાપ્ત હતા તેનો વિજ્ઞાનીઓએ વધુ ઊંડો અભ્યાસ કર્યો. લૅન્સેટમાં પ્રસિદ્ધ લેખના મુખ્ય લેખકે આગળ જણાવ્યું તે ઇકોહેલ્થ અલાયન્સના વડા પીટર દસ્ઝાક હતા. એમનાં ધંધાદારી હિતો ડબલ્યુઆઇવી (વુહાન ઇન્સ્ટિટ્યૂટ) જોડે સંકળાયેલાં હતાં, તેથી આ લેખ લખવા માટે એ ગેરલાયક ઠરતા હતા. છતાં પોતાનો સ્વાર્થ સાધવા લખ્યો. પિટરની ઇકોહેલ્થ અલાયન્સ સંસ્થા અમેરિકાની એક એનજીઓ હતી અને વુહાન ઇન્સ્ટિટ્યૂટ સાથે મળીને વાઇરસ અંગે સંશોધન કરતી હતી. આ સંશોધનો અમેરિકાએ એનજીઓને સોંપ્યા તેની પાછળ એક ઘટના જવાબદાર છે.

અમેરિકા દ્વારા ઓબામા શાસન કાળમાં મેરીલેન્ડ રાજ્યના ફોર્ટ ડેટ્રિક ખાતે ભવિષ્યના સંભવિત વાઇરસો અને તેની સામે કેવી રીતે લડવું તે માટેના અભ્યાસો અને પ્રયોગો અમેરિકાની સરકાર અને સેના દ્વારા થઈ રહ્યા હતા ત્યારે વાઇરસ લીક થઈ જવાનો ખૂબ ડર રહેતો હતો. આ કારણથી ડૉક્ટર એન્થની ફોસીએ મેરીલેન્ડ, અમેરિકામાં સંશોધનો બે વરસ સુધી અટકાવી દીધા હતા અને એનજીઓ મારફતે સંશોધનોનું કામ અન્ય દેશોની લેબોરેટરીઓને સોંપવાનો નિર્ણય લીધો હતો. આ કામ માટે પિટરની ઇકોહેલ્થને ૩૭ લાખ ડૉલરની ગ્રાન્ટ અપાઈ હતી. પિટરે ચીન સરકારના વિજ્ઞાન અને ટૅક્નોલોજી વિભાગ સાથે મળીને વુહાન ઇન્સ્ટિટ્યૂટમાં સંશોધનની સહિયારી પ્રવૃત્તિ શરૂ કરી હતી. ત્યાર બાદ એમણે વુહાનની લેબોરેટરીને નિર્દોષ ઠરાવતો લેખ 'લૅન્સેટ'માં પ્રસિદ્ધ કરાવ્યો. પોતાની વગ વાપરીને બીજા ૨૬ (છવ્વીસ) વિજ્ઞાનીઓને પોતાની સાથે જોડ્યા. વાત અહીં અટકતી નથી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (વિશ્વ આરોગ્ય સંસ્થા) દ્વારા વુહાન ખાતે સંશોધકોની તપાસટુકડી મોકલવામાં આવી. તેમાં પણ વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રતિનિધિ તરીકે જોડાયા અને આ ટુકડીએ પણ ૩૦ માર્ચ, ૨૦૨૧ના રોજ રિપોર્ટમાં વુહાન લેબોરેટરીને નિર્દોષ જાહેર કરી. હવે નિરીક્ષકો કહી રહ્યા છે કે એ વુહાન સાથે સંકળાયેલા હતા તો તપાસટુકડીમાં જોડાવાની જરૂર ન હતી અથવા બહાર નીકળી જવું જોઈતું હતું. પિટર દાસઝાકની આ હરકતોને કારણે એ શંકા વધુ મજબૂત બની છે કે ઇરાદાપૂર્વક કંઈક ઢાંકપિછોડો થયો હતો. કંઈક છૂપાવવામાં આવ્યું છે.

એ રિપોર્ટ 'એટમિક સાયન્ટિસ્ટ' નામના સામયિકમાં પ્રસિદ્ધ થયો અને નિકોલસ વેડ નામના વિજ્ઞાનીએ તેનો બારીકાઈથી અભ્યાસ કર્યો ત્યારે પિટરનાં રહસ્યોનું આવરણ ખૂલી ગયું હતું. એમને ખ્યાલ આવ્યો કે વુહાન ઇન્સ્ટિટ્યૂટના વડા, જેનો આપણે આગળ ઉલ્લેખ કર્યો છે તે મૅડમ શી ઝેંગ લી અમેરિકાના નોર્થ કેરોલાઇનાની યુનિવર્સિટી સાથે પણ કોરોના વાઇરસના સંશોધનાર્થે જોડાયેલાં હતાં. એ બેટના શરીરમાં મળતા કોરોના વિશેનાં સંશોધનોમાં ભાગીદારી કરી રહ્યાં હતાં. આ યુનિવર્સિટીમાંથી તો એ શિખ્યાં હતાં કે કોરોના વાઇરસને કલ્ચર કરી તેને નવું રૂપ (સ્ટ્રેઇન) કેવી રીતે આપવું અને નવું રૂપ કુદરતી હોય તેવું લાગે તે રીતે તેમાં ફેરફારો કેમ કરવા? નોર્થ કેરોલાઇના યુનિવર્સિટીના પ્રોફેસર રાલ્ફ બારિકે ચીનના આ મહિલા વિજ્ઞાનીને આ તરકીબો શિખવાડી હતી. બારિકની મદદ વડે

પ્રોફેસર બારિકની મદદ વડે શી ઝેંગ લી કોરોના વાઇરસમાં એવું મોલેક્યુલ ઘૂસાડવામાં સફળ થયાં હતાં જેના વડે વાઇરસ માણસની શ્વાસનળી ને હવા આવનજાવનના પેસેજમાં ઘૂસીને ચીટકી જાય

વુહાન લેબોરેટરીમાં તપાસ કરવા માટે વિવિધ વિજ્ઞાનીઓ આગળ આવ્યા છે

શી ઝેંગ લી કોરોના વાઇરસમાં એવું મોલેક્યુલ (તત્ત્વ) ઘૂસાડવામાં સફળ થયાં હતાં જેના વડે વાઇરસ માણસની શ્વાસનળી અને હવા આવનજાવનના પેસેજમાં ઘૂસીને ચીટકી જાય. આ કળા તેઓ છેક ૨૦૧૫માં શિખી ગયાં હતાં. ચીનના સૈન્યને આવાં સંશોધનોમાં ખૂબ લગની લાગી હતી. શી ઝીંગ લીને મેજર જનરલનો હોદ્દો પણ અપાયો હતો.

ચીનની આ ઊંડી દિલચસ્પીનો એક કિસ્સો ભારતના નિવૃત્ત મેજર જનરલ જી.ડી. બક્ષી સાહેબે લખ્યો છે. તેઓ લખે છે કે; '૧૯૯૯માં હું ભારતની ન્યુક્લિઅર, કેમિકલ એન્ડ બાયોલોજિકલ વૉરફેર શાખા સાથે કામ કરતો હતો. આ શાખા મિલિટરી ઑપરેશન્સ ડિરોક્ટોરેટ હેઠળ કામ કરે છે. ચીનના બે સિનિયર કર્નલોએ લખેલું એક પુસ્તક જોઈને અમે ડઘાઈ ગયા હતા. એ બંને લેખકો કુયાઓ લીઆંગ અને વાંગ ઝીઆંગસીને બાદમાં જનરલના હોદ્દાઓ પર પ્રમોશનો મળ્યાં હતાં. અમર્યાદિત અસ્ત્રશસ્ત્ર વિશેનું એ પુસ્તક હતું. એ પુસ્તકમાં વિવિધ હથિયારોનો સહારો લઈને ચીન અમેરિકાને કેવી રીતે હરાવી શકે તેનું વર્ણન છે. તેમાં લશ્કરી તેમ જ બિનલશ્કરી ઢબે અમર્યાદિત યુદ્ધ છેડવાની વાત લખી છે. જે બિન-લશ્કરી પ્રકાર છે જેમાં ત્રાસવાદ, જૈવિક યુદ્ધ, સાયબર યુદ્ધ, માહિતી અને પ્રચારનું યુદ્ધ, આર્થિક યુદ્ધ વગેરે એકસાથે છેડવાની વાત લખી છે. તેમાં આ યુદ્ધ શરૂ કરવા માટેનો એ હેતુ જણાવવામાં આવ્યો છે કે અમેરિકા ઘૂંટણિયે પડે. તેમાં ખાસ જણાવવામાં આવ્યું છે કે, 'ઉપર બતાવેલાં યુદ્ધો છેડવામાં આવે તો એક પણ ગોળી છોડવામાં ન આવે અને દુશ્મન (અમેરિકા અને ભારત પણ) ઢીલા ઢફ બની જાય.'

ત્યાર બાદ ૨૦૧૦માં ચીનના એક લશ્કરી સંશોધક ગુઓ જેઈવી દ્વારા 'વૉર ફોર પાવર' નામનું પુસ્તક લખવામાં આવ્યું. આવાં પુસ્તકો ઘણી વખત દુશ્મન દેશોને હુલ આપવા માટે અને દુશ્મન દેશો ખર્ચાળ હરકતો અને પ્રવૃત્તિઓમાં જોડાઈ જાય તેવા આશયથી લખવામાં આવે છે. છતાં ગાફેલ રહેવાનું કોઈને ન પાલવે. ચીન ભારતનું અવ્વલ ક્રમનું દુશ્મન છે, ત્યારે દેશના ચોકીદારોએ કે પ્રધાન ચોકીદારને સતત સાવધ રહેવું પડે. હમણા ચૂકી ગયા તો પરિણામો જોયાં. ગુઓ જેઈવીના એ પુસ્તકમાં જૈવિક પ્રકારનાં યુદ્ધ, રોગચાળો ફેલાવવાના યુદ્ધની ખુલ્લમ્‌ખુલ્લા ચર્ચા કરવામાં આવી છે. એ પુસ્તકમાં ચીનના એક લેફ્ટનન્ટ જનરલ ઝહાંગ ઝીબુએ વાઇરસનો શસ્ત્ર તરીકે ઉપયોગ કરવાની થિયરીને ખુલ્લેઆમ સમર્થન આપ્યું છે. આ વાત જી.ડી. બક્ષીએ લખી છે.

ચિંતા એ છે કે દુનિયાના ચીન-વિરોધી દેશોને લાગવા માંડ્યું છે કે, બદમાશ ચીન દ્વારા દુનિયા પર કબજો જમાવવા માટે જૈવિક (જીવાણુ) ત્રાસવાદ શરૂ કરવામાં આવ્યો છે

બક્ષી સાહેબ લખે છે કે, આવાં પુસ્તકોને ગર્ભિત ધમકી તરીકે લેવાય છે. છતાં ૨૦૧૭માં ચીને પોતાની સત્તાવાર લશ્કરી નીતિની સત્તાવાર ઘોષણા કરી હતી. તે ડોક્ટ્રાઇનના પુસ્તકમાં યુદ્ધનીતિના ભાગ તરીકે જૈવિક શસ્ત્રો વિશે પણ એક સત્તાવાર પ્રકરણ હતું. નવાઈની વાત એ છે કે દુનિયામાં જીવાણુ શસ્ત્રોનું યુદ્ધ ફાટી ન નીકળે તે માટે એક જાગતિક કરાર થયેલો છે. તેના પર ચીને પણ સહી કરી છે. આ કરાર દ્વારા જૈવિક શસ્ત્રોના વિકાસ અને વપરાશ પર સમગ્ર દુનિયામાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. હવે ચીને તેમાં સહી કરી હોવા છતાં પોતાની સત્તાવાર યુદ્ધ નીતિના દસ્તાવેજમાં ચીન જૈવિક શસ્ત્રોનું પ્રકરણ કેવી રીતે ઉમેરી શકે? છતાં દુનિયાની ઐસી તૈસી કરીને ચીને નીતિ અપનાવી છે. બક્ષી સાહેબ લખે છે કે, જગતે એકઠા થઈ ચીનની આ દાદાગીરી સામે અવાજ ઉઠાવવો જોઈએ, પણ કોઈએ ઉઠાવ્યો નથી. આ બધી ઘટનાઓ બતાવે છે કે ચીન બે દાયકાથી જીવાણુશસ્ત્રો વિકસાવવાની લાયમાં છે અને કદાચ દુનિયા પર તેના પ્રયોગો પણ કરી રહ્યું છે. બર્ડ ફ્લુ, સ્વાઇન ફ્લુ, સાર્સ, મિડલ ઇસ્ટ સાર્સ વગેરે જે કોરોના વાઇરસ આધારિત બીમારીઓ દુનિયાને મળી છે તે ચીનમાં જ પ્રથમ બહાર આવી હતી. આ છેલ્લે કોવિડ - ૧૯ આવી. દુનિયાના નિષ્ણાતો માને છે કે હજી વધુ નવી બીમારીઓ માટે તૈયાર રહેવું પડશે, પરંતુ જગતને સ્પષ્ટપણે ખ્યાલ આવી જાય કે આ જીવલેણ કારસ્તાનોનું કર્તા ચીન છે તો ચીને જવાબ આપવો ભારે પડશે.

બક્ષી સાહેબના મતે સૌથી ખતરનાક રિપોર્ટ અને દસ્તાવેજો ૨૦૧૫માં લખાયા હતા. ચીનના વાયુદળના એક સિનિયર વાઇરોલોજિસ્ટ શુ દેઝોંગના વડપણ હેઠળ ૧૮ વિજ્ઞાનીઓની ટીમે જૈવિક યુદ્ધ વિશેનો એક વિશદ્ અભ્યાસ હાથ ધર્યો હતો. તે અભ્યાસનાં પરિણામો ચીનના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ ૨૪ બેઠકો યોજીને રજૂ કરવામાં આવ્યાં હતાં, તે દર્શાવે છે કે તેને કેટલું ગંભીર મહત્ત્વ અપાયું હતું.

આ રિપોર્ટમાં સ્પષ્ટપણે જણાવાયું હતું કે, સાર્સ વાઇરસ એક જિનેટિકલી એન્જિનિયર્ડ (લેબોરેટરીમાં ફેરફારથી તૈયાર કરાયેલો) વાઇરસ છે અને ચીન પર હુમલો કરવા માટે તેની ખાસ રચના કરવામાં આવી છે. આ

ઘટના બતાવે છે કે ચીનના મગજમાં ઘૂસી ગયું છે કે દુનિયા તેને નિશાન બનાવવાની પ્રવૃત્તિમાં લાગી છે અને ચીન તેનો ભોગ બની રહ્યું છે. આ માન્યતાને કારણે બદલો લેવા અથવા દુનિયાને પોતાની શક્તિનો પરચો બતાવીને ડરાવવા માટે ચીને વુહાનની લેબોરેટરીમાં કોવિડ-૧૯ના વાઇરસ તૈયાર કરીને જગતમાં છૂટા મૂક્યા હોઈ શકે તેમ પણ માનવામાં આવે છે. ૨૦૧૫ના અભ્યાસમાં વાઇરસ તૈયાર કરવા વિશેની ટેક્નિકનો વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને આવો વાઇરસ છૂટો મૂકવાથી જગત આખું પાંગળું અને લંગડાતું બની જશે તે પણ જણાવાયું છે. વ્યાપક મરણ નીપજશે, શિકાર દેશના લોકોની માનસિક સમતુલા ખોરવાઈ જશે, લાંબા સમય સુધી આર્થિક બેહાલી સર્જાશે વગેરે પરિણામો જણાવવામાં આવ્યાં છે. ઉપરાંત એ જણાવાયું છે કે, 'એક પણ ગોળી છોડ્યા વગર દુશ્મન દેશને ઘૂંટણિયા ટેકવવા માટે મજબૂર કરવા આ સાર્સ નામનો વાઇરસ શ્રેષ્ઠ છે.'

રિપોર્ટમાં જણાવાયું હતું કે આ વાઇરસનો હુમલો દુશ્મન દેશની આરોગ્ય વ્યવસ્થાને ખોરવી નાખશે. ચીને જૈવિક યુદ્ધ શરૂ કર્યું હોય તેવા અન્ય સંકેતો પણ મળે છે. વુહાનમાં વાઇરસોનાં સંશોધનો માટે બે લેબોરેટરીઓ છે. ડબલ્યુ આઈ વીની સ્થાપના ફ્રાન્સની મદદ વડે થઈ હતી. તેના વડા અધિકારીઓ તરીકે ચીની સેનાના બે મેજર જનરલ છે. તેમાંના એક આગળ લખ્યું તેમ મેજર જનરલ મૅડમ શી ઝેંગ લી છે. એણે અમેરિકામાં બેટ્સ કોરોના વાઇરસ વિષે અભ્યાસ કર્યો હતો, તેથી હાલમાં એ ચીનમાં 'બેટ વૂમન' તરીકે જાણીતાં થયાં છે. બીજા મેજર જનરલ કેઓ વેઈ છે, જેમણે મર્સ અને ઈબોલા વાઇરસનો ઊંડો અભ્યાસ કર્યો છે. ચીનની લેબોરેટરીઓના વડાઓ સેનાના અધિકારીઓ છે, તે જ સેના અને વાઇરસના જોડાણ અને મહત્ત્વને સ્પષ્ટપણે સમજાવે છે.

એ ઘટના પણ હવે ફરીથી તાજી થઈ છે, જેમાં ૨૦૧૨માં ચીનના છ ખાણિયા એક વણવપરાતી તાંબાની ખાણમાં પ્રવેશ્યા હતા

પ્રાણીશાસ્ત્રી વિજ્ઞાની પીટર દસ્ઝાક ઇકોહેલ્થ અલાયન્સના વડા છે

અને ન્યુમોનિયા લાગુ પડવાથી મરણ પામ્યા હતા. કોવિડ-૧૯ને કારણે દર્દીનાં ફેફસાંઓ કડક થઈ જાય છે, એવાં જ કડક ફેફસાં એ ખાણિયાઓનાં થઈ ગયા હતાં. ૨૦૧૩માં તે સ્થળ પર એક ટીમ મોકલવામાં આવી હતી અને ૨૩૬ બેટ્સ (વડવાગોળ)ના લોહીના નમૂના લેવાયા હતા. ૨૦૧૬માં તે તપાસનાં પરિણામો જાહેર કરાયાં અને બેટ્સ કોરોના વાઇરસ શોધી કઢાયો હતો. તેને આરએબીટી કોવ-૪૯૯૧ તરીકે ઓળખ અપાઈ હતી. પાછળથી મળેલા આરએટીજી-૧૩ સ્ટ્રેઇન્સ સાથે આ વાઇરસ મેચ થતો હતો. આરએટીજી હાલના કોવિડ-૧૯ વાઇરસ સાથે ૯૬ પોઈન્ટ બે ટકા મેચ થાય છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાની તપાસ ટીમનો રિપોર્ટ અને વિજ્ઞાની નિકોલસ વેડ દ્વારા તેનો બારીકાઈથી અભ્યાસ કરીને મૅડમ શી ઝેંગ લીની કરતૂતો પકડી પાડવામાં આવી હતી. મૅડમ શીએ તૈયાર કરેલી રીત મુજબ ૨૦૧૫માં નવા ફેરફારો સાથેનો વાઇરસ તૈયાર કરાયો. જે માનવીના શ્વસન-તંત્રમાં ચીટકી જાય અને ઝડપથી લોકોમાં ફેલાય. ૨૦૧૬માં અને ૨૦૧૭માં વુહાન ઈન્સ્ટિટ્યૂટમાં તેના પર સંશોધનો ચાલુ રહ્યાં, પરંતુ ૨૦૧૭માં અમેરિકન ટીમ વુહાન ગઈ હતી અને તેણે જોયું કે વાઇરસ બાબતનો કોઈ પ્રોટોકોલ જળવાતો નથી અને જો લીક થઈ જાય તો ખતરનાક સાબિત થઈ શકે તેમ છે. આ કારણથી વાંધો લેવાથી ચીન અને અમેરિકાની લેબોરેટરીઓ અને વિજ્ઞાનીઓ વચ્ચેના સંબંધો કથળી ગયા અને બંને દેશોના વિજ્ઞાનીઓ વચ્ચેનો સંપર્ક પણ સાવ ઘટી ગયો. ઝેંગ લીના ચાર પેપર્સ પણ નેટ પરથી ઊતારી લેવામાં આવ્યા.

દરમિયાન યુ.કે. અને નોર્વે ખાતેના વિજ્ઞાનીઓ ડૉ. એન્જિસ દલગાલેહ અને બર્જર સોરનસેન દ્વારા હમણા ખાતરીપૂર્વક પુરવાર કરવામાં આવ્યું કે, વુહાનનો કોરોના વાઇરસ કોઈ કુદરતી વાઇરસ નથી, પરંતુ તેને ચોક્કસપણે લેબોરેટરીમાં તૈયાર કરવામાં આવ્યો છે. બેટ કોરોના વાઇરસની સાથે સાર્સ વાઇરસની હૂક જોડી દેવામાં આવી છે. જેથી તે માનવ શરીરમાં પ્રવેશીને ચીટકી જાય. જે હૂક મોલેક્યુલ (હૂક તત્ત્વ) છે તે ચાર પ્રકારના પોઝિટિવલી ચાર્જ્ડ અમિનો એસિડ છે, જે નેગેટિવલી ચાર્જ્ડ માનવ કોષો સાથે ચીટકી જાય છે અને તેનો ચેપ ખૂબ ઝડપથી ફેલાય છે.

આ ઉપરાંત એ થિયરી કે જેમાં કહેવામાં આવે છે કે વુહાનના જીવજંતુ બજારમાંથી આ કોવિડ-૧૯ના વાઇરસ ફેલાયા છે તે થિયરીમાં ઘણા છિદ્રો છે. માર્કેટથી એ બેટ્સ ૫૫૦ કિલોમીટર દૂર જોવા મળે છે. તે નાનજિંગ અને યુનાન ખીણો તરીકે ઓળખાય છે અને ત્યાં બેટ્સના નમૂના મેળવવા વુહાન લેબના છ વિજ્ઞાનીઓ ગયા હતા, જેમાંના ત્રણ કોવિડ જેવાં જ લક્ષણોનો ભોગ બનીને ૨૦૧૯ની પાનખરમાં મરણ પામ્યા હતા.

આપણને જણાવવામાં આવ્યું છે તે મુજબ ચીનાઓને કોવિડ વાઇરસની નવેમ્બર ૨૦૧૯માં પ્રથમ વખત જાણ થઈ, પણ શક્ય છે કે ત્રણ વિજ્ઞાનીઓનાં મરણને કારણે તેઓ અગાઉથી જાણતા હોય. ફેબ્રુઆરી ૨૦૨૦માં ચીને કોવિડ-૧૯ની હાજરીનો પ્રથમ વખત સ્વીકાર કર્યો. ચીનના વિદેશ મંત્રીએ પડોશના તમામ દેશોને સરહદો ખુલ્લી રાખવા અપીલ કરી હતી. શું કામ? વાઇરસ ફેલાવી શકાય તે માટે? એક વાત ચોક્કસ છે કે કદાચ વાઇરસ અકસ્માતે લેબોરેટરીમાંથી લીક થઈ ગયો હોય કે પછી ઇરાદાપૂર્વક તેને ફેલાવવામાં આવ્યો હોય, પરંતુ ત્યાર બાદ ચીન દ્વારા જે વર્તન થયું તે પુરવાર કરે છે કે ચીન કોરોના વાઇરસનો એક શસ્ત્ર તરીકે અખતરો કરી રહ્યું હતું. ■

ચીને કોવિડ-૧૯ની હાજરીનો પ્રથમ વખત સ્વીકાર કર્યો ત્યારે ચીનના વિદેશ મંત્રીએ પડોશના તમામ દેશોને સરહદો ખુલ્લી રાખવા અપીલ કરી હતી. શું કામ? વાઇરસ ફેલાવી શકાય તે માટે?

બાઇબલનો પ્રચાર કરતી કિન્નર નામે સોનમ

અમરાવતી જિલ્લાની રહેવાસી સોનમ કિન્નર હતી. હવે ઑપરેશન કરાવીને તેઓ મહિલા બની ગયા છે. છતાં સમાજનો તેમને જોવાના નજરિયામાં કોઈ બદલાવ નથી આવ્યો. સોનમ સમાજના દૃષ્ટિકોણને બાજુ પર રાખીને, જીવનના સંઘર્ષ અને તકલીફોમાંથી બહાર આવીને, સમાજમાં પ્રેમ અને શાંતિના સંદેશ પ્રસરાવી રહી છે.

latika.suman@sambhaav.com

હું સોનમ. એક કિન્નર. આપ સહુને મારા નમસ્તે. જય મસિકી. સત શ્રી અકાલ. આદાબ. બધા ગુજરાતવાસીઓને મારા પ્રણામ અને મહારાષ્ટ્રના બધા લોકોને માનાચા મુજરા.

સોનમ નામ મને મારી બિરાદરીમાંથી મળ્યું. જ્યારે ઘરવાળાને ખબર પડી કે હું કિન્નર છું, ત્યારે તેમણે મારી સાથે સંબંધ તોડી નાખ્યો. એ સમયે મારું જૂનું નામ, મારો ધર્મ અને મારી સાથે જોડાયેલું મારું અસ્તિત્વ બધું એક ક્ષણમાં ખતમ થઈ ગયું. એ પછી મારા ગુરુએ મને એક નવી ઓળખ આપી. ત્યાર બાદ બધા મને સોનમ નામથી ઓળખવા લાગ્યા. આ મારી નવી ઓળખ હતી, પણ મારી નવી ઓળખ મારા સમગ્ર અસ્તિત્વને હચમચાવી રહી હતી અને વારંવાર એક જ સવાલ કરી રહી હતી કે, હું આવી કેમ છું? કેમ મને કોઈ પ્રેમ નથી કરતું? જેણે બાળપણથી લઈને અત્યાર સુધી મને અઢળક પ્રેમ આપ્યો એ પિતાએ પણ મને ધુત્કારી દીધી. આખરે મારો વાંક શું છે? શું હું પૂર્ણ સ્ત્રી કે પૂર્ણ પુરુષ નથી?

હું મહારાષ્ટ્રના અમરાવતીની રહેવાસી છું. જ્યારે હું જન્મી ત્યારે છઠ્ઠા દિવસે મારી માતા મૃત્યુ પામી. મેં મારી માતાને નથી જોઈ. મારા પિતાજીએ બે લગ્ન કર્યા હતા. પહેલી પત્ની દ્વારા તેમને ત્રણ બાળકો હતાં. બે દીકરા અને એક દીકરી. જે નોર્મલ જન્મ્યાં હતાં. મારી મા એમની બીજી પત્ની હતી. એ મને જન્મ આપતાંની સાથે મૃત્યુ પામી. તેથી મારા પિતા અને ફોઈએ મા વગરનું બાળક સમજીને મારો ઉછેર કર્યો અને મને અઢળક પ્રેમ આપ્યો. મારા પિતાજી ખેડૂત હતા, સાથે જ તેઓ મર્ચન્ટ નેવીમાં કામ કરતા હતા. તેમણે મારું ઍડ્મિશન સ્કૂલમાં કરાવી દીધું. હું ભણવા લાગ્યો. હું સારા માર્ક્સએ પાસ થતો હતો, પણ હું છોકરો હતો છતાં પણ હું છોકરીઓ સાથે રહેતો. મારા ઘરવાળાને આ વાત પસંદ નહોતી. આ કારણથી મારે ક્યારેક માર પણ ખાવો પડતો. બધા છોકરાઓમાં હું સારો ડાન્સ કરતો હતો. શાળામાં જ શરૂ કરેલા ક્લાસિકલ ડાન્સના સાતેય ફોર્મને હું શીખી ગયો હતો. મેં નાલંદા યુનિવર્સિટી કલ્ચરલ ઓફ ડાન્સિંગ સેન્ટર ઇન મુંબઈમાંથી નૃત્યની શિક્ષા મેળવી. આજે હું કથક, ભરતનાટ્યમ, કથકલી, મોહિનીઅટ્ટમ, કુચિપુડી, મણિપુરી અને ઓડિશા એમ સાતેય ફોર્મમાં ઉત્કૃષ્ટ નૃત્ય કરું છું અને સાથે મહારાષ્ટ્રની લાવણી પણ પેશ કરું છું. મને નૃત્ય આવડે છે, પણ હું અત્યારે એ નથી કરતી, કારણ કે મેં હવે મારી દિશા બદલી નાખી છે. જ્યારે હું સ્કૂલમાં હતી ત્યારે હું મારા નૃત્યને કારણે પ્રસિદ્ધ હતી. એક છોકરો થઈને પણ હું નવવારી સાડી પહેરીને સ્કૂલના કોઈ ફંક્શનમાં ઉત્કૃષ્ટ લાવણી કરતી હતી. ત્યારે એ વાતની પણ ચર્ચા થતી કે આ છોકરો હોવા છતાં છોકરીઓની જેમ આટલો સારો ડાન્સ કરી લે છે. એ સમયે મારી પીઠ પાછળ મને મામુ, ડબલ રોટી, હીજડા અથવા ગે કહીને મારી મજાક ઉડાવવામાં આવતી. હું આ બધી વાતોથી અજાણ હતો. આ વાતો મારી સમજની બહાર હતી, કારણ કે એ સમયે એ શબ્દોના અર્થ સમજમાં નહોતા આવતા. હું એ બધું ઇગ્નોર કરતી હતી. એ દિવસોમાં અમે પુનાની નજીક ફૂલગાવમાં રહેતા હતા. મારા મામા ડિફેન્સમાં લેબરની પોસ્ટ પર નોકરી કરતા હતા. તેઓ મૃત્યુ પામ્યા. અમે વરધા આવી ગયા. અહીં હું દસમા ધોરણની પરીક્ષા આપી ચૂક્યો હતો. હું સારા માર્ક્સએ પાસ થઈ ગયો, ત્યારે વધુ અભ્યાસ માટે મને હોસ્ટેલમાં

મૂકવામાં આવ્યો, કારણ કે હું છોકરીઓ સાથે રમતી હતી. મારા ઘરવાળાને એ પસંદ નહોતું. હું કિન્નર છું એ વાત મને ખબર નહોતી. સાથે જ મારા ઘરવાળા પણ આ વાતથી અજાણ હતા. મારી છોકરીઓ સાથે રહેવાની આદત તેમને પરેશાન કરતી. હોસ્ટેલમાં રહીને સુધરી જઈશ. સારું ભણીગણીને આગળ વધીશ એવું સપનું તેમણે જોયું હતું. અગિયારમા ધોરણમાં પણ હું મારા સર્કલમાં નૃત્યને કારણે પ્રસિદ્ધ હતો. મારું નિકનેમ ચીકુ છે. મારી પીઠ પાછળ અહીં પણ મને ચીઢવવામાં આવતો કે હું પુરુષ જેવો નથી.

એ દિવસોમાં સ્કૂલમાં ઇન્સ્પેક્શન થતું. મેડિકલ ચેકઅપ પણ કરવામાં આવતું. હું જે હોસ્ટેલમાં રહીને અગિયારમા ધોરણનો અભ્યાસ કરી રહ્યો હતો ત્યાં મારું મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું, જેમાં મારા હોર્મોન બધી રીતે અલગ નીકળી આવ્યા. અગિયારમા ધોરણનું રિઝલ્ટ આવ્યું. મારા ફોઈ રિઝલ્ટ લેવા આવ્યાં. પ્રિન્સિપાલે મારા ફોઈને ઑફિસમાં બોલાવ્યા. મને બહાર જવા કહ્યું. હું એક કિન્નર છું - એ શબ્દો સાંભળતા જ મારા ફોઈ આઘાત પામ્યાં. તેઓ મને ઘરે લઈ આવ્યાં અને ઘરે મારા વિશે વાત કરી. એ જ ક્ષણે જાણે હું મારા ઘરવાળા માટે એક કલંક બની ગયો. મારા પિતા કે જેઓ મને ખૂબ ચાહતા હતા તેઓ મને નફરતની નજરે જોવા લાગ્યા. મારા ફોઈએ તો મારી માને લઈને પણ ખરીખોટી વાતો સંભળાવી દીધી. ત્યાં સુધી કહ્યું કે અમારા ખાનદાનમાં આવી કોઈ ઓલાદ નથી જન્મી. ચોક્કસ આ બીજા કોઈનું પાપ છે. જેણે આ પાપ કર્યું છે એ તો જન્મ આપીને મરી ગઈ. તું અમારું લોહી ના હોઈ શકે.

એ દિવસ પછી ઘરમાં મારું જીવવું દુષ્કર થઈ પડ્યું. બદનામીના ડરના કારણે મને હોસ્ટેલમાંથી પણ નીકાળી દેવામાં આવ્યો. હવે મારું ઍડ્મિશન મુંબઈ કરાવવામાં આવ્યું. હું બારમા ધોરણનો અભ્યાસ કરવા લાગ્યો, પણ ઘરવાળાના શબ્દો મને પરેશાન કરતા હતા. હું હોસ્ટેલમાં હતો. બધું જ સારું હતું.

હાલમાં સોનમ મથુરામાં લોકોની વચ્ચે પ્રભુના વિચારોનો પ્રચાર-પ્રસાર કરી રહી છે

મારે ભણવું હતું. આગળ વધવું હતું અને અચાનક મારી જિંદગીમાં તોફાન જેવું આવી ગયું. હું બધાને નફરત કરવા લાગ્યો. ઉદાસ રહેવા લાગ્યો. મારા પરિવારવાળા મને લઈને શરમ અનુભવવા લાગ્યા. મારા ફોઈએ કિન્નર કમ્યુનિટીને ફોન કર્યો. તેઓ આવ્યા અને મને તેમની સાથે લઈ ગયા. ત્યાં સુધીમાં મારો બારમા ધોરણનો અભ્યાસ પૂરો થઈ ચૂક્યો હતો. મારે આગળ ભણવું હતું. મેં શરદ પવાર ડેન્ટલ કૉલેજમાં બીડીએસ, (બેચલર ઓફ ડેન્ટલ સર્જરી) ફર્સ્ટ યરમાં ઍડ્મિશન લીધું. મારી ગુરુ કરિશ્મા મને સમજાવતી કે આપણુ કામ ભણવાનું નથી. આપણે તો તાળી વગાડવાની છે, પૈસા માગવાના છે. એનાથી જ આપણુ પેટ ભરાશે. આ સમાજ આપણને સ્વીકારશે નહીં. મારા ગુરુએ મને ખાવાનું બનાવવાથી લઈને ઝાડુ મારવાનું, લાદી સાફ કરવાનું કામ શીખવ્યું. તાળી તો હું પહેલાં પણ વગાડતો હતો, પણ સાચી રીતે કિન્નરોની જેમ તાળી વગાડવાનું મને મારા ગુરુએ શીખવાડ્યું.

મેં ડેન્ટલ કૉલેજમાં ઍડ્મિશન લઈ તો લીધું પણ કોઈ મારી સાથે વાત નહોતું કરતું. હું જે બેન્ચ પર બેસતો એની પર કોઈ નહોતું બેસતું. જાણે કોઈને મારામાં ઇન્ટરેસ્ટ નહોતો. પ્રોફેસર પણ મારી સાથે વાત કરવા ઉત્સુક નહોતા. આખરે મારે એ કૉલેજને રામ રામ કરીને ગુરુ પાસે જઈને તાળી વગાડવાની સાચી શિક્ષા લેવી પડી. હું નૃત્ય સારું કરતી હતી, તેથી હું મારા ગુરુની લાડલી હતી. જ્યારે અમે કોઈને ત્યાં માગવા જતા હતા ત્યારે મારા નૃત્યને કારણે કમાણીમાં ફરક પડતો હતો. હવે હું કારણ વિના બકબક કરવાનું શીખી ગઈ હતી. મોટી મોટી વાતો કરીને પૈસા ખેંચવા, મોટા મોટા આશીર્વાદ આપવા, કોઈએ પૈસા ન આપ્યા તો ખૂલીને મોટી મોટી ગાળો આપવાનું મને આવડી ગયું હતું. આ કમ્યુનિટીમાં મારા ભણતર, મારી સારી બોલચાલ અને મારા જ્ઞાનનો કોઈ ઉપયોગ નહોતો. સ્કૂલનો એક હોશિયાર વિદ્યાર્થી, એક ખેડૂત અને એક મહેનતી બાપનો દીકરો - મારી આ ઓળખાણ હવે ભૂંસાઈ ગઈ હતી. મારું નામ, મારી જાતિ, મારો ઈશ્વર, મારો ધર્મ, મારા સંબંધીઓ અને મારી બાળપણની સહેલીઓ જે સાથે રમીને એકબીજાનું સુખદુઃખ વહેંચતી હતી, એ બધાથી મને નફરત થઈ ગઈ હતી, કારણ કે આ બધાને મારી ઓળખ ખટકતી હતી.

તાળીઓ વગાડો, ભીખ માગો, ગાળો આપો અને ગાળો સાંભળો. શું સમાજને મારા માટે પ્રેમ નહોતો. આવા હજારો સવાલ મારા મનમાં ઊઠતા હતા, પણ એ સમયે આ સવાલોના જવાબ આપનારું મારી સામે કોઈ નહોતું. હવે હું સ્ત્રીનો વેશ ધારણ કરીને એક કિન્નર બની ગઈ હતી. હું મારી જાતને શરાબમાં ડૂબાડવા લાગી. ગુટખા ખાવા લાગી. નશો કરવા લાગી. હવે આ જ મારી જિંદગી હતી. હું પણ અન્ય કિન્નરોની જેમ

અગિયારમા ધોરણમાં સ્કૂલમાં મેડિકલ ચેકઅપ દરમિયાન સોનમના હોર્મોન અલગ નીકળી આવ્યા. પ્રિન્સિપાલે સોનમના ફોઈને સોનમના કિન્નર હોવાની વાત જણાવી

અંધકારમાં જીવવાનું શીખી ગઈ.

અત્યારે મથુરામાં રહીને ખ્રિસ્તી ધર્મગ્રંથ બાઇબલના વિચાર ગામડે ગામડે જઈને લોકો વચ્ચે રહીને પ્રેમ અને શાંતિનો પ્રચાર કરવાવાળી સોનમ મસીહ પોતાની વેદના 'અભિયાન' સામે પ્રકટ કરી રહી હતી. 'અભિયાને' જ્યારે તેમને સવાલ કર્યો કે તમારો સંક્ષિપ્તમાં પરિચય આપો ત્યારે સોનમ બોલતી જ ગઈ. 'અભિયાને' તેમની વાતોને કાપ્યા વિના એમને બોલવા દીધા.

તમે જ્યારે સ્કૂલમાં ભણી રહ્યા હતા, ત્યારે તમે અને તમારા ઘરવાળા આ વાતથી અજાણ હતા કે તમે એક કિન્નર છો. છતાં તમને ચીઢવવામાં આવતા. વાત ચીઢવવા સુધી જ સીમિત રહી કે તમને ક્યારે કોઈએ અન્ય તકલીફો પણ આપી? 'અભિયાન'ના આ પ્રશ્ન પર સોનમ મસીહએ કહ્યું કે, લોકોનું ચીઢવવું, ટોર્ચર કરવું મને અંદર ને અંદર ખતમ કરી રહ્યું હતું, પણ એ ઉપરાંત પણ મને તકલીફ આપવામાં આવી, જે એક કિન્નરને આપવામાં આવે છે, પણ પહેલીવાર હું એ વાતથી અજાણ હતી કે મારી સાથે શું થયું છે. એ બધું મારી સમજની બહાર હતું. સ્કૂલમાં જ્યારે હું ચોથા ધોરણમાં ભણતી હતી ત્યારે રવિવારના દિવસે બાળકોને શાળામાં પોલિયોના ડોઝ આપવામાં આવતા. તેની જાણકારી આપવા સ્કૂલના હોશિયાર વિદ્યાર્થીઓને સિલેક્ટ કરવામાં આવતા. જે ઘરે ઘરે જઈને પોલિયો અંગે જાણકારી આપતા. એ દિવસોમાં મારા કપડાં પહેરવાની સ્ટાઇલ હટકે હતી. મને ઢીલાં કપડાં પહેરવા નહોતાં ગમતાં. હું ટાઇટ કપડાં પહેરતી. હું પોલિયોની જાણકારી આપવા એક ઘરે ગઈ. હું દરવાજા પર પહોંચી. મેં દરવાજો ખટખટાવ્યો. હું કશું બોલતી એટલામાં કોઈએ મને જોરથી ખેંચી. મારું મોઢું દબાવ્યું અને પછી... એ માણસે મારી સાથે જે વર્તન કર્યું એ મારી સમજની બહાર હતું. હું બહુ ડરી ગયો હતો. હું બહાર નીકળ્યો. ત્યારે મારું આખું શરીર દુ:ખી રહ્યું હતું. હું ચાલી નહોતો શકતો. એ માણસે મને ધમકી આપીને કહ્યું

સોનમના મતે દરેક ધર્મ પ્રેમ અને શાંતિનો સંદેશ આપે છે

કે જો તેં કોઈને આ વિશે કશું કહ્યું છે તો હું તને એ જ જગ્યાએ ચપ્પુ મારીશ. હું ત્યાંથી ચુપચાપ મારા ઘરે પહોંચ્યો. મને ડરેલો જોઈને ફોઈએ મને ઘણા સવાલ પૂછ્યા પણ મેં કંઈ ના જણાવ્યું, પણ હું ચાલી નહોતો શકતો. મારા ફોઈ મને ઘણા સવાલ પૂછી રહ્યા હતા, પણ હું ચૂપ હતો. આ આઘાતે મારા મનમાં ઘણા દિવસો સુધી જગ્યા બનાવી લીધી હતી. જેના કારણે હું હંમેશાં ડરેલો અને અસુરક્ષિત મહેસૂસ કરતો. સોનમ જેટલી ગંભીરતાથી આ ઘટના સંભળાવી રહી હતી, બીજી જ ક્ષણે હસતાં હસતાં એણે કહ્યું કે મને ક્યાં ખબર હતી કે સ્કૂલના દિવસોમાં ઘરે ઘરે જઈને હું પોલિયોની ડોઝ લેવાની જાણકારી આપવા જતી, એ પછી કેટલાય ઘરે જઈને મારે તાળીઓ વગાડીને બાળકોને દુઆ આપીને બધાઈ માગવી પડશે. આ સાથે જ અન્ય એક ઘટનાનો ઉલ્લેખ કરતાં સોનમે આગળ કહ્યું કે, જ્યારે હું આઠમા ધોરણમાં ભણતી હતી ત્યારે એ સમયે મારા પીટી ટીચરે સ્કૂલમાં મારા પર રેપ કર્યો હતો. તેણે મને ઈન્જેક્શન આપ્યું. હું બેહોશ થઈ ગયો. જ્યારે હું કપડાં વિના બેન્ચ પર પડ્યો હતો ત્યારે સ્કૂલના એક ચપરાસીની નજર મારા પર પડી. તેણે મારા કપડાં ઠીક કર્યા. ક્યાંકથી ચાદર લઈ આવીને મને લપેટી. આજે એ ચપરાસી માટે મારી અંદરથી દુઆ નીકળે છે. મને ખૂબ બ્લિડિંગ થયું હતું. મારા ઘરવાળાને બોલાવીને મને ડૉક્ટર પાસે લઈ ગયા. ત્યારે પીટી ટીચર પર કેસ દાખલ થયો. એ ઘટનાએ મને હચમચાવી નાંખ્યો હતો, પણ ત્યાં સુધી મને કે મારા ઘરવાળાને એ વાતની ખબર નહોતી કે હું એક કિન્નર છું. જ્યારે હું અગિયારમા ધોરણના અભ્યાસ સમયે પ્રિન્સિપાલ દ્વારા મારા ફોઈને ખબર પડી ત્યારે મારા ફોઈએ મને ઠપકો આપતા આઠમા ધોરણની ઘટનાનો ઉલ્લેખ કરતા કહ્યું કે તું આવો છે એવું તારા પીટી ટીચરને ખબર હતી. એટલે આટલા બધા બાળકોમાંથી એણે તારી સાથે આવું કૃત્ય કર્યું હતું. આ ઘટનાનો તે વારંવાર ઉલ્લેખ કરતી. પછી હું પણ મારા ગુસ્સા પર કાબૂ નહોતો રાખી શકતો અને તેમની જોડે ઝઘડી પડતો. જે વાત પીટી ટીચરને ખબર પડી એ આટલાં વર્ષો સુધી મને કેમ ન પડી કે હું આવો છું - આ મુદ્દે અમારા બંને વચ્ચે ઝઘડા થતા હતા, કારણ કે હું માનસિક રીતે ઘણો થાકી ગયો હતો. મારી સાથે બળાત્કાર થયો હતો. એ વાત સાથે તેમને કોઈ લેવા દેવા નહોતી. હવે જાણે હું એમના માટે બોજારૂપ બની ગયો હતો. તેથી જો ઘરે પણ કોઈ મારું અપમાન કરતું તો હું પણ તેમને જવાબ આપવામાં પાછી નહોતી પડતી. જાણે હું બધાનો આદર કરવાનું ભૂલી ગઈ હતી.

તો હવે તમે પ્રેમ અને શાંતિની વાત કરો છો અને સમાજને પણ પ્રેમ કરવાનું શીખવાડો છો? આ બદલાવ કેવી રીતે આવ્યો? આ બદલાવ મારામાં મારા પ્રભુ ઈશુએ કર્યો, તરત જવાબ આપતાં સોનમે કહ્યું. હું એક ઈવેન્ટમાં ગઈ હતી. ત્યાં મેં નૃત્યમાં ભાગ લીધો. હું નૃત્યના મુદ્દામાં મારી પ્રશંસા જ કરીશ, કારણ કે હું ખૂબ સારું નૃત્ય કરતી હતી. મારા નૃત્યની ચર્ચા પણ થતી હતી. એ ઈવેન્ટમાં મારો પરિચય એક છોકરા સાથે થયો. અમે બંને એકબીજાના પ્રેમમાં ડૂબી ગયા. હવે અમે એકબીજા વિના રહેવા નહોતા માગતા. એ સમયે તેણે મને કહ્યું કે તું પૂરી રીતે છોકરી બની જા. મેં તેને પ્રશ્ન કર્યો. તો અત્યારે હું શું છું. તેણે કહ્યું કે તું પુરુષ પણ નથી કે પૂરેપૂરી સ્ત્રી પણ નથી. હવે તારે મારા માટે સ્ત્રી બનવું પડશે. જ્યારે અમે અમારી કમ્યુનિટીના વિરોધમાં કોઈ પગલું ભરીએ છીએ ત્યારે અમારે ઘણુ સહન કરવું પડે છે, પણ હું એ

સોનમ કિન્નર છે એ વાત જાણતા જ તેના પરિવાર, મિત્રો અને સહાધ્યાયીઓએ મોઢું ફેરવી લીધું. તેની મજાક ઉડાડવામાં આવતી. સોનમ માનસિક રીતે ભાંગી પડી હતી

પ્રેમીના પ્રેમમાં એટલી ડૂબી ગઈ હતી કે મેં એની વાત માની લીધી. મેં મારું ઑપરેશન કરાવ્યું. હું છોકરી બની ગઈ. અમે એક સાથે રહેવા લાગ્યા અને એકબીજાને ખૂબ પ્રેમ કરવા લાગ્યા, પણ મારી કિસ્મતને આ વાત પણ મંજૂર નહોતી. એ છોકરો અચાનક મને છોડીને ચાલ્યો ગયો. હું ખૂબ રડી, ચિલ્લાઈ, આજીજી કરી પણ તેને મારી પર થોડી પણ દયા ન આવી. આ ઘટના મારા માટે એટલી આઘાતજનક હતી કે મને આખી દુનિયા માટે નફરત થઈ ગઈ. આ આઘાતમાંથી બહાર નીકળવા માટે મારે છ મહિના સુધી સાઈકિયાટ્રિસ્ટની ટ્રીટમેન્ટ લેવી પડી. એ સમયે ચર્ચના લોકો મારા ઘરે આવવા-જવા લાગ્યા. એક દિવસ તેઓ મને ચર્ચમાં લઈ ગયા. હું ત્યાં પ્રભુની વાત સાંભળવામાં તલ્લીન થઈ ગઈ અને જોર જોરથી રડવા લાગી. હું એટલું બધું રડી કે મારા આંસુ રોકાઈ નહોતાં રહ્યાં. પછી હું ઘરે આવી અને મેં એ માણસને મારી અંદરથી મારી નાંખ્યો. મેં મારી જાતને કહ્યું કે, જે તને દગો આપીને ગયો છે, એ હંમેશ માટે હવે મરી ચૂક્યો છે. મેં ઘરે જ તેની મૃત્યુ પર આંસુ વહાવ્યા. એ દિવસ બાદ જાણે મારા આંસુ સુકાઈ ગયા. ત્યાર પછી હું ક્યારેય નથી રડી. હું રોજ ચર્ચ જવા લાગી અને પ્રભુની વાત સાંભળવા લાગી.

તમે જ્યારે એકલતા અનુભવી રહ્યા હતા, ત્યારે તમારા ગુરુ સિવાય બીજા કોણે તમને આધાર આપ્યો અથવા માર્ગદર્શન આપ્યું? સોનમે જવાબમાં કહ્યું કે, એ રીતે એક વ્યક્તિ પહેલેથી મારા પરિચયમાં આવી હતી. તે આજે પણ મારી માર્ગદર્શક છે. તેણે મને એ હાલતમાં પણ જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરી, કારણ કે હું મારા જીવનથી કંટાળી ચૂકી હતી. આજે તે મારી મા બની ગઈ છે. હું તેને મમ્મી કહીને બોલાવું છું. મેં ક્યારેય મારી માને નથી જોઈ, પણ મમ્મીએ મને બહુ વહાલ આપ્યો, જે વહાલને હું ઝંખતી હતી. તેમનું નામ અનુપમા નગરકર-બુજાડે.

મમ્મી (અનુપમા) સાથે ફેસબુક ફ્રેન્ડના માધ્યમથી ઓળખાણ થઈ હતી. હકીકતમાં

માનસિક રીતે હતાશ થઈ ગયેલી સોનમે પ્રભુના ચીંધેલા રસ્તે ચાલવાનું પસંદ કર્યું

તેમણે મને ફેસબુક પર ફ્રેન્ડ બનાવતા પહેલાં જોઈ હતી. ૧૪ એપ્રિલના રોજ ચંદ્રપુરમાં ડૉક્ટર બાબા સાહેબ આંબેડકર જયંતી પર એક કાર્યક્રમ હતો. ત્યાંની સંસ્થાએ મને નૃત્ય માટે આમંત્રિત કરી હતી. મેં સારું નૃત્ય કર્યું. યુક્તિ મલ્ટીપર્પઝ સોસાયટીની ડાયરેક્ટર અનુપમા નગરકર-બુજાડે પણ ત્યાં હાજર હતી. તે મારા નૃત્યથી પ્રભાવિત થઈ. તેમણે ફેસબુક પર મારી સાથે દોસ્તી કરી. મારા એક સંબંધી તેમના પરિચિત હતા. તેમણે એમની પાસે મારો ફોન નંબર માગ્યો. હવે તેઓ મારી સાથે ફોન પર વાત કરવા લાગી. તેમની વાતોની મીઠાશ અને મારા જેવી કિન્નરને આપતા સન્માન, પ્રોત્સાહન આપવાનો સ્વભાવ મને સારો લાગવા લાગ્યો. હવે ફોન પર મારી દોસ્તી થઈ ગઈ. પછી અમારી મુલાકાત એક મોર્ચામાં થઈ. વર્ષ ૨૦૧૮માં જાન્યુઆરીમાં જમ્મુમાં કઠુઆમાં ૮ વર્ષીય બાળકી આસિફા બાનો પર થયેલા બળાત્કારના વિરોધમાં અમે આસિફાને ન્યાય મળે એ હેતુથી ત્યાં મોર્ચો નીકાળવા ગયા હતા. એ દિવસે થયેલી મુલાકાત બાદ અમે મળતા ગયા અને અમારો પ્રેમ સંબંધમાં બદલાઈ ગયો. મારી ગુરુ કરિશ્મા મારી અસ્મિતા સાથે જોડાયેલી છે, પણ મારી મમ્મી મારો આધાર અને મારી માર્ગદર્શક છે. મારા નિર્ણયોને તે સપોર્ટ કરે છે. હું હંમેશાં આગળ વધુ તેમની એ જ કામના હોય છે. એ દિવસોમાં મારા ગુરુની સાથે સાથે મારી મમ્મીએ પણ મને આધાર આપ્યો અને જ્યારે મેં પ્રભુના વિચારોને સામાન્ય લોકો સુધી પહોંચાડવાનો નિર્ણય લીધો ત્યારે મમ્મીએ મને પ્રોત્સાહિત કરી.

શું તમે ધર્મપરિવર્તન કર્યું છે અને હવે તમે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરી રહ્યા છો? આ પ્રશ્નના ઉત્તરમાં સોનમે કહ્યું કે, હું લગભગ ત્રણ વર્ષથી બાઈબલ વાંચું છું. કહેવામાં આવે છે કે આ ઈસાઈઓનો ધર્મગ્રંથ છે, પણ મને બાઈબલમાં ધર્મ સાથે જોડાયેલી કોઈ વાત નજર ના આવી. તેથી એક વાત તો સ્પષ્ટ છે કે હું કોઈ ધર્મનો પ્રચાર નથી કરી રહી. હકીકતમાં તો પ્રભુ ઈશુ મસીહએ પાપીઓ માટે જન્મ લીધો હતો. તેમને ક્રોસ પર લટકાવવામાં આવ્યા. એ સમયે પણ તેમણે પાપીઓને ક્ષમા કરવા માટે પોતાનું બલિદાન આપ્યું. મને હંમેશાંથી એવું લાગે છે કે આપણો આત્મા પવિત્ર છે તો બધા ધર્મ એકસમાન છે, કારણ કે કોઈ પણ ધર્મ ખોટી શિક્ષા નથી આપતો. જો આપણે તથાગત ગૌતમ બુદ્ધની વાત કરીએ છીએ તો તેમણે શાંતિનો સંદેશ આપ્યો. જ્યારે આપણે ભગવાન શ્રીકૃષ્ણને આંખો સામે લાવીએ છીએ તો આપણને રાધાકૃષ્ણનો પ્રેમ જોવા મળે છે અને જ્યારે હું પ્રભુ ઈશુને મારી નજર સમક્ષ લાવું છું તો મને પ્રેમ અને શાંતિના રાજકુમાર જોવા મળે છે. હું વર્ષ ૨૦૧૮થી સતત બાઈલબલ વાંચું છું. જ્યારે વારંવાર વાંચીને હું તેનો નિષ્કર્ષ

સોનમ ચાર વર્ષની હતી ત્યારે તેની સાથે દુર્વ્યહાર કરવામાં આવ્યો. આઠમા ધોરણમાં પીટી ટીચરે તેની પર બળાત્કાર કર્યો. સોનમ ઑપરેશન કરાવીને કિન્નરમાંથી મહિલા બની ગઈ

કાઢું છું તો મને તેમાં પ્રેમ સિવાય બીજું કશું જ નજર નથી આવતું. જો હું લોકોને એકબીજા સાથે પ્રેમથી વર્તવાનો સંદેશ આપતી હોઉં, હિંમતથી આગળ વધવા માટે તેમને પ્રોત્સાહન આપી રહી હોઉં અને તેમના જીવનમાં શાંતિ લાવવા માટે પ્રભુના વિચારો જણાવી રહી હોઉં તો હું ધર્મનો પ્રચાર કેવી રીતે કરું છું?

પણ હીજડા કમ્યુનિટીમાં લક્ષ્મીનારાયણ ત્રિપાઠી મહામંડલેશ્વર બની છે. કિન્નર કમ્યુનિટી પણ મોટાપાયે તેમને સહકાર આપી રહી છે. આ પ્રશ્નનો ઉત્તર આપતા સોનમ કહે છે કે, જે કિન્નરો તેમની સાથે એમને હું સલામ કરું છું, કારણ કે લક્ષ્મીજી એ સહુને મેઈન સ્ટ્રીમમાં લાવવાનો પ્રયાસ કરી રહી છે. સોનમ આગળ જણાવે છે કે લક્ષ્મીજીની જેમ જો આપણે ગૌરી સાવંતનું કામ જોઈએ તો તે માનવતાનું કામ કરી રહી છે અને જ્યારે આપણે પૂજા શર્માને જોઈએ છીએ તો તે અભિનેત્રી રેખાની જેમ તૈયાર થઈને પોતાની જાતને પ્રસ્તુત કરે છે. તો કેટલાક કિન્નરો સામાજિક કામ સાથે જોડાઈને અધિકારો માટે લડી રહ્યા છે, કારણ કે આજે પણ ઘણા કિન્નર રસ્તા પર ભીખ માગીને પોતાનો જીવનનિર્વાહ કરે છે. તેઓ એ પ્રકારનું જીવન જીવવા નથી ઇચ્છતા, પણ તેમનો અવાજ સાંભળનારું કોઈ છે નહીં. તેથી આજે કિન્નર કમ્યુનિટી મોટાપાયે પોત પોતાના કામ દ્વારા એ વાત જણાવવાનો પ્રયત્ન કરી રહી છે કે અમે જેવા છીએ એવા જ અમને સ્વીકારો. પરિસ્થિતિને બદલવા માટે જેને જે યોગ્ય લાગી રહ્યું છે, તે એ પગલાં ભરી રહ્યું છું.

તમે પણ એ જ પ્રયત્ન કરી રહ્યા છો, શું તમારા પ્રતિ લોકોના દૃષ્ટિકોણમાં બદલાવ આવ્યો? સોનમે આત્મવિશ્વાસ ભરેલા શબ્દોમાં કહ્યું, જ્યારે હું મારી કમ્યુનિટી સાથે મળીને ભીખ માગતી હતી ત્યારે લોકો મારું નૃત્ય જોઈને મને પૈસા ચોક્કસ આપતા હતા અને જ્યારે હું તેમને ગમતા આશીર્વાદ આપું ત્યારે તેઓ મને રૂપિયા આપતા. છતાં પણ તેમની નજરોમાં મારા માટે કોઈ પ્રેમ

સોનમને અપનાવનાર માતા અનુપમા નગરકર બુજાડે સાથે

કે સન્માન નહોતું જોવા મળતું, કારણ કે એ સમયે હું એ રૂપિયા વડે મારી રીતે જિંદગી જીવવા માગતી હતી, જે કુકર્મોથી ભરેલી હતી. શરાબ અને ઐયાશીથી ભરેલું જીવન જીવવું એ જ મારો મકસદ હતો, પણ જ્યારે હું પ્રભુ બતાવેલા માર્ગે ચાલવા લાગી ત્યારે મારી જિંદગી એક દાયરામાં બંધાઈ ગઈ. મારું ચાલ-ચલન, મારું ઊઠવું-બેસવું, બધાને પ્રેમ કરવું અને માન-સન્માન આપવું બધું જ બદલાઈ ગયું. મારા બોલવાના લહેજામાં ફરક આવ્યો. લોકો મને પ્રેમ કરવા લાગ્યા. મારી ઇજ્જત કરવા લાગ્યા. મારા આશીર્વાદ લેવા લાગ્યા અને હું ખુદા આગળ તેમના માટે પ્રાર્થના કરું એવું પણ કહેવા લાગ્યા. તેમનો મારા પરનો વિશ્વાસ વધવા લાગ્યો, કારણ કે મારો પ્રભુ પરનો વિશ્વાસ વધી ગયો હતો. આપણે જ્યારે પ્રભુની શરણમાં જઈએ છીએ, તેમના દાયરામાં રહીને તેમની વાતો માનીને તેમના બતાવેલા માર્ગ પર ચાલીએ છીએ તો દુનિયાએ પણ તેમનો દૃષ્ટિકોણ બદલવો જ પડે છે. પ્રભુના આશ્રયમાં રહીને મેં અનુભવ્યું છે કે જો તમે કોઈકને પ્રેમ આપ્યો છે તો એ તમને નફરત નથી કરી શકતું.

તમે બાઇબલ ઉપરાંત અન્ય કોઈ ધર્મગ્રંથનું વાંચન કર્યું છે? સોનમે જવાબ આપતા કહ્યું કે,હજુ સુધી તો નહીં. આ જવાબ પર જ્યારે સોનમને પૂછવામાં આવ્યું કે, બાઇબલમાં એવી કઈ વાત છે, જેના કારણે તમે પ્રભુના વિચારોથી પ્રભાવિત થયા? સોનમે જણાવ્યું કે, હું સમજતી હતી કે મને કોઈ પ્રેમ નથી કરતું. તેથી મેં ઘણીવાર ઈશ્વરને કોસ્યા હતા. ઈશ્વર પ્રત્યે મને ગુસ્સો હતો, પણ જ્યારે મેં બાઇબલ વાંચ્યું ત્યારે મને લાગ્યું કે પ્રભુ મને તેમના પુત્ર-પુત્રીઓ કરતાં પણ વધારે પ્રેમ કરે છે, જેને હું સમજી જ નહોતી. તેનાથી મારી આશા જાગી ગઈ. ત્યાર બાદ મેં મતી ચેપ્ટર વાંચ્યું. તેના ૧૯મા અધ્યાયમાં ૧૨મું વચન વાંચ્યું. જેમાં લખ્યું છે, કારણ કે કેટલાક નપુંસક એવા હોય છે, જે માતાના ગર્ભમાંથી જન્મ લે છે અને કેટલાક નપુંસક એવા હોય છે, જેને મનુષ્યએ નપુંસક બનાવ્યા છે અને કેટલાક નપુંસક એવા છે, જેમણે સ્વર્ગના રાજ્ય માટે પોતાની જાતને નપુંસક બનાવી છે. જે આને ગ્રહણ કરી શકે છે, તે ગ્રહણ કરે. આ વાક્યોએ મારો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલી નાખ્યો. જો પ્રભુ મને આટલો પ્રેમ કરે છે તો મારે બીજા કોઈના પ્રેમની શું આવશ્યકતા છે? જે પ્રેમ માટે હું રડતી રહી, હવે હું એ માર્ગ પર ચાલીશ, જે પ્રભુનો માર્ગ છે અને મેં મારા જીવનને બીજી તરફ વાળ્યું. મેં ઑપરેશન કરાવ્યું અને હું છોકરી બની ગઈ. હું મારી જાતને એક છોકરી જ સમજું છું, પણ સમાજનો મને જોવાના દૃષ્ટિકોણમાં ફેર નથી આવ્યો. આજે પણ તેઓ મને કિન્નર જ સમજે છે, જે ઓળખ હું સ્ત્રી હોવા છતાં મારા અસ્તિત્વ સાથે જોડાયેલી છે.

સોનમે તેના ભવિષ્યનું પ્લાનિંગ પણ કરી રાખ્યું છે. જેમાં તે સમગ્ર દેશમાં ફરીને પ્રભુના વિચારોનો પ્રચાર-પ્રસાર કરવા માગે છે. આ ક્ષેત્રમાં તે ઇન્ટરનેશનલ લેવલ પર કામ કરવા માગે છે. સોનમ મધર ટેરેસાના કામથી ખૂબ પ્રભાવિત છે અને એમની જેમ જે-તે લોકોની સેવામાં પોતાનું જીવન સમર્પિત કરવા માગે છે.

સોનમની વાતોમાં વિશ્વ માટે પ્રેમ ભરેલો છે. જીવનની બધી કડવાશોને ભૂલીને સોનમ ઈશ્વરે ચીંધેલા શાંતિના માર્ગ પર ચાલી રહી છે અને રાહથી ભટકેલા લોકોને ઈશ્વરની વાતો જણાવી રહી છે. સોનમની વાત સાંભળીને આ પંક્તિઓ યાદ આવે છે.

કિન્નર ગાંધર્વ દેવતાઓની વાત નહીં
માનવથી માનવનું મુક્ત મિલન જોઈએ. ■

નૃત્ય કરવામાં નિપુણ સોનમને વિવિધ કાર્યક્રમોમાં આમંત્રિત કરવામાં આવતી. સોનમ માતાના જે પ્રેમને ઝંખતી હતી એ પ્રેમ તેને અનુપમા નગરકર બુજાડે પાસેથી પ્રાપ્ત થયો

કચ્છમાં બની રહેલાં સાયક્લોન શેલ્ટર સેન્ટર

ગુજરાત રાજ્ય અંદાજે ૧૬૦૦ કિ.મી. જેટલો લાંબો દરિયા કિનારો ધરાવે છે. તેમાં પણ કચ્છ જિલ્લામાં સૌથી લાંબો દરિયા કિનારો છે. આથી અહીં વાવાઝોડાથી થનારી નુકસાની વધુ હોય છે. આથી જ ગુજરાત રાજ્ય ડિઝાસ્ટર મૅનેજમૅન્ટ ઑથોરિટી દ્વારા કચ્છમાં કાયમી રીતે લોકો માટે સગવડતા ઊભી કરવા માટે સાયક્લોન શેલ્ટર સેન્ટર બનાવાઈ રહ્યાં છે.

suchita@sambhaav.com

વિશાળ દરિયા કિનારો ધરાવતા કચ્છ જિલ્લાને વારંવાર વાવાઝોડા ધમરોળે છે. અનેક વખત જાનમાલને પણ ભારે નુકસાન થાય છે. આધુનિક ટૅક્નોલોજીની મદદથી હવે જ્યારે વાવાઝોડાની અચૂક આગાહીઓ શક્ય બની છે ત્યારે દરિયા કિનારે વસતા લોકોને વાવાઝોડાની વિનાશક અસરમાંથી બચાવવા વહીવટી તંત્ર દ્વારા સવેળા પગલાં ભરાય છે. દર વખતે અનેક ગામોના લોકોનું કામચલાઉ ધોરણે સ્થળાંતર કરાવવું પડે છે. આવા સ્થળાંતરિત લોકો માટે શાળા કે સમાજવાડીના મોટા હૉલમાં રહેવાની સગવડતા કરવામાં આવે છે, પરંતુ તે કાયમી હોતી નથી. દર વખતે આવી સગવડ ઊભી કરવી પડે છે. આથી જ ગુજરાત રાજ્ય ડિઝાસ્ટર મૅનેજમૅન્ટ ઑથોરિટી દ્વારા કચ્છમાં કાયમી રીતે લોકો માટે સગવડતા ઊભી કરવા માટે સાયક્લોન શેલ્ટર સેન્ટર બનાવાઈ રહ્યાં છે. અત્યારે જે ચાર સેન્ટર મંજૂર થયા છે તે માંડવીથી ગાંધીધામ સુધીના દરિયાઈ પટ્ટાનાં ગામોને આવરી લઈ શકે તેમ છે, પરંતુ અબડાસા, લખપત જેવા દૂરસુદૂરના અને અંતરિયાળ તાલુકાના દરિયાઈ પટ્ટીનાં ગામોમાં હજુ આવી સુવિધા ઊભી કરાઈ નથી. આ તાલુકામાં પણ સાયક્લોન શેલ્ટર સેન્ટર ઊભા કરવા અતિ જરૂરી છે.

દેશભરમાં સામાન્ય રીતે દર વર્ષે ૨થી ૩ વાવાઝોડા વિનાશ વેરે છે. ગુજરાત રાજ્ય અંદાજે ૧૬૦૦ કિ.મી. જેટલો લાંબો દરિયા કિનારો ધરાવે છે. તેમાં પણ કચ્છ જિલ્લામાં સૌથી લાંબો અંદાજે ૪૦૬ કિ.મી.નો દરિયા કિનારો છે. આથી અહીં વાવાઝોડાથી થનારી નુકસાની વધુ હોય છે. માંડવી, મુન્દ્રા, ગાંધીધામ, અંજાર, ભચાઉ, અબડાસા અને લખપત તાલુકાનાં અનેક ગામો દરિયા કિનારે વસ્યા છે. સામાન્ય રીતે મે- જૂન માસમાં આવતા વાવઝોડા વખતે ૧૨૩ જેટલાં ગામોની વસતીને સ્થળાંતરિત કરીને સલામત સ્થળે ખસેડવી પડે છે.

૧૯૯૮ અને ત્યાર પછી ૧૯૯૯માં આવેલા વાવાઝોડાએ કંડલા બંદર, માંડવીમાં તબાહી વેરી હતી. સેંકડો લોકો માર્યા ગયા હતા અને અનેક લોકો લાપતા બન્યા હતા. ત્યાર પછી પણ વર્ષો વર્ષ કચ્છમાં વાવાઝોડા આવતા રહ્યા છે. જોકે તેની વિનાશકતાની અસર સદ્‌ભાગ્યે ઓછી હતી. અનેક વાવાઝોડામાં કાચા ઘરો, વૃક્ષો, વીજળીના થાંભલા પડી ગયા હતા. અબજો રૂપિયાનું નુકસાન થયું હતું. વાવાઝોડા સામાન્ય રીતે ગાંધીધામ, માંડવી, મુન્દ્રા વિસ્તારમાં વધુ

> આધુનિક ટેક્નોલોજીની મદદથી વાવાઝોડાની સચોટ આગાહી શક્ય બની છે. આથી સમયસર કાંઠાળપટ્ટીમાં રહેતા લોકોને સ્થળાંતરિત કરવામાં આવે છે

અસર કરતા હોય છે. જ્યારે અબડાસા અને લખપતમાં બહુ ઓછું નુકસાન નોંધાયું છે.

વાવાઝોડા જેવી પરિસ્થિતિમાં દરિયાકાંઠે વસતા લોકોના જીવ પર મોટું જોખમ રહેલું હોય છે. અત્યારની આધુનિક ટૅક્નોલોજીની મદદથી તેની સચોટ આગાહી શક્ય બની છે. આથી સમયસર કાંઠાળપટ્ટીમાં રહેતા લોકોને સ્થળાંતરિત કરવામાં આવે છે. વાવાઝોડાની અસર મંદ પડ્યા પછી તેઓ ફરી પોતાના ઘરે પાછા ફરે છે. સરકારી શાળાઓ, સમાજવાડીઓ કે એવી કોઈ પાકા બાંધકામ વાળી સુરક્ષિત જગ્યા પર સૌને લઈ જવાય છે. જ્યાં તેમને ખોરાક, પાણી અને પ્રાથમિક સારવારની સગવડો આપવામાં આવે છે.

પરંતુ જે જગ્યાએ વારંવાર વાવાઝોડાની દહેશત ઊભી રહેતી હોય ત્યાં સ્થળાંતરિત લોકો માટે કાયમી વ્યવસ્થા કરવી હિતાવહ હોવાથી હવે સાયક્લોન શેલ્ટર બનાવાય છે. સ્ટેટ ડિઝાસ્ટર મૅનેજમૅન્ટ ઑથોરિટી દ્વારા કચ્છમાં ચાર શેલ્ટર બનાવવાની કામગીરી હાથ ધરાઈ છે. જેમાં માંડવી તાલુકાના માંડવી (કાઠડા), મસ્કા અને ગાંધીધામ તાલુકાના ભારાપર તથા ચુડવાનો સમાવેશ થાય છે. આ ચારે સેન્ટર મળીને માંડવીથી ગાંધીધામ સુધીના કાંઠાળ વિસ્તારનાં ગામોના લોકોને સ્થળાંતરિત કરી શકાય તેવી સુવિધા વિકસાવાઈ રહી છે. આ ઉપરાંત નજીકના ભવિષ્યમાં માંડવી તાલુકાના બાડા, દુર્ગાપુર, ગુદિયાળીમાં આવા સેન્ટર બનાવવાની કામગીરી હાથ ધરાશે.

આ દરેક ડિઝાસ્ટર, ભૂકંપપ્રૂફ બાંધકામ વાળા સેન્ટરમાં જનરેટર, લાઈફ સેવિંગ જેકેટ, બોયાં, પ્રાથમિક સારવારની સગવડતા રખાશે. પાણી અને ખોરાકની સુવિધા પણ રખાશે. દરેકમાં ૫૦૦થી વધુ લોકોને આશ્રય આપી શકાશે. અહીં જરૂર પડે રસોઈ કરી શકાય તેવી પણ સુવિધા ઊભી કરાઈ છે. વાવાઝોડા ઉપરાંત સુનામી કે ભૂકંપ જેવી કુદરતી હોનારત વખતે આ આશ્રયસ્થાનો ઉપયોગી થઈ શકે તેમ છે. વર્ષ ૨૦૦૫માં સાયક્લોન સેન્ટર બનાવવા માટે સરવે હાથ ધરાયો હતો. જેના આધારે માંડવી (કાઠડા), મસ્કા, ભારાપર અને ચુડવામાં સેન્ટરો બનાવાયા છે. જેના કામ મહદ્અંશે પૂર્ણ થયા છે.

જોકે હજુ અબડાસા અને લખપત તાલુકામાં આવા સેન્ટરો બનાવાયા નથી કે નથી તે માટે કોઈ મંજૂરી મળી. અહીં વાવાઝોડા સમયે લોકોને કામચલાઉ શેલ્ટરમાં ખસેડાય છે. મુખ્યત્વે શાળા કે સમાજવાડીના હૉલનો ઉપયોગ આવા આશ્રયસ્થાનો તરીકે કરાય છે. અહીં પણ રહેવાની અને ખાવા-પીવાની સગવડતા કરવામાં આવે છે. છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન કચ્છમાં આવેલા વાવાઝોડા નલિયા અને જખૌ આસપાસના વિસ્તારમાં ટકરાવવાની શક્યતા વ્યક્ત કરાઈ હતી. તેથી અહીં પણ કાયમી સાયક્લોન શેલ્ટર ઊભા કરવાની ખાસ જરૂર છે.

તાજેતરમાં આવેલા વાવાઝોડા તોક્તે વખતે કચ્છમાં ૬૫૬ કામચલાઉ શેલ્ટર ઊભા કરાયા હતા. તેથી જે વિસ્તારમાં વાવાઝોડું ખાનાખરાબી વેરે તેવી સંભાવના હોય તે તમામ વિસ્તારોમાં શેલ્ટરો બને તે હિતાવહ છે.

વાવાઝોડા સમયે લોકોને આશ્રય આપવામાં સાયક્લોન શેલ્ટર સેન્ટર મદદરૂપ બનશે

ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મૅનેજમૅન્ટ ઑથોરિટીના જિલ્લા પ્રોજેક્ટ ઑફિસર માધવ હાથી સાથે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, 'અત્યારે જિલ્લામાં ચાર સાયક્લોન શેલ્ટર સેન્ટરનું કામ હાથ ધરાયું છે. જે મોટા ભાગે પૂર્ણતાના આરે છે. માંડવીથી ગાંધીધામ તાલુકાના વિસ્તારોને આવરી લેતા માંડવી (કાઠડા), મસ્કા, ભારાપર અને ચુડવાના શેલ્ટરો વાવાઝોડામાં આશ્રય આપવા તૈયાર છે. જ્યારે બાડા, ગુંદિયાળી અને દુર્ગાપુરમાં હવે કામગીરી હાથ ધરાશે. આ શેલ્ટરો વાવાઝોડા કે સુનામી જેવી સંભવિત આફત વખતે લોકોના જીવ બચાવવા માટે ખૂબ ઉપયોગી થઈ શકે તેમ છે.'

ભચાઉ તાલુકાને વાવાઝોડાનો ખતરો હોવાથી અહીં મોટી ચીરઈમાં શેલ્ટરને મંજૂરી મળી હતી. થોડું કામ પણ થયું હતું, પરંતુ ફાઉન્ડેશનની ડિઝાઈન બદલતાં કામ અટક્યું છે. આવી જ રીતે માંડવી તાલુકાના અન્ય એક ગામ શિરવામાં પણ કામ મંજૂર તો થયું છે, પરંતુ તે માટે યોગ્ય જમીન ઉપલબ્ધ થઈ ન હોવાથી કામ શરૂ થઈ શક્યું નથી.

જેવી રીતે માંડવીથી ગાંધીધામના પટ્ટા માટે કાયમી આશ્રય સ્થાનોનું કામ હાથ ધરાયું છે તેવી જ રીતે અબડાસા અને લખપત તાલુકા માટે પણ આવા આશ્રયસ્થાનો બનાવવા જોઈએ. ■

કચ્છમાં ચાર શેલ્ટર સેન્ટર બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે

વિશ્વામિત્રી નદી પુનઃજીવિત થશે?

વડોદરા શહેરની વચ્ચેથી પસાર થતી વિશ્વામિત્રી નદી ક્યારેક મગરોને લઈને તો ક્યારેક સ્વચ્છતાને લઈને ચર્ચાનો વિષય બને છે, પરંતુ છેલ્લાં ઘણા વર્ષોથી, એટલે કે ૧૨ વર્ષો કરતાં પણ વધારે સમયથી રાજ્ય સરકાર વડોદરા કોર્પોરેશનને વિશ્વામિત્રી નદીને ચોખ્ખી કરવા, પુનઃજીવિત કરવા રૂપિયા ફાળવે છે, આમ છતાં સ્થિતિ એની એ જ છે.

hetalrao@sambhaav.com

વડોદરા શહેરની વચ્ચેથી સાપની જેમ વાંકીચૂકી પસાર થતી વિશ્વામિત્રી નદી, સમગ્ર રાજ્યમાં મગરોને લઈને ખૂબ જ ચર્ચિત છે. કહેવાય છે કે, શહેરમાં નદીને કોઈ પણ જગ્યાએથી જોવામાં આવે તો પાંચેક મગર તો જોવા મળી જ જાય. ચોમાસામાં વધારે વરસાદ પડે તો નદીના નજીકના વિસ્તારમાં તો ઘરની અંદર પણ મગર આવી જાય છે, એમ કહેવું જરાય ખોટું નથી કે હવે મગર અને વડોદરાવાસીઓ એકબીજાથી ટેવાઈ ગયા છે, પરંતુ આપણો મુદ્દો જરા જુદો છે. આપણી વાત છે, નદીને ચોખ્ખી કરવા ફાળવવામાં આવતા પૈસા અને યોજનાઓની.

વિશ્વામિત્રી નદીને સ્વચ્છ બનાવવા માટે જુદી-જુદી યોજનાઓ બનાવવામાં આવે છે, પૈસા ફાળવવામાં આવે છે અને પછી કોઈ કારણસર એ યોજના પડતી મુકીને નવી યોજના બનાવાય છે. છેલ્લાં ૧૨ વર્ષમાં વિશ્વામિત્રી નદીને ચોખ્ખી કરવા માટે કોર્પોરેશને ૨૦થી ૨૫ કરોડ રૂપિયાનો ખર્ચો કર્યો છે. સાત વર્ષ પહેલાં ૧૭ કિલોમીટરના સરવે માટે કોર્પોરેશને સવા કરોડ રૂપિયા જેવી મોટી રકમ એજન્સીને ચૂકવી હતી, ત્યારે હવે ફરી એકવાર ૧૭૮ કિલોમીટરના સરવે માટે પાંચ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ થવાની ગણતરી છે. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના હુકમ પછી શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીનો સેટેલાઇટ ડિજિટલ સરવે કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ટૂંકમાં,

લોકોએ પણ કશું જ વિચાર્યા વગર વરસાદી પાણીનો નિકાલ કરતી કાંસોમાં ડ્રેનેજોનું જોડાણ કરી દીધું. જેના કારણે નદીમાં ડ્રેનેજનું પાણી પણ મિક્સ થવા લાગ્યું

ફરી એકવાર કોર્પોરેશને વિશ્વામિત્રી નદીને પુનઃજીવિત કરવાની યોજના બનાવી છે.

નદીને પુનઃજીવિત કરતાં પહેલાં તેનો સરવે અને મેપિંગ કેમ જરૂરી છે એ વિશે વાત કરતાં એન્વાયરન્મેન્ટ એક્ટિવિસ્ટ અને એડ્વોકેટ રોહિત પ્રજાપતિ 'અભિયાન'ને કહે છે, 'નદીની કોતરો પુરાઈ ગઈ છે, ગેરકાયદે બાંધકામ થયું છે. કુદરતી પૂરની વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ છે. કાંસો પુરાઈ ગઈ છે. માટે જ્યાં સુધી નદીનો સરવે અને મેપિંગ ના થાય ત્યાં સુધી પુનઃજીવિત કરવાની કોઈ જ વાત ના કરી શકાય.'

જ્યારે વિશ્વામિત્રી બચાવ સમિતિના એડ્વોકેટ શૈલેષભાઈ કે. અમીને 'અભિયાન'ને જણાવ્યું હતું કે, 'નદી ૧૬થી ૨૩ કિલોમીટર વડોદરામાંથી પસાર થાય છે, પરંતુ તેની પહોળાઈ બદલાતી રહે છે, પહેલાં વરસાદી પાણી કાંસ દ્વારા નદીમાં જતું, પરંતુ કોર્પોરેશને શહેરમાંથી પસાર થતી ચોથા ભાગની કાંસોને બોક્સથી પુરી દીધી છે. વૉટરબૉડી એક્ટ પ્રમાણે આ કાંસો પુરી ના શકાય. આજુ-બાજુની જગ્યાઓ ડેવલપ કરવાની છે, તેમ જણાવી કાંસોનું પુરાણ કરવામાં આવ્યું છે. લોકોએ પણ કશું જ વિચાર્યા વગર તેમાં ડ્રેનેજોનું જોડાણ કરી દીધું. જેના કારણે નદીમાં ડ્રેનેજનું પાણી પણ મિક્સ થવા લાગ્યું. બીજી બાજુ લોકો પોતાનો વેસ્ટ પણ નદીમાં નાંખે છે. પરિણામે મગર

અમે વિશ્વામિત્રીને પુનઃજીવિત કરવા માટે થઈને ૧૭૮ કિલોમીટરની લંબાઈનો સરવે કરવાના છીએ. વિશ્વામિત્રી પાવાગઢથી શરૂ થઈને ખંભાતના અખાતને મળે છે

કેયૂર રોકડિયા,
મેયર મ્યુ. કોર્પોરેશન, વડોદરા

પહેલાં વરસાદી પાણી કાંસ દ્વારા વિશ્વામિત્રી નદીમાં જતું, પરંતુ કોર્પોરેશને શહેરમાંથી પસાર થતી ચોથા ભાગની કાંસોને બોક્સથી પુરી દીધી છે

એડ્વોકેટ શૈલેષ અમીન,
વિશ્વામિત્રી બચાવો સમિતિ, વડોદરા

નદીની કોતરો પુરાઈ ગઈ છે, ગેરકાયદે બાંધકામ થયું છે. કુદરતી પૂરની વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ છે. કાંસો પુરાઈ ગઈ છે

રોહિત પ્રજાપતિ,
એન્વાયરન્મેન્ટ એક્ટિવિટ્સ, વડોદરા

અને કાચબાની વસતી ખૂબ વધી ગઈ છે. વાઇલ્ડલાઈફ એક્ટ મુજબ મગરને મારી ન શકાય માટે મગરોની સમસ્યા પણ વધી ગઈ. આ બધી સમસ્યાનું સમાધાન ન થાય ત્યાં સુધી નદીને પુનઃજીવિત કરવી સરળ નથી. તેથી પહેલા પાયાના કામ કરવામાં આવે તો આગળ બીજા કાર્ય કરવાનો રસ્તો મોકળો બને.'

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર કેયૂર રોકડિયાએ આ વિશે વાત કરતાં જણાવ્યું કે, 'એનજીટીમાં જે ચુકાદો આવ્યો છે તેને ધ્યાનમાં રાખીને અમે વિશ્વામિત્રીને પુનઃજીવિત કરવા માટે થઈને ૧૭૮ કિલો મીટરની લંબાઈનો સરવે કરવાના છીએ. વિશ્વામિત્રી પાવાગઢથી શરૂ થઈને ખંભાતના અખાતને મળે છે. તેના સરવે માટેની આ વાત છે. સરવેના બજેટ વિશે વાત કરતાં જણાવે છે કે, સરવે માટેનું ટેન્ડર બોર્ડમાં આપવામાં આવ્યું તે ચાર કરોડ એંસી લાખનું છે. આ સરવેના મુખ્ય પાસા એ છે કે શહેરમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીને પુનઃજીવિત કરવાનું, ૪૭૭૫ કિલોમીટરનો વિસ્તાર

વિશ્વામિત્રી નદીને સ્વચ્છ બનાવવા માટે યોજનાઓ બનાવવામાં આવે છે, પૈસા ફાળવવામાં આવે છે, પછી કોઈ કારણસર એ યોજના પડતી મુકીને નવી યોજના બનાવાય છે

છે, જ્યાં પૂર આવે ત્યારે ઇફેક્ટ થાય છે એ સમસ્યાનું સમાધાન કરવાનું, વરસાદ સમયે વડોદરા શહેરની અંદર બહારથી કેટલું પાણી આવે છે તેનું આયોજન, કેવી રીતે તેને ક્યાં ડાઇવર્ટ કરવું વગેરે જેવી બાબતોનો ટેન્ડરમાં સમાવેશ કરી સરવે કરવામાં આવશે.' અગાઉ જે બજેટ રાજ્ય સરકાર પાસેથી નદી માટે મળ્યું છે તેના ઉપયોગ અને આયોજન વિશે વાત કરતાં મેયર કહે છે, 'હું અઢી માસથી જોડાયો છું અને મારા ધ્યાનમાં છે ત્યાં સુધી સરકાર પાસેથી હજુ ફંડ મળ્યું નથી.'

જ્યારે વડોદરાના જાગૃત નાગરિક અને નદી વિશે નજીકથી જાણનારા અશ્વિન ભટ્ટાચાર્ય કહે છે, 'વિશ્વામિત્રી નદીને સાબરમતી રિવરફ્રન્ટની જેમ રિવરફ્રન્ટ બનાવવાનું આયોજન કરાયું હતું, પણ તે નિષ્ફળ નિવડ્યું છે. જ્યારે નદીના કિનારાના ભાગમાં માઈક્રો ટીપી સ્કીમ નાંખવાનું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ આ બાબત પણ ફાઇલમાં જ સમાઈને રહી ગઈ. ૧૨૦૦ કરોડના આ પ્રોજેક્ટમાં ૭૦૦થી ૮૦૦ કરોડ રૂપિયા રીટેઇનિંગ વૉલ અને અન્ય બાંધકામ પાછળ ખર્ચ કરાયો હતો. પહેલા જે પ્રોજેક્ટ હતો તે મોટા લેવલ પર હતો. મંજૂર પણ કરેલા હતા, પરંતુ ત્યારે ત્યાં મૉલ બનાવવામાં આવ્યો. જેના કારણે બે વાર પૂર જેવી પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. પછી આયોજનો અભરાઈ પર ચઢી ગયા.'

વડોદરામાં જન્મેલા અને ત્યાં જ રહેતા મફતભાઈ રબારી કહે છે, 'વિશ્વામિત્રી નદી ખરેખર નીકળે છે આજવા સરોવરથી તો તે ૧૭૮ કિલોમીટર કેવી રીતે હોઈ શકે. વિશ્વામિત્રીમાં જેટલા મગર છે એટલા તો વિશ્વમાં ક્યાંય જોવા મળતા નથી. માટે જે-તે સમયે જિયોગ્રાફીવાળાએ જ્યારે સર્ચ કર્યું હતું ત્યારે તેમણે પણ પ્રસ્તાવ મુક્યો હતો કે આ જગ્યા પર ક્રોકોડાઇલ ફાર્મ બનાવવું જોઈએ, પરંતુ એ બધું વિચાર્યા વિના કોર્પોરેશન ખોટા પૈસા લઈને ખોટા સરવે કરાવે છે. આ નદી માત્ર ચોખ્ખી થઈ શકે. બાકી રિવરફ્રન્ટ કે અન્ય કોઈ બાબતે તેની માટે બજેટ માગવું ખોટું છે. જો પહેલાના જેવી જ સ્વચ્છ થાય અથવા મગરનું રહેવાનું સ્થળ બને તો જ અમને લાભ છે બાકી તો ખોટા ખર્ચા જ છે.'

સરકારો આવે છે-જાય છે. નદી સ્વચ્છતા અભિયાન વર્ષોથી ચાલતાં આવે છે. ગંગા, યમુના નદીના શુદ્ધીકરણનું કામ છેલ્લાં કેટલાંય વર્ષોથી ચાલી જ રહ્યું છે. આપણા ગુજરાતમાં હવે વિશ્વામિત્રી નદીનો વારો છે. વિશ્વામિત્રી નદીને સ્વચ્છ કરવા અને તેને પુનઃજીવિત કરવા માટે ટેન્ડરો બહાર પાડવામાં આવે છે. આશા રાખીએ કે વડોદરાવાસીઓને ઝડપથી સ્વચ્છ અને શુદ્ધ વિશ્વામિત્રી નદીની ભેટ મળે અને સાબરમતી નદીની જેમ જ વિશ્વામિત્રી નદી પર રિવરફ્રન્ટ પાર્કનું નિર્માણ કરવામાં આવે તો વડોદરાવાસીઓ સહિત બહારગામથી પણ મુલાકાતે જતા લોકોને ફરવા માટેનું સારું સ્થળ મળી રહે. વિશ્વામિત્રી મગરોને કારણે નહીં, સ્વચ્છતાને કારણે વડોદરાની ઓળખ બને. ■

વિશ્વામિત્રી નદીના શુદ્ધીકરણનું આયોજન

વિશ્વામિત્રી નદીને પુનઃજીવિત કરવા માટે પહેલાંના આયોજન ભૂલી જઈ નવાં આયોજનો થઈ રહ્યાં છે. જેમાં ફરી સરવે કરવામાં આવશે. જેનો રિપોર્ટ કોર્પોરેશનને નવ મહિના પછી મળે તેવી શક્યતા છે. આ સરવેમાં નદીનો ૪૭૭૫ ચોરસ કિલોમીટર અને ૨૨૫૦ કિલોમીટર પૂરગ્રસ્ત વિસ્તારને આવરી લેવામાં આવશે. નદીના કાંઠા પરનાં દબાણો અને શહેરના અમુક સ્થળે નદીમાં બોટલનેક છે તે કેવી રીતે ખોલી શકાય તે વિશે પણ કાર્ય થશે. ખાસ કરીને પર્યાવરણની જાળવણી અંગેના પાસાની ચકાસણી કરવામાં આવશે. હવે આ સરવે ક્યારે પૂર્ણ થશે અને વડોદરાવાસીઓના વિશ્વામિત્રી માટેના સપના ક્યારે પૂર્ણ થશે તે જોવું રહ્યું.

પેટ્રોલ-ડીઝલનો ભાવ વધારો

નવાં વાહનો, નવા આઇડિયા

પેટ્રોલનો ભાવ વધારો જોઈને અમારો આત્મા ભડકે ને ભડકે બળવા લાગ્યો... એ તો ઠીક, પણ ચમત્કાર એ થયો કે એના કારણે અમારું બાઇક જોર જોરથી ચાલવા લાગ્યું! જુઓ, પેટ્રોલ-ડીઝલના ભાવવધારાની સાઇડ ઇફેક્ટ્સના કેટલાક નમૂના :

●●●

'અરે, આ શું?!' પત્નીએ સાંજે ઑફિસેથી ઘરે આવેલા પતિને જોઈને આશ્ચર્યથી પૂછ્યું, માત્ર બનિયન અને નિકરમાં? ગાડીનું AC બંધ થઈ ગયું છે કે શું?'

'AC તો ચાલુ છે,' પતિએ સોફામાં ફસડાતાં કહ્યું, 'પહેલાં પાણી આપ.'

'ટિંચુડા', પત્નીએ પોતાના હોનહાર પુત્રને કહ્યું, 'હું તારા પપ્પાને પાણી આપું ત્યાં સુધી ગાડીમાંથી તું એમના પેન્ટ-શર્ટ અને ટાઇસ્યૂટ લઈ આવ અને વૉશરૂમમાં ધોવા નાખી દે. કોરોના હજુ ગયો નથી.'

'રહેવા દે ટિંચિયા,' પતિએ ધીમા અવાજે કહ્યું, 'ખોટો ધક્કો ખાઈશ નહીં.'

'કેમ?' પત્નીએ ખાલી ગ્લાસ પાછો લેતાં પૂછ્યું, 'કપડાં ગાડીમાં જ મૂકી રાખવાનાં છે?'

'કપડાં ગાડીમાં નથી,' પતિએ ઊભા થઈ વૉશરૂમ ભણી જતાં કહ્યું, 'કપડાં તો પેટ્રોલપંપ પર હરાજીમાં વેચી માર્યા અને ટાંકી ફૂલ કરાવી દીધી.'

●●●

'મિસ્ટર પંડ્યા,' બૉસે મને ઑફિસમાં

- એમની ચેમ્બરમાં બોલાવીને પૂછ્યું, 'તમે આટઆટલા ભાવ વધારામાંય ગાડી લઈને આવો છો, કઈ રીતે પોસાય છે?'

'સર, કરકસર!' મેં સ્મિત કર્યું.

'મને પણ તમારી કરકસરની ફોર્મ્યુલા સમજાવો ને?'

'એમાં તો એવું છે સાહેબ કે કશુંક મેળવવું હોય તો કશુંક જતું કરવું પડે!'

'જતું કરવું પડે એવું હશે અને એ મારાથી શક્ય હશે તો હુંય જતું કરીશ, પણ ઑફિસે ગાડી લઈને આવ્યા પછી તમારી જેમ હસતો ચહેરો હું નથી રાખી શકતો. બતાવો ભઈ, તમારી ફોર્મ્યુલા બતાવો.'

'સર, આમ તો કશુંય જતું કરવાનું નથી, સિવાય સ્વમાન.'

'ઓહ, એ તો હું ટેવાઈ ગયો છું. લગ્ન થયે બે દાયકા થઈ ગયા!'

'બસ સાહેબ, સ્વમાન ગુમાવવાની તમારી આટલી ઉત્કટ ભાવના છે, તો મારા કરતાંય વધારે પ્રસન્ન ચહેરો તમે રાખી શકશો! બસ, હું કરું છું એવું અને એટલું તમારે કરવાનું!'

'હા, પણ કહો તો ખરા.'

'તમારે રોજેરોજ ગાડીનો ઉપયોગ કરવો છે ને?'

'હા.'

'પેટ્રોલનો ભાવ લિટરે દોઢસો-બસો રૂપિયા થઈ જાય તો પણ હસતા ચહેરે ગાડી ફેરવતા રહેવું છે ને?'

'ઓહ યેસ્સ!'

'તો એક કામ કરો.'

'જલદી બોલો પંડ્યા.'

'એક ઊંટગાડીવાળાને મહિને હજાર રૂપિયા આપી ભાડે રાખી લેવાનો અને એની પાછળ દોરડાથી તમારી ગાડી બાંધી રાખી નીકળી પડવાનું, તમારે તો ડ્રાઇવિંગ સીટ પર બેસી સ્ટિયરિંગ જ સંભાળવાનું!'

'પણ લોકો જુએ તો કેવું લાગે?'

'એ તો તમને મેં પહેલાં જ કહ્યું કે સ્વમાન ગુમાવવાનું પોસાય તો ગાડી આપણને જરૂર પોસાય!'

'તમે એવું જ કરો છો?'

'કર્યા વગર કહેતો હોઈશ?!'

●●●

'સાંભળો છો? હું તમને કહું છું. હવે ઑફિસે જવા માટે બસનો ઉપયોગ કરજો. ગાડીનો ઉપયોગ માત્ર રવિવારે જ કરવાનો.'

'રવિવારે? રવિવારે કેમ?'

લાફ્ટર વાઇરસ

'મોટા ભાગના લોકો રવિવારે ગાડીનો ઉપયોગ બંધ કરશે અને એવા સમયે આપણે ગાડી લઈને નીકળી પડીએ તો લોકોમાં આપણો વટ પડે! ટ્રાફિક પણ ઓછો હોય એટલે પેટ્રોલ પણ ઓછું બળે, મારો આ આઇડિયા તમને કેવો લાગ્યો?'

'ફૂલિશ.'

'કેમ?'

'અરે શું કેમ?'

'રવિવારે ગાડીઓવાળા બહાર નીકળે જ નહીં, તો આપણને જુએ કોણ? તારે તો બધાંને બતાવવા માટે જ નીકળવું છે ને?'

'હા.'

'તો ભાડે ટેક્સી કરીને નીકળીશું, OK?'

●●●

'તમે ફોર્મ ભર્યું?' એક ડૉક્ટર પત્નીએ પોતાના ડૉક્ટર પતિને પૂછ્યું.

'શેનું ફોર્મ?' ડૉક્ટર પતિએ સામે પૂછ્યું.

'પેલા ઑટો-હોર્સ કંપનીના ફોર્મની વાત કરું છું. ના ભર્યું હોય તો જલદી ભરી દો અને એકાદ ઘોડો નોંધાવી દો... આ બકરીગાડીમાં નથી તો હું ટાઇમસર મારી હૉસ્પિટલે પહોંચી શકતી કે નથી તો ક્યાંય ઇમરજન્સી વિઝિટે જઈ શકાતું...'

'અત્યારે તો એનું બહુ મોટું પ્રિમિયમ બોલાય છે અને દોઢ-બે વર્ષ પછી નંબર લાગે તો લાગે.' ડૉક્ટરે શેવિંગ કરતાં કહ્યું, 'પણ યુ ડૉન્ટ વરી, મેં બીજી કંપનીનું વિચાર્યું છે...'

'કોઈનો સેકન્ડ હેન્ડ મળે એવોય નથી?'

'એની તો વાત કરું છું. સેકન્ડ હેન્ડ ઘોડાનું જ મોટું પ્રિમિયમ બોલાઈ રહ્યું છે અને એય તે નજીકના દોઢ બે વર્ષમાં તો મળે એમ છે જ નહીં.'

'તો આ બકરીગાડીનો કોઈ ઑપ્શન જ નથી?'

'છે ને!' ડૉક્ટરે ખુશ થઈને કહ્યું, 'મારા એક પેશન્ટના બૉસનું એક વાહન છે. એક હાથે વપરાયું છે, એવરેજ પણ સારી છે...'

'તો એ લઈ લો, થોડા વધારે આપવા પડે તો આપો, પણ લઈ લો.'

'અરે લઈ લો શું! આજે આવી જ ગયું સમજ!'

'તો પેંડા તમે લેતા આવશો કે હું લેતી આવું?'

'પેંડા? પેંડા શેના માટે?'

'કેમ, ભલે સેકન્ડ હેન્ડ તો સેકન્ડ હેન્ડ પણ તમે ઘોડો લઈને આવવાના છો એની ખુશીમાં બધા બંગલાઓમાં એક એક પેંડો તો વહેંચવો પડે ને! બાજુવાળા સાહેબે તો ઊંટ છોડાવ્યું ત્યારે બધા બંગલાઓમાં પેંડા નહોતા વહેંચ્યા?! આપણે ન વહેંચીએ તો આપણી તો ઠીક, આપણા વાહનની અને બંગલાની આબરૂ જાય...'

'ઊંટના પેંડા વહેંચાય, પણ ટટ્ટુના પેંડા હોય કોઈ દા'ડો?'

'શું કહ્યું? તમે ટટ્ટુ લાવવાના છો?'

'કેમ તને શું વાંધો છે?'

'પણ...' ડૉક્ટર પત્નીએ ડૉક્ટર પતિના દૂબળા દેહ તરફ વક્રદૃષ્ટિ કરતાં મનમાં ને મનમાં કહ્યું, 'એક જ ઘરમાં બબ્બે ટટ્ટુ? કેવું લાગે?'

●●●

'ડૅડ,' એક કોર્પોરેટ કંપનીના CMDના દીકરાએ કહ્યું, 'હવે આ હોર્સ આઉટ ઑફ ડેટ થઈ ગયો છે. એ કહેવા પૂરતો જ હોર્સ છે, પાવર ઘટતો જાય છે. મારે હવે એલિફન્ટ છોડાવવો છે.'

'ગાંડો થયો છે?'

'નોન ડૅડ, હોર્સ સહેજ પણ ગાંડો નથી થયો.'

'અરે યાર, હું તારી વાત કરું છું. તને ખબર છે, મારા દાદા એમના જમાનામાં મર્સિડિઝ, BMW અને રૉલ્સ રૉયસ જેવાં વાહનો વાપરતાં... એ સમયે આટલો ટ્રાફિક નહોતો... એલિફન્ટ લઈને તું કંપનીમાં આવવા નીકળે તો આટલા ટ્રાફિકમાં તું ક્યારે પહોંચે? હોર્સ બરાબર છે.'

'વ્હોટ ડૅડ? મારા સ્ટેટસનો તો વિચાર કરો... આફ્ટર ઓલ, આ'યમ યૉર સન!'

'એટલા માટે જ તને કહું છું કે તારા માટે હોર્સ બરાબર છે. હોર્સ ડ્રાઇવ કરતો હોય તો લાગે કે મારો સન હોર્સ પર બેઠો છે!'

'અને એલિફન્ટ ડ્રાઇવ કરતો હોઉં, તો? તો કેવું લાગે?'

'બેટા, જે જ્યાં શોભતું હોય ત્યાં જ એ સારું લાગે.'

'મતલબ?'

'મતલબ એ જ કે હાથી પર ગધેડો ક્યારેય જોયો?'

●●●

'મિસ્ટર પંડ્યા, આજે પણ તમે અડધો કલાક લેટ પડ્યા છો. નેક્સ્ટ ટાઇમ હું સહેજ પણ નહીં ચલાવી લઉં.'

'એવું ચાલે સાહેબ? જ્યાં સુધી હું મારું જૂનું વાહન ચલાવું ત્યાં સુધી તો તમારે આ ચલાવી જ લેવું પડશે.'

'નવું વાહન ક્યારે લાવવાના છો?'

'બસ, આ જૂનું લેનારો કોઈ મળી જાય કે તરત જ નવું લઈ લેવું છે.'

'કયું મૉડલ છે?'

'એ તો એના મૂળ માલિકને પૂછું તો ખબર પડે.'

'ઓહ... તો તમે સેકન્ડ હેન્ડ લીધું છે? કયું વાહન છે - ઘોડો કે ગધેડો?'

'શું સાહેબ તમેય તે! તમે જે વાહનો વાપરો એ વાપરવાની મારી હેસિયત છે? મારી પાસે તો બસ, જૂના મૉડલનો એક બળદ છે, થોડો વૃદ્ધ થયો છે એટલે એનું પિક-અપ ઘટી ગયું છે એ સાચું, પણ સર, ઓરિજિનલ એ ઓરિજિનલ હોં!'

'જે હોય તે... કાલથી ટાઇમસર આવી જવાનું, શું સમજ્યા મિ. પંડ્યા?'

'ટાઇમસર આવી જવાનું, પણ સર, એક પ્રોબ્લેમ છે.'

'બળદ સિવાયનો હોય તો કહો...'

'કેમ સર?'

'હું એક સમયે એક જ બળદનો પ્રોબ્લેમ સાંભળું છું, OK!'

●●●

'હાથી કેટલામાં કાઢ્યો?'

'દોઢ લાખમાં!'

'હમણા કયું વાહન લીધું?'

'મદનિયું! પાર્કિંગમાં અને એવરેજમાં એ સારું પડે છે!'

જો આવું ને આવું ચાલશે તો ૨૦૭૫ સુધીમાં વાહનો બદલાઈ જશે અને ક્યાંક ઘોડા કે ગધેડાનું બુકિંગ કરાવવાની જાહેરખબરો જોવા મળે, તો નવાઈ નહીં. ■

ભલે સેકન્ડ હેન્ડ પણ તમે ઘોડો લઈને આવવાના છો એની ખુશીમાં એક એક પેંડો તો વહેંચવો પડે ને! બાજુવાળા સાહેબે તો ઊંટ છોડાવ્યું ત્યારે બધા બંગલાઓમાં પેંડા નહોતા વહેંચ્યા?!

કોરોના મહામારી અને કારકિર્દી
મહિલાઓમાં અસમંજસની પરિસ્થિતિ

કોરોના મહામારીને કારણે મહિલાઓમાં કારકિર્દીને લઈને નિરાશા અને નિરુત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. કોરોના સંકટને કારણે ઑફિસનું કામ સંભાળવાની સાથે ઘરના બધા કામકાજ, પરિવારની સારસંભાળ રાખવાની જવાબદારી મહિલાઓના શિરે આવી ગઈ. છેલ્લા દોઢ વર્ષથી મહિલાઓ સતત આ જ ઘરેડમાં પોતાનું જીવન જીવી રહી છે, પરિણામે તેઓ માનસિક થાક અનુભવી રહી છે અને તેની સીધી અસર તેમની કારકિર્દી પર પડી રહી છે.

હેતલ ભટ્ટ

કોરોના મહામારીએ ઘણા બધા પ્રકારે આપણા જીવનના વિવિધ પ્રકારે પરિવર્તન આણ્યું છે. આ પરિવર્તન થોડા ઘણા અંશે સકારાત્મક છે, તો કેટલાક અંશે નકારાત્મક પણ. જો નકારાત્મક પરિવર્તનની વાત કરીએ તો તેમાં કારકિર્દી પર તોળાઈ રહેલું સંકટ અગ્ર ક્રમે આવશે. કોરોના મહામારીને કારણે લોકોના ધંધા-રોજગાર પર અસર પડી. કેટલાય લોકોએ નોકરી ગુમાવવાનો વારો આવ્યો તો કેટલાક લોકોએ પગારમાં કાપનો સામનો ભોગવવો પડ્યો. સ્વાભાવિક છે કે કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં લૉકડાઉનને કારણે અર્થતંત્ર પર મોટાપાયે વિપરીત અસર થઈ અને તેની સીધી અસર લોકોની કારકિર્દી અને આર્થિક સ્થિતિ પર પડી. જો કારકિર્દીની વાત કરીએ તો કોરોનાને કારણે મહિલાઓનું જીવન ઘણા ખરા અંશે પ્રભાવિત થયું છે. એક તરફ જ્યારે મહિલાઓ દેશના અર્થતંત્રમાં સમાન યોગદાન આપી શકે તે માટે વિવિધ પગલાં લેવાઈ રહ્યાં છે, વિવિધ કંપનીઓ મહિલાઓની ક્ષમતા અને શક્તિનો ઉપયોગ કરીને આર્થિક ગતિવિધિઓને વેગવંતી બનાવવાનો પ્રયત્ન કરી રહી છે એવા સમયે કોરોનાને કારણે મહિલાઓની કરિયર પર પ્રશ્નાર્થ ઊભો થયો છે. મહિલાઓની કારકિર્દી સામે ઊભો થયેલો આ પ્રશ્ન માત્ર ભારત પૂરતો સીમિત નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે

ફેમિલી ઝોન

પણ આ જ સ્થિતિ ઉદ્‌ભવી છે.

એક સરવે અનુસાર કોરોના મહામારીને કારણે મહિલાઓ પર કામનું દબાણ વધી ગયું છે. વર્ષ ૨૦૨૦થી કોરોના મહામારીએ વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે. લૉકડાઉનની સ્થિતિમાં મહિલાઓ પર વર્ક ફ્રોમ હોમની સાથે ઘરનું કામકાજ, પરિવારની દેખરેખ, બાળકોની સારસંભાળની જવાબદારી આવી પડી. જો પરિવારમાં કોઈ બીમાર પડ્યું તો તેના દેખરેખની જવાબદારી પણ મહિલાઓએ નિભાવવી પડી. વર્ષ ૨૦૨૦ વીતી ગયું. વર્ષ ૨૦૨૧ની શરૂઆત થઈ. કોરોનાની બીજી લહેરે ભારત, અમેરિકા, બ્રિટન સહિત ફરીથી વર્ષ ૨૦૨૦નું પુનરાવર્તન કર્યું. મહિલાઓ માટે જાણે સ્થિતિમાં કોઈ બદલાવ જ ન આવ્યો.

જવાબદારીઓ નિભાવતા જાણે મહિલાઓ માનસિક રીતે થાક અનુભવી રહી હોવાનું તારણ સરવેમાં સામે આવ્યું છે. પરિણામે મહિલાઓમાં કામ કરવાના ઉત્સાહમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. મહિલાઓને આગળ લાવવા માટે વિવિધ સ્તરે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જે મહિલાઓ પોતાની કારકિર્દીને લઈને સજાગ હતી, જેમને પોતાની કારકિર્દી માટે પ્રેમ હતો એ મહિલાઓને પણ હવે કોરોના મહામારીએ ઊભી કરેલી સ્થિતિ સાથે સમાધાન કરવું પડી રહ્યું છે. સરવે અનુસાર ૬૧ ટકા મહિલાઓનું કહેવું છે કે તેઓ પોતાની કારકિર્દીને લઈને નિરુત્સાહી છે. ભારતમાં દસમાંથી ૬ મહિલાઓનું માનવું છે કે કરિયરને લઈને તેઓ હવે નિરાશા અનુભવી રહી છે.

લૉકડાઉનની પરિસ્થિતિમાં બાળકોને સંભાળવાની જવાબદારી માતાઓ પર આવી ગઈ. શાળાઓ, ડે-કૅર વગેરે બંધ થઈ ગયા. પરિણામે મહિલાઓને ઑફિસે જઈને કામ કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. જ્યાં સુધી વર્ક ફ્રોમ હોમ હતું ત્યાં સુધી વાંધો

ન આવ્યો, પણ ધીરે ધીરે અનલૉકની પ્રક્રિયા શરૂ થવા લાગી. સાથે જ ઑફિસોમાં પણ કર્મચારીઓની હાજરીને પ્રાધાન્ય આપવામાં આવ્યું. બાળકોની જવાબદારી અને ઑફિસની જવાબદારી બંને એકસાથે નિભાવવું મહિલાઓ માટે આકરું બની રહ્યું છે. પરિણામ એ આવ્યું કે મહિલાઓએ તેમની કારકિર્દી સાથે સમાધાન કરવું પડી રહ્યું છે. કોરોનાની બીજી લહેરને કારણે નથી અર્થતંત્રમાં સુધારો આવ્યો, નથી લોકોની જીવનશૈલીમાં સુધારો આવ્યો કે નથી મહિલાઓની સ્થિતિમાં સુધારો આવ્યો.

બીજો એક મુદ્દો એવો પણ છે કે ઘણી મહિલાઓને ઑફિસમાંથી પ્રમોશન પણ ઑફર કરવામાં આવ્યું, પણ ઘર-બાળક-પરિવારની જવાબદારીને કારણે તેઓ પ્રમોશન સ્વીકારી નથી શકી. ઘણી મહિલાઓ પગારમાં વધારો નહીં થવાને કારણે પણ નિરાશ છે. આવા કેટલાક મુદ્દાઓને કારણે મહિલાઓમાં કારકિર્દીને લઈને ઉત્સાહનો અભાવ જોવા મળી રહ્યો છે.

કોરોના મહામારી અને કારકિર્દીને લઈને સર્જાયેલી અસમંજસ ભરેલી પરિસ્થિતિ અંગે વાત કરતાં લૉયર રીગ્મા દવે જણાવે છે કે, ‘કોરોનાને કારણે મહિલાઓમાં કારકિર્દીને લઈને નિરાશા વ્યાપેલી છે એ વાત સાચી છે. અત્યારે મોટા ભાગનાં ક્ષેત્રોમાં મહિલાઓ કામ કરતી જોવા મળે છે. સરકારી નોકરીઓ સાથે જોડાયેલી મહિલાઓ હોય કે ખાનગી ક્ષેત્રો સાથે, મહિલાઓ પર કામનો બોજો વધી ગયો છે. બાળકોને સાચવવાની જવાબદારી આવી પડી છે. એવા સમયે મહિલાઓ માનસિક રીતે થાક અનુભવી રહી છે. ગૂગલ, માઇક્રોસોફ્ટ, ઍપલ જેવી ઘણી કંપનીઓ આજની તારીખે વર્ક ફ્રોમ હોમ ઑફર કરી રહી છે. મારું માનવું છે કે કોરોના મહામારીની સ્થિતિ થાળે ન પડે ત્યાં સુધી મહિલાઓને જો ફ્લેક્સિબિલિટી આપવામાં આવે તો તેમની કરિયર પણ સચવાશે. બાળકોને સાચવવાની જવાબદારીમાં થોડી હળવાશ અનુભવશે અને મહિલા કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો પણ નહીં થાય.’

કોરોનાને કારણે ઘણી મહિલાઓ શારીરિક રીતે પણ અશક્તિ અનુભવી રહી છે. એવી ઘણી મહિલાઓ છે, જે કોરોનાનો શિકાર બની છે. કોરોના થયા બાદ પોસ્ટ રિકવરીમાં સમય લાગે છે. એવા સમયે મહિલાઓ ઘર અને ઑફિસની જવાબદારી નિભાવતા નિભાવતા થાકી જાય છે. આ મુદ્દાને લઈને પણ મહિલાઓમાં કારકિર્દીને લઈને ઉત્સાહમાં ઘટાડો જોવામાં મળી રહ્યો છે.

આર્ટ એન્ડ ક્રાફ્ટના બિઝનેસ સાથે સંકળાયેલાં ખુશ્બૂ ખમાર કહે છે, ‘નોકરી કરતી મહિલા હોય કે બિઝનેસ કરતી હોય - હાલમાં દરેક જગ્યાએ મંદીનો માહોલ છે. બિઝનેસમાં પણ મંદી અને મોંઘવારી નડી રહી છે. જે મહિલાઓ બિઝનેસ કરી રહી છે, કોરોનાને કારણે તેમનો બિઝનેસ ચાલી નથી રહ્યો. પરિણામે તેમનામાં કરિયરને લઈને નિરાશા વ્યાપેલી જોવા મળી રહી છે.’

કોરોના મહામારીએ લોકોની જીવનશૈલીમાં ધરમૂળથી ફેરફાર કર્યા છે. ઘણી બધી રીતે લોકોના જીવનમાં હકારાત્મક પરિવર્તન આવ્યા છે, પણ કોરોના મહામારીએ લોકોની કારકિર્દી અને આર્થિક સ્થિતિ પર નકારાત્મક અસર પાડી છે અને તેમાંય મહિલાઓ આ નકારાત્મક અસરમાં સૌથી વધુ પ્રભાવિત થઈ છે તે સ્વીકારવું રહ્યું. ■

જે મહિલાઓ પોતાની કારકિર્દીને લઈને સજાગ હતી, જેમને પોતાની કારકિર્દી માટે પ્રેમ હતો એ મહિલાઓને પણ હવે કોરોના મહામારીએ ઊભી કરેલી સ્થિતિ સાથે સમાધાન કરવું પડી રહ્યું છે

‘આયુર્વેદ’માં હજારો વર્ષ જૂની દવા પદ્ધતિનો ઉપયોગ કરી બનાવો બેસ્ટ કરિયર

આજના ફાસ્ટ ફોરવર્ડ યુગમાં ધીમે-ધીમે યુવાનો આયુર્વેદ તરફ વળતા થયા છે. એટલું જ નહીં, પરંતુ આયુર્વેદ શું છે..? તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય વગેરે..વગેરે.. જાણવું યુવાનો માટે પ્રિય વિષય બની રહ્યો છે. જે યુવાનોને આ ફિલ્ડ પસંદ છે તે એમાં ઊંડા ઊતરી કારકિર્દી બનાવી શકે છે.

ભારતનું આયુર્વેદ હજારો વર્ષો જૂનું છે. એમ કહી શકાય કે ઋષિ મુનિનીઓથી લઈને દાદીમાનું વૈદું સુધી આયુર્વેદનો જ યુગ છે. વર્તમાન સમયમાં પણ વ્યક્તિ શરીરને કોઈ પ્રકારનું નુકસાન ના થાય અને સારવાર થાય એ માટે આયુર્વેદનો સહારો લે છે. એમ કહી શકાય કે, આપણા દેશ માટે આયુર્વેદ સૌથી બેસ્ટ અને સૌનો માનીતો વિષય છે. હવે ધીમે-ધીમે યુવાનો માટે પણ આ ફિલ્ડ પસંદીદા બની રહ્યું છે. માટે જે યુવાનો આ ફિલ્ડમાં કારકિર્દી બનાવવા ઇચ્છતા હોય એ લોકો માટે બેસ્ટ વે અને અનેક વિકલ્પો રહેલા છે.

ભારતનો આયુર્વેદ જૂની દવા પદ્ધતિ છે. આયુર્વેદ હકીકતમાં સંસ્કૃત ભાષાના બે શબ્દોથી બનેલો છે. ‘આયુર એટલે જીવન’ અને ‘વેદ એટલે જ્ઞાન’. સરલ શબ્દોમાં કહીએ તો આયુર્વેદ એ જીવનનું જ્ઞાન છે, જે માનવ શરીરનું તમામ બીમારીઓથી રક્ષણ કરે છે, કારણ કે મનુષ્ય લાંબા સમય સુધી જીવિત રહી શકે. આયુર્વેદની માન્યતા પ્રમાણે માનવ શરીરમાં ત્રણ તત્ત્વોમાંથી કોઈ પણ એક તત્ત્વ ઓછું થાય તો આપણે બીમાર થઈએ છીએ. જેમાં વાત, પિત્ત અને કફનો સમાવેશ થાય છે. જો આ ત્રણ તત્ત્વોનું સંતુલન જળવાય તો આપણે સ્વસ્થ રહીએ છીએ, પરંતુ સંતુલન ના જળવાય તો રોગ થાય છે અને તે જીવલેણ પણ હોય છે. ભારતમાં આયુર્વેદના વિદ્યાર્થી તરીકે જોડાવું હશે તો ૫૦૦૦ હજાર જૂની આયુર્વેદની પરંપરા સમજવી પડશે. ૧૯૬૯માં ભારત સરકારે સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઇન ઇન્ડિયન મેડિસિન એન્ડ હોમિયોપેથી (સીસીઆરઆઇએમએચ) ની સ્થાપના કરી. આ સેન્ટ્રલ કાઉન્સિલનું મુખ્ય કાર્ય આયુર્વેદમાં સંશોધન પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવાનું. એ જ રીતે આયુષ, યોગ અને નિસર્ગોપચાર. યુનાની, સિદ્ધ અને હોમિયોપેથી વિભાગની સ્થાપના વર્ષ ૨૦૦૩માં ભારતના તમામ પ્રકારની રિસર્ચ એક્ટિવિટીઝને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી.

મુખ્ય કોર્સ

આપણા દેશમાં આયુર્વેદને લગતા તમામ અભ્યાસક્રમો આજકાલ ઔપચારિક તબીબ શિક્ષણનો મોટો ભાગ બની ગયા છે, પરંતુ આયુર્વેદની શરૂઆતથી તેનું શિક્ષણ ભારતમાં અનૌપચારિક આપવામાં આવ્યું છે. આયુર્વેદની ઔષધિઓએ આખી દુનિયામાં તેમની ઓળખ સ્થાપિત કરી છે, કારણ કે આયુર્વેદ દવાની કોઈ આડઅસર થતી નથી અને આયુર્વેદ પણ અસાધ્ય રોગોનો ઇલાજ કરી શકે છે. આયુર્વેદિક સાધક વૈદ અથવા હકીમ તરીકે ઓળખાય છે.

સ્નાતક લેવલના કોર્સ

- બેચલર ઓફ આયુર્વેદિક મેડિસિન એન્ડ સર્જરી (બી.એ.એમ.એસ.)
- બેચલર ઓફ સિદ્ધ મેડિસિન એન્ડ સર્જરી (બી.એસ.એમ.એસ.)

પોસ્ટગ્રેજુએશન લેવલના કોર્સ

- માસ્ટર ઓફ બિઝનેસ એડ્મિનિસ્ટ્રેશન ઇન આયુર્વેદ ફાર્મસી (એમબીએ-આયુર્વેદ ફાર્મસી)
- ડોક્ટર ઓફ મેડિસિન ઇન આયુર્વેદ (એમડી)
- માસ્ટર ઓફ સર્જરી ઇન આયુર્વેદ (એમએસ)

ડોક્ટરલ ડિગ્રી લેવલના કોર્સ

- માસ્ટર ઓફ ફિલોસોફી ઇન આયુર્વેદ સિદ્ધાંત (એમફિલ)
- ડોક્ટર ઓફ ફિલોસોફી ઇન આયુર્વેદ (પીએચડી)

આયુર્વેદની સ્પેશલાઇઝેશન ફિલ્ડ્સ

- કાયાચિકિત્સા - ઇન્ટરનલ મેડિસિન
- શલ્ય ચિકિત્સા - સર્જરી
- બાલ ચિકિત્સા - પિડિયાટ્રિક્સ
- ઉર્ધ્વાંગ ચિકિત્સા - આંખ, કાન, નાક, ગળા અને માથું
- અગદ ચિકિત્સા - ટોક્સિકોલોજી
- જર ચિકિત્સા - રસાયણ ગેરેંટોરોલોજી
- એફ્રોડિસિએક્સ

કેમિલી બેસ્ટ ક્ષેતિજ

વિષયની પસંદગી : આયુર્વેદમાં સ્પેશ્યાલીસ્ટ બનવા માટે કોઇ એક વિષયનું જ્ઞાન મેળવવું જરૂરી છે અથવા કોઇ પણ એક વિષયમાં નિષ્ણાત બનવું અનિવાર્ય છે.

- ચરક સંહિતા (ઉત્તરાર્ધ)
- સ્ત્રીરોગ અને પ્રસૂતિ તંત્ર
- પંચકર્મ
- રોગનિદાન
- નાડી પરીક્ષા
- ધાતુ ચિકિત્સા
- દ્રવ્ય ગુણ વિજ્ઞાન
- પદાર્થ વિજ્ઞાન
- સંસ્કૃત

ઋષિકેશમાં આયુર્વેદ પ્રોફેશનલ સર્ટિફિકેટ કોર્સ કરાવવામાં આવે છે. જ્યાં આયુર્વેદના ક્ષેત્રમાં પ્રારંભિક અને આયુર્વેદ પ્રેક્ટિસનર્સ માટે ૩૦ દિવસનો પ્રારંભિક આયુર્વેદ પ્રમાણિત અભ્યાસક્રમ અને ૯૦ અથવા ૪૫ દિવસ માટે એડવાન્સ આયુર્વેદ થેરાપી ડિપ્લોમા કોર્સ કરાવવામાં આવે છે. આ ઉપરાંત પણ મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલફેયર, ભારત સરકારના આયુષ ડિપાર્ટમેન્ટ દ્વારા આયુર્વેદમાં જુદી-જુદી કેટેગરી માટે ટ્રેનિંગ પ્રોગ્રામ કરાવવામાં આવે છે.

કેટેગરી ૧- આયુર્વેદિક મેડિસિન પ્રેક્ટિસનર્સ ફુલ આયુર્વેદિક એજ્યુકેશન

આ ફુલ ટાઇમ ટ્રેનિંગ પ્રોગ્રામ છે, જે ૪૫૦૦ કલાકનો છે. આ ટ્રેનિંગ પ્રોગ્રામના નેજા હેઠળ ક્લાસરૂમમાં થિયરી અને પ્રેક્ટિકલ ટીચિંગ સાથે માન્યતાપ્રાપ્ત આયુર્વેદિક કોલેજો અથવા સંસ્થાઓ દ્વારા ઓછામાં ઓછી ૩ પ્રોફેશનલ એક્ઝામ લેવાય છે. ત્યાર બાદ વિદ્યાર્થી માટે કોઇ પણ માન્યતાપ્રાપ્ત હોસ્પિટલમાં ૧૦૦૦ કલાકની ઇન્ટર્નશિપ ટ્રેનિંગ લેવી જરૂરી છે. આ કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી જ વિદ્યાર્થી બીએએમએસની ડિગ્રી મેળવી શકે છે.

લિમિટેડ આયુર્વેદિક એજ્યુકેશન ટાઇપ-૨

આ એક ફુલ ટાઇમ અને પાર્ટ ટાઇમ પ્રોગ્રામ છે જેની સમય મર્યાદા ૨૫૦૦ કલાકની છે. ટ્રેનિંગ પ્રોગ્રામ દરમિયાન ક્લાસરૂમમાં થિયરી અને પ્રેક્ટિકલના જ્ઞાન સાથે માન્યતાપ્રાપ્ત આયુર્વેદિક કોલેજો અથવા સંસ્થાઓમાં ઓછામાં ઓછી ૩ પ્રોફેશનલ એક્ઝામ લેવામાં આવે છે. ત્યાર બાદ વિદ્યાર્થી માટે માન્યતાપ્રાપ્ત આયુર્વેદિક ક્લિનિકમાં ૫૦૦ કલાકની ઇન્ટર્નશિપ ટ્રેનિંગ લેવી પણ જરૂરી છે. આ કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી વિદ્યાર્થીને આયુર્વેદમાં ડિપ્લોમાની ડિગ્રી આપવામાં આવે છે.

લિમિટેડ આયુર્વેદિક એજ્યુકેશન ટાઇપ-૩

આ કોર્સ પણ ફુલ અને પાર્ટટાઇમ બંને રીતે કરી શકાય છે. જેની સમય મર્યાદા ૧૫૦૦ કલાકની છે. આ કોર્સ દરમિયાન થિયરી અને પ્રેક્ટિકલ બંને પ્રકારનું જ્ઞાન આપવામાં આવશે. જેમાં માન્યતાપ્રાપ્ત આયુર્વેદિક કોલેજો અથવા સંસ્થાઓ ઓછામાં ઓછી બે પ્રોફેશનલ પરીક્ષા લેશે. ત્યાર પછી વિદ્યાર્થી કોઇ પણ માન્યતાપ્રાપ્ત આયુર્વેદિક સંસ્થામાં ૫૦૦ કલાકની ઇન્ટર્નશિપ ટ્રેનિંગ માટે તૈયાર થાય છે. આ કોર્સ સફળતાપૂર્વક કર્યા પછી વિદ્યાર્થીને આયુર્વેદમાં પોસ્ટગ્રેજ્યુએશન ડિપ્લોમાની ડિગ્રી પ્રદાન કરવામાં આવે છે.

મુખ્ય સંસ્થાઓ

- યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સ, વિજયવાડા
- ડો. એમજીઆર મેડિકલ યુનિવર્સિટી, ચેન્નઇ
- શ્રી ધન્વંતરિ આયુર્વેદિક કોલેજ, ચંડીગઢ
- અષ્ટાંગ આયુર્વેદ કોલેજ, ઇન્દોર
- આયુર્વેદિક મેડિકલ કોલેજ, કોલ્હાપુર
- શ્રી આયુર્વેદ મહાવિદ્યાયાલય, નાગપુર
- રાજીવ ગાંધી યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સ, બેંગ્લોર
- નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ, જયપુર
- ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
- મહાત્મા ગાંધી ગ્રામોદય વિશ્વવિદ્યાલય, ચિત્રકૂટ

કેટેગરી-૨ આયુર્વેદિક થેરાપિસ્ટ લિમિટેડ એજ્યુકેશન ફોર પંચકર્મ થેરાપી

આ એક ફુલટાઇમ અને પાર્ટ ટાઇમ લિમિટેડ ટ્રેનિંગ કોર્સ છે. આ ટ્રેનિંગ પ્રોગ્રામના નેજા હેઠળ ઓછામાં ઓછા ૬૦૦ ક્લાકના ક્લાસ હોય છે. જેમાં થિયરીની સાથે કોઇ પણ માન્યતાપ્રાપ્ત પંચકર્મ હોસ્પિટલમાં ૪૦૦ કલાકની પ્રેક્ટિકલ ટ્રેનિંગનો સમાવેશ થાય છે.

લિમિટેડ એજ્યુકેશન ફોર આયુર્વેદિક ડાયટેટિક્સ

આ એક ફુલટાઇમ અને પાર્ટ ટાઇમ લિમિટેડ ટ્રેનિંગ કોર્સ છે. આ ટ્રેનિંગ પ્રોગ્રામના નેજા હેઠળ ઓછામાં ઓછા ૬૦૦ ક્લાકના ક્લાસ હોય છે. જેમાં થિયરીની સાથે કોઇ પણ માન્યતાપ્રાપ્ત આયુર્વેદિક હોસ્પિટલમાં ૪૦૦ કલાકની પ્રેક્ટિકલ ટ્રેનિંગનો સમાવેશ થાય છે.

લિમિટેડ એજ્યુકેશન ફોર આયુર્વેદ ફાર્મસી

આ કોર્સ પણ ફુલટાઇમ અને પાર્ટ ટાઇમ લિમિટેડ ટ્રેનિંગ કોર્સ છે. આ ટ્રેનિંગ પ્રોગ્રામના નેજા હેઠળ ઓછામાં ઓછા ૬૦૦ ક્લાકના ક્લાસ હોય છે. જેમાં થિયરીની સાથે કોઇ પણ માન્યતાપ્રાપ્ત આયુર્વેદિક સંસ્થામાં ૪૦૦ કલાકની પ્રેક્ટિકલ ટ્રેનિંગની સાથે ક્લિનિકલ વિતરણનો સમાવેશ થાય છે.

કેટેગરી-૩, સેલ્ફ હેલ્થ કેર માટે લિમિટેડ આયુર્વેદિક એજ્યુકેશન

આ પ્રોગ્રામમાં ફુલટાઇમ અને પાર્ટ ટાઇમ જોડાઇ શકાય છે. જેમાં જોડાયા પછી ૨૦૦ કલાકની થિયરીની સાથે કોઇ પણ માન્યતાપ્રાપ્ત આયુર્વેદિક કોલેજ અથવા સંસ્થામાંથી પ્રેક્ટિકલ જ્ઞાન મેળવવાનું હોય છે. આ ટ્રેનિંગ એવા લોકો માટે છે જે પોતાના આરોગ્ય માટે આયુર્વેદનું જ્ઞાન મેળવવા ઇચ્છે છે. ધોરણ ૧૨ પાસ અથવા તેની સમકક્ષ અભ્યાસ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓ અથવા પ્રોફેશનલ આ કોર્સમાં જોડાઇ શકે છે. ■

- હેતલ રાવ
hetalrao@sambhaav.com

મારે પરણવું છે

ગયા અઠવાડિયે ગુજરાતના ગવર્નર આચાર્ય દેવવ્રતે લગ્નને નામે બનાવટ કરીને કે બળજબરીપૂર્વક ધર્મપરિવર્તન કરાવનારને દંડ તેમ જ જેલની સજા ફરમાવતાં 'લવ-જેહાદ' વિરોધી 'ગુજરાત ફ્રિડમ ઑફ રિલિજિયન અમેન્ડમેન્ટ બિલ', ૨૦૨૧ને મંજૂરી આપતાં એ બિલ કાયદો બની ગયો છે. હવે એનો કેટલો અમલ થાય છે, પ્રેમ અને લગ્નના બહાને બળજબરીપૂર્વક ધર્મપરિવર્તન કેટલું ઓછું થાય છે એ જોવાનું છે.

અમેરિકન સિટીઝન જોડે જો કોઈ પરદેશી લગ્ન કરે તો એ પરદેશી એ અમેરિકન સિટીઝનનો 'ઇમિજિયેટ રિલેટિવ' ગણાય છે અને અમેરિકન સિટીઝન એના ઇમિજિયેટ રિલેટિવને પોતાની સાથે અમેરિકામાં રહેવા ઇમિજિયેટ રિલેટિવ કૅટેગરી હેઠળ ઇમિગ્રન્ટ વિઝાની પિટિશન દાખલ કરી શકે છે. આવા પિટિશનો વાર્ષિક ક્વૉટાના કોઈ પણ પ્રકારનાં બંધનોથી જકડાયેલાં નથી. એટલે એ પિટિશન પ્રોસેસ થઈને જેવું એપ્રૂવ્ડ થાય કે જે પરદેશી અમેરિકન સિટીઝન જોડે લગ્નસંબંધથી જોડાયેલો હોય એ ઇમિગ્રન્ટ વિઝા મેળવીને અમેરિકામાં કાયમ રહેવા પ્રવેશી શકે છે. ત્યાં પ્રવેશતાં એને બે વર્ષની મુદ્દતનું કન્ડિશનલ ગ્રીનકાર્ડ આપવામાં આવે છે. ૨૧ મહિના પૂરા થાય એટલે અમેરિકન સિટીઝન અને એની પરદેશી પત્ની યા પતિએ સંયુક્ત અરજી કરીને એ બે વર્ષની મુદ્દતનું કન્ડિશનલ ગ્રીનકાર્ડ કાયમનું કરવાનું રહે છે. એ સમયે એમણે દેખાડી આપવાનું રહે છે કે તેઓ ગ્રીનકાર્ડ મળ્યા બાદ પત્ની-પતિ તરીકે સાથે જ રહ્યાં છે. એમનાં લગ્ન છૂટાછેડામાં નથી પરિણમ્યાં.

જો અમેરિકન સિટીઝનને બદલે પરદેશી વ્યક્તિ ગ્રીનકાર્ડધારક જોડે લગ્ન કરે તો એ ગ્રીનકાર્ડધારક એની પરદેશી પત્ની યા પતિને પોતાની સાથે કાયમ રહેવા માટે 'ફૅમિલી સેક્ધડ એ પ્રેફરન્સ કૅટેગરી' હેઠળ ઇમિગ્રન્ટ વિઝાની પિટિશન દાખલ કરી શકે છે. આ પિટિશનો વાર્ષિક ક્વૉટાનાં બંધનોથી સીમિત હોવાને કારણે એપ્રૂવ્ડ થયા બાદ એની હેઠળ વિઝા મેળવવા માટે વાટ જોવાની રહે છે. આજે ભારતીય વ્યક્તિએ, જેણે ગ્રીનકાર્ડધારક જોડે લગ્ન કર્યા હોય એણે ઇમિગ્રન્ટ વિઝા મેળવવા માટે બેથી ચાર વર્ષની વાટ જોવી પડે છે.

આમ અમેરિકન સિટિઝન જોડે લગ્ન કરતાં ભારતીયોને લગભગ એક વર્ષની અંદર અને ગ્રીનકાર્ડવાળાઓ જોડે લગ્ન કરતાં બેથી ચાર વર્ષની અંદર ગ્રીનકાર્ડ મળે છે.

ગ્રીનકાર્ડ એટલે 'એલિયન રજિસ્ટ્રેશન રિસીપ્ટ'. એ મળતાં જેને એ આપવામાં આવ્યું હોય એ પરદેશી અમેરિકામાં કાયમ રહી શકે છે અને જો એણે લગ્નના આધારે ગ્રીનકાર્ડ મેળવ્યું હોય તો ત્રણ વર્ષ બાદ એ પરદેશી વ્યક્તિ અમેરિકન સિટીઝન બનવાની અરજી કરી શકે છે.

આમ અમેરિકન સિટીઝન યા ગ્રીનકાર્ડધારક જોડે લગ્ન કરતાં અમેરિકામાં કાયમ રહેવા માટે ગ્રીનકાર્ડ મળી શકતું હોવાને લીધે અનેક ભારતીયો અમેરિકન સિટીઝન યા ગ્રીનકાર્ડધારકો જોડે ફક્ત ને ફક્ત ગ્રીનકાર્ડ મેળવવા માટે જ લગ્નગ્રંથિથી જોડાય છે. એમનાં લગ્ન સહજીવન સાથે ગાળવા માટેનાં નથી હોતાં, એ લગ્ન બનાવટી અને ગ્રીનકાર્ડ મેળવવા માટેનાં જ હોય છે. એક વાર ગ્રીનકાર્ડ મળી જાય, બે વર્ષ બાદ એ કાયમનું થઈ જાય, પછી એ ભારતીય વ્યક્તિ અમેરિકન સિટીઝન યા ગ્રીનકાર્ડધારક પત્ની/પતિથી છૂટાછેડા લઈ લે છે અને પછી ભારતમાં રહેતી પોતાની મનગમતી વ્યક્તિ જોડે લગ્ન કરીને એના માટે ઇમિગ્રન્ટ વિઝાની પિટિશન દાખલ કરે છે.

આવા છેતરપિંડીના કિસ્સાઓ ખૂબ જ વધી જતાં અમેરિકન ઇમિગ્રેશન ખાતાની આંખ આ બનાવટ સામે ખૂલી ગઈ અને આવી છેતરપિંડી અટકાવવા બનાવટી લગ્ન ઉપર રોક મૂકવા અમેરિકાએ 'ધ મૅરેજ ફ્રૉડ અમેન્ડમેન્ટ ઍક્ટ' ઘડ્યો. આ કાયદા હેઠળ આવાં બનાવટી લગ્નો ફક્ત ગ્રીનકાર્ડ મેળવવા માટેનાં લગ્નો કરનારાઓને પાંચ વર્ષની જેલ અને પચાસ હજાર ડૉલર સુધીનો દંડ, આવી કડક સજા ફરમાવવામાં આવી. આ કાયદો ઘડાયો તોયે આજે અમેરિકા જવા ઇચ્છતા ભારતીયો આવાં બનાવટી લગ્ન કરતાં અટક્યા નથી. પોતાનાથી બમણી ઉંમરની સ્ત્રીઓ જોડે, બબ્બે વાર ડિવોર્સ લીધેલી અને એક-બે છોકરાઓની માની જોડે પણ તેઓ ઇમિગ્રન્ટ વિઝા માટે, ગ્રીનકાર્ડ માટે બનાવટી લગ્ન કરે છે. જેઓ પકડાય, તેઓ પસ્તાય છે.

આજકાલ સોશિયલ મીડિયામાં આપણા યુવાનો જેઓ અમેરિકા જવા ઇચ્છતા હોય છે તેઓ ખાંખાંખોળા કરીને એવી અમેરિકન સિટીઝન સ્ત્રીઓને શોધે છે જેઓ પૈસા લઈને બનાવટી લગ્ન કરવા તૈયાર હોય છે. આવી સ્ત્રીઓ યુવાન પણ હોય છે અને મોટા ભાગની આધેડ ઉંમરની હોય છે. એક-બે વાર એમણે ડિવોર્સ લીધેલા હોય છે અને બે-ત્રણ સંતાનોની માતા પણ હોય છે. આપણા યુવાનો એમને પોતાના ખર્ચે ઇન્ડિયા બોલાવી એમની જોડે લગ્નગ્રંથિથી જોડાય છે અને પછી એમના થકી ઇમિગ્રન્ટ વિઝા મેળવીને અમેરિકામાં પ્રવેશી કંડિશનલ ગ્રીનકાર્ડ મેળવે છે. આમ કરવા માટે તેઓ એ અમેરિકન સિટીઝન સ્ત્રીઓને સારા એવા પૈસા આપે છે. કંડિશનલ ગ્રીનકાર્ડ કાયમનું કરવાનું હોય છે ત્યારે પણ એ સ્ત્રીઓ એમની આગળથી સારી એવી રકમ પડાવે છે. આવા કિસ્સાઓ ખૂબ વધી જતા હવે કોન્સ્યુલર ઓફિસરો અને ઇમિગ્રેશન ઓફિસરો ખૂબ જ સાવધ થઈ ગયા છે અને લગ્ન કરનાર બે વ્યક્તિઓ વચ્ચે જરા જેવી પણ અસમાનતા એમને જણાય, ઉંમરમાં મોટો તફાવત જણાય, કુંવારા ભારતીય યુવકો એમનાથી બમણી ઉંમરની અમેરિકન સિટીઝન યુવતીઓ જોડે લગ્ન કરે તો તેઓ સમજી જાય છે. આ લગ્ન ગ્રીનકાર્ડ માટેનું બનાવટી લગ્ન છે. આથી એમના વિઝા નકારાય છે અને જો વિઝા મળ્યા હોય તો અમેરિકામાં પ્રવેશ આપવામાં નથી આવતો.

અમેરિકા કાયમ માટે જવા ઇચ્છનારી દરેકેદરેક વ્યક્તિએ આ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે બનાવટી લગ્ન કરીને અમેરિકા જવામાં જોખમ રહેલું છે. પકડાયા તો સરકાર એમને સજા કરશે, ભારત પાછા મોકલી આપશે. વધુમાં તેઓ અમેરિકામાં જે વ્યક્તિ જોડે લગ્ન કરે છે એ પણ એમને બ્લૅકમેઇલ કરે છે. તમારે પરણવું ભલે હોય, પણ આવાં બનાવટી લગ્ન ન કરતાં. ■

તમારું વીક કેવું જશે?

૧૨ જૂનથી ૧૮ જૂન ૨૦૨૧

મેષ (અ,લ,ઈ): આ સપ્તાહે તમારો મોટા ભાગનો સમય તમારા સગાંસંબંધીઓ, પાડોશીઓ અથવા તો મિત્રો સાથે વ્યતીત કરશો. આ સમયમાં ખૂબ જ રોમેન્ટિક અનુભૂતિ કરશો. વેપારમાં સફળતા મળશે.

વૃષભ (બ,વ,ઉ): આ સપ્તાહે તમારા પરિવારની અંદર કોઈ સારું અને શુભ કામ થશે. આ સપ્તાહે તમને કેટલાક સગાંસંબંધીઓને અને ઓળખીતા લોકો સાથે મુલાકાત કરવાની તક પ્રાપ્ત થશે.

મિથુન (ક,છ,ઘ): આ સપ્તાહે તમે પોતાની જાત પર ધ્યાન આપશો. તેમ જ પોતાની પર્સનાલિટીને નિખારશો. આ સમયગાળા દરમિયાન તમે પોતાના જીવનમાં સુખને શોધી કાઢશો. જેનો કેટલાંક સ્થાને તમને ફાયદો થશે.



કર્ક (ડ,હ): આ સપ્તાહે તમે સ્વયં આત્મનિર્ભર બનવાની દિશામાં આગળ વધશો. આ સમય દરમિયાન તમે પોતાની કમાણીનાં સાધનોને વધારવા તરફ વધારે ધ્યાન કેન્દ્રિત કરશો. આરોગ્ય જળવાઈ રહેશે.

સિંહ (મ,ટ): આ સપ્તાહે તમને પોતાના પ્રિય પાત્રની સાથે કેટલોક રોમેન્ટિક સમય વ્યતીત કરવાની તક પ્રાપ્ત થશે. તેમને કોઈ સુંદર વસ્તુ ગિફ્ટ કરી શકો છો. જીવનસાથી સાથે એકાંતમાં સમય પસાર કરશો.

કન્યા (પ,ઠ,ણ): આ સપ્તાહે કોઈ ધાર્મિક કાર્ય માટે પ્રવાસ કરશો. જેના ભાગરૂપે માનસિક શાંતિની પણ અનુભૂતિ થશે. વેપારી વર્ગને પોતાના કામમાં કેટલીક નવી યોજનાઓ લાગુ કરવાની જરૂર પડશે.

તુલા (ર,ત): આ સપ્તાહ તમને આર્થિક લાભ આપનારું રહેશે. આ સમય દરમિયાન તમારા કામમાં સારા પરિણામની પ્રાપ્તિ થશે. પ્રણય જીવન જીવનારા લોકો માટે આ સપ્તાહ ખુશનુમા બની રહેશે.

વૃશ્ચિક (ન,ય): વર્તમાન સપ્તાહની શરૂઆતના સમયગાળા દરમિયાન તમે ખૂબ જ ફાયદાકારક ડીલ કરશો. જેથી ધનની પ્રાપ્તિ પણ થશે. તમારી આર્થિક સ્થિતિ આ સમય દરમિયાન મજબૂત બનશે.

ધન (ભ,ફ,ધ,ઢ): સપ્તાહની શરૂઆતના સમયમાં કોઈ પણ મોટો નિર્ણય લેવાનો ટાળવો. પોતાના આરોગ્યનું ધ્યાન રાખવાનું જરૂરી બનશે. તમારી યોજનાઓ ધીમે ધીમે કારગત સાબિત થવા લાગશે.

મકર (ખ,જ): તમે તમારા વેપારના સંબંધમાં કોઈ નવી સંપત્તિની ખરીદી કરી શકો છો. તમારા જીવનસાથી આ સમય દરમિયાન તમને કોઈ સંપત્તિના માલિક બનાવી શકે છે. તમે પોતાના કામને નવી દિશા પ્રદાન કરશો.

કુંભ (ગ,શ,સ,ષ): તમારા આ સપ્તાહની શરૂઆત ખૂબ જ રોમેન્ટિક અંદાજમાં થશે. તમારા પ્રિય પાત્રની સાથે આનંદદાયક પળો વિતાવશો. પોતાની યોજનાઓને ગુપ્ત રાખવી જરૂરી થઈ પડશે.

મીન (દ,ચ,ઝ,થ): આ સપ્તાહે તમે તમારા પરિવાર પ્રત્યેની તમારી જવાબદારીઓ સમજશો. તમે તમારા પરિવારના લોકો પર ઓળઘોળ રહેશો. લાંબા પ્રવાસોના યોગ છે. આ પ્રવાસોથી તમારા કાર્યમાં સફળતા મળશે.

સમસ્યા અને નિરાકરણ

GaneshaSpeaks.com
Your friend, astrologer & guide
FOR ASTROLOGY DIAL 55181*

પ્રશ્ન : પ્રણામ અને જય ગણેશ. જ્યોતિષાચાર્ય, હું બારમા ધોરણમાં અભ્યાસ કરું છું. મારે ટેક્નિકલ ફિલ્ડમાં આગળ વધવું છે તો મારી કારકિર્દી કેવી રહેશે અને બીજું મારે એ જાણવું છે કે મારા માટે શું યોગ્ય રહેશે - નોકરી કે બિઝનેસ? - જય ગુણિયલ, ખેડા

જવાબ : જયભાઈ, જયગણેશ. તમારા જન્માક્ષરનો અભ્યાસ કરતા માલૂમ થાય છે કે તમારી જે ઇચ્છા છે ટેક્નિકલ ફિલ્ડમાં આગળ વધવાની, તે પૂરી થશે. આ ક્ષેત્ર તમારા માટે પ્રગતિકારક સાબિત થશે. તમે ઓટોમોબાઇલ ક્ષેત્રે તમારી કારકિર્દી ઘડી શકશો. હવે વાત કરીએ નોકરી કે બિઝનેસની તો તમારા માટે નોકરી કરવી યોગ્ય રહેશે. આ ક્ષેત્રની નોકરીમાં તમને સફળતા અને યશ પ્રાપ્ત થશે. ઇષ્ટદેવની ઉપાસના કરતા રહો. ગણપતિજીની આરાધના કરતા રહો. કુળદેવીનું સ્મરણ કરતા રહો.

તમે પણ તમારી મૂંઝવતી સમસ્યાનું નિરાકરણ મેળવી શકો છો. પ્રશ્ન મોકલવાનું સરનામું : 'સમસ્યા અને નિરાકરણ', ' અભિયાન', સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫. પ્રશ્ન મોકલતી વખતે જન્મનો સમય, સ્થળ, જન્મ તારીખ અને કુંડળી સાથે ચુટક લાઇનવાળી આ કૂપન અવશ્ય બીડવી.

કરમકરા

જગદીપ ઉપાધ્યાય

૧૪

પૂર્વકથા બીજા દિવસે સલોત સાહેબ શાળાએ જાય છે ત્યારે તેમના અને પેલી બ્યુટીફુલ...ભૂરી...ભૂરી છોકરીના સંબંધને લઈને વાતો ચર્ચાવા લાગે છે. કોઈકે શાળાની દીવાલ પર સાહેબ અને છોકરીનું નામ લખી દીધું હોય છે. સ્ટાફરૂમમાં પણ સલોત સાહેબને કટાક્ષોનો સામનો કરવો પડે છે. એવામાં એ છોકરીનું પરિણામ સલોત સાહેબને જોવા મળે છે. છોકરીના ડિસ્ટિન્ક્શન માર્ક જોઈને સલોત સાહેબ ખુશ થઈ જાય છે. પ્રિન્સિપાલ સાહેબ શાળામાં ચાલી રહેલી વાતોનો ફોડ પાડવા સલોત સાહેબને પોતાની કેબિનમાં બોલાવે છે. સલોત સાહેબ કન્યા કેળવણી અંતર્ગત એ છોકરીના ઉજ્જવળ ભવિષ્ય માટે કામ કરી રહ્યા હોવાનું કહે છે. તેઓ છોકરીની 'ને શાળાની બદનામી ન થાય તે માટે એ છોકરીને બીજી કોઈ શાળામાં એડમિશન અપાવી દેવાની વાત કરે છે. પ્રિન્સિપાલ સાહેબને સલોત સાહેબની વાત સાચી લાગે છે. સલોત સાહેબ પ્રિન્સિપાલની કેબિનમાંથી બહાર નીકળે છે ત્યાં જ સામે છોકરીના પિતા મળે છે. **હવે આગળ વાંચો...**

એ બ્યુટીફુલ... ભૂરી ભૂરી છોકરીએ સલોત સાહેબને બે ભાગમાં વહેંચી નાખ્યા. એક બળબળતા રણમાં અને બીજા ખળખળતા જળમાં!

વહાલા

એરિસ્ટોટલ,

તમે અમારા જેવા યુવાનોને માર્ગદર્શન આપો છો અને તેને જીવનની દિશા બતાવો છો. હું હવે યુવાન તો ન કહેવાઉં, પણ મારામાં યુવાનીની ઉત્કટતા તો ખરી જ. હું મારી વ્યથા આપની સમક્ષ રજૂ કરું છું. અમો બંને મિત્રો એક મોટા બિઝનેસમાં પાર્ટનરો છીએ. નોકર-ચાકર, ગાડી, બંગલા, પ્રોપર્ટી વગેરેની કમી નથી. અમો બંને મિત્રો સ્વભાવમાં સામ્ય ધરાવીએ છીએ. અમારા શોખ પણ સરખા છે. અમો બંને કોસ્મોપોલિટિન કલ્ચરમાં માનીએ છીએ, પણ અમારા ફેમિલીને અમો આ બધાથી દૂર રાખીએ છીએ. અમારા બંનેનું ફેમિલી પણ વ્યવસ્થિત ગોઠવાયેલું છે. અમો બંને અમારા શોખને પોષવા માટે અમારા નગરથી દૂર આવેલા મેટ્રો સિટીમાં જઈએ છીએ. ફાઇવસ્ટાર હોટેલમાં ઊતરીએ છીએ. અમોને સુંવાળા સહચર્ય માટે ત્યાં પસંદગીની યુવતીઓ મળી રહે છે. અમો તેની સાથે રાત્રી માણીએ છીએ અને રાતને વધુ રંગીન બનાવવા અર્ધી રાત્રીએ એકબીજાના પાર્ટનરને બદલી નાખીએ છીએ. અમારા ફેમિલીમાં આનાથી કોઈ પ્રોબ્લેમ નથી. છતાં એક જુદો જ પ્રોબ્લેમ સામે આવ્યો છે તે આપની સમક્ષ રજૂ કરું છું.

મારા મિત્રની એક સોળ સત્તર વર્ષની દીકરી છે. હું મારા મિત્રને ત્યાં જતો ત્યારે શરૂ શરૂમાં એ મારી સાથે હસી મજાક કરતી, પણ ધીરે ધીરે એ ક્યારે મારી નજીક આવી ગઈ તેની મને ખબર પણ ન રહી. તે હવે મને પ્રેમ કરવા લાગી છે. હું પણ તેને ચાહવા લાગ્યો છું. એ પ્રેમના આ

સલોત સાહેબને ઊંઘ ના આવતા ગીતાનું અધૂરું મૂકેલું ભાષ્ય વાંચવાની ઇચ્છા થઈ. ભાષ્યનું વાળેલું પાનું ખોલતા પહેલાં જ વાક્યમાં લખ્યું હતું, 'હજારો ગાયોના ધણમાંથી વાછરડું જેવી રીતે માત્ર પોતાની માતા પાસે જાય છે, તેવી રીતના માણસનાં કર્મ માણસને શોધી લે છે'

સ્વરૂપથી હું મૂંઝાઈ ગયો છું. તમે માર્ગદર્શન આપશો,

લિ. તમારો વાચક, એસ.વી. વાલિયા (વડોદરા)

સલોત સાહેબ દર રવિવારે 'તાજાખબર' દૈનિકની સાપ્તાહિક પૂર્તિમાં આવતા 'યૌવનની સમસ્યા અને તેનો ઉકેલ' વિભાગમાંના રસપ્રદ કિસ્સાઓ અચૂક વાંચતા. આજે આ રસપ્રદ પ્રશ્નનો કૉલમિસ્ટ, મનોવિજ્ઞાની લેખક એરિસ્ટોટલે આપેલો ઉકેલ તેઓ વાંચવા જાય તે પહેલાં અરીસા પાસે અર્ધો કલાકથી ઊભી રહી મેકઅપ કરતી, ઘડીમાં આ ફોક તો ઘડીમાં આ ડ્રેસ બદલતી પોતાની દીકરીને રસોડામાંથી ઠપકો આપતી તેની પત્નીનો અવાજ સંભળાયો, 'હવે એમાં શું આટલું બધું તૈયાર થવાનું છે? ક્લાસીસમાં ભણવા જાઓ છો કે પિકનિકમાં? 'ક્યારેક તો જવાય હો મમ્મી!' એમ કહેતી દીકરી સલોત સાહેબ પાસે આવીને કહે, 'પપ્પા! જલ્દી જલ્દી ત્રણસો રૂપિયા આપોને!' સલોત સાહેબે ખિસ્સામાંથી કાઢીને ત્રણસો રૂપિયા આપી દીધા. તેની પત્ની રસોડામાંથી બહાર આવતાં બોલી, 'હવે પિકનિકમાં જવું છે એમાં ત્રણસો રૂપિયાની શું જરૂર છે?, સો રૂપિયા ઘણા થઈ રહેશે.' દીકરી બોલી, 'સો રૂપિયા જ પિકનિકના લીધા છે. બસ્સો રૂપિયા તો દીપુસર માટે ગિફ્ટ લેવા જોઈશે.'

પત્ની બોલી, 'અરે! એવી બસ્સો રૂપિયાની ગિફ્ટ દીપુસરને આપવાની શું જરૂર છે?'

હવે સલોત સાહેબનું ધ્યાન છાપાની રસપ્રદ કૉલમમાંથી આ બાબતમાં ગયું. તેમણે પૂછ્યું, 'શાની ગિફ્ટ?'

તેમની પત્ની બોલી, 'જો ને, આ ક્લાસીસવાળા દીપકસરનો જન્મદિવસ છે તે આને ગિફ્ટ આપવી છે. હવે દીપકસરને શું ગિફ્ટ?'

દીકરી બંને હાથની મુઠ્ઠીઓ વાળી પોતાના ચહેરા આસપાસ હલાવતી 'ને સી..ઈ..ઈ..ઈ કરતી રસની ચૂસકીઓ ભરતી હોય તેમ બોલી, 'મારા દીપુ સરની તો મમ્મી વાત જ જુદી છે!...' જાણે એ ઘેલી થઈ ગઈ. પછી સલોત સાહેબને માત્ર જાણ કરતી હોય તેમ બોલી, 'પપ્પા! આજે અમારા દીપુસરનો જન્મદિવસ હોવાથી તેઓ પાર્ટી આપવા અમને હાથિયા ડુંગરે પિકનિક પર લઈ જવાના છે. હું જાઉં છું. સાંજે આવતી રહીશ.' સલોત સાહેબને, 'બહુ મોડું નહીં કરતા!' એમ કહેવા સિવાય વધુ તો શું સૂચના આપવાની હતી! દીકરી 'બાય' કહેતી ફટાફટ નીકળી ગઈ. સલોત સાહેબના ભીતરના શાંત જળમાં કાંકરી પડી. પડે જ ને! એ પણ મનમાં પેલી બ્યુટીફુલ... ભૂરી ભૂરી... છોકરી સાથે પિકનિક પર જવાનું કોઈ બહાનું ગોતી રહ્યા હતા.

તેમણે 'યૌવનની સમસ્યા અને તેનો ઉકેલ' વિભાગમાંનો આજની સમસ્યાનો ઉકેલ વાંચવો શરૂ કર્યો.

પ્રિય,

વાલિયાભાઈ

તમારી સમસ્યા જાણી. હવે તમે મારી વાત સમજો.

ધારો કે તમારે તેટલી જ ઉંમરની દીકરી હોત અને તે તમારા મિત્રને આ રીતે ચાહવા લાગત તો...

સલોત સાહેબે આગળ ન વાંચ્યું, કારણ કે ઉકેલ પોતાને ગમે તેવો ન હતો. ભીતર બોલ્યું, 'સાચી વાત આમ તો કોઈને ક્યાં ગમતી હોય છે? પણ હકીકત છે કે પેલા સમસ્યા દર્શાવનારા માણસના મિત્રની છોકરી હોય કે તારી પોતાની! કુદરતના ન્યાય સરખા રહેવાના. પાપ કર્મમાં એટલું બધું રોકાણ ન કરવું કે તેનું વ્યાજ ભરવામાંથી જ ઊંચા ન આવો. છાના છાના પાપ કરનારાને કુદરત સજા પણ છાની છાની કરે છે. હજારો કિલ્લાઓની સુરક્ષા તોડીને મનુષ્યનાં કર્મો તેની પાસે હિસાબ માગે છે.'

સાંજે દીકરી થાકી પાકી ઘેર આવી. તેનું મોઢું લાલ થઈ ગયું હતું. એની મમ્મી સાથે રસોડામાં કશીક છાની છાની વાતો કરતી હતી. સલોત સાહેબ જમવાની તૈયારી કરી રહ્યા હતા. ત્યાં જ દીકરી પટ પટ આંસુડાં પાડતી આવી 'ને ફરિયાદ કરવા લાગી, 'પપ્પા! પેલો ટીનો મને હેરાન કરે છે. મને કહે છે, તું દીપુસરને હાથમાં હાથ નાખવા દે છે. તું દીપુસરની ફ્રેન્ડ બને છે તો મારી ફ્રેન્ડ કેમ નથી બનતી? તું મારી ફ્રેન્ડ બન, તને હું ટોપની પિકનિક કરાવીશ.' અને આંખો લૂછી હીબકું ભરતાં આગળ બોલી, 'આજે બધાની પાસે અફવા ઊડાડતો હતો કે, પિકનિકમાં દીપુસરે મને કિસ કરી.' સલોત સાહેબે કહ્યું, 'એ ટીનાને તો હું સીધો કરી દઈશ. એ સમજે છે શું એના મનમાં? પણ સાચે સાચું કહે કે ટીનો કહે છે એ શું સાચું છે?'

દીકરી કહે, "ના પપ્પા! એવું કાંઈ નથી. હું હોશિયાર છું ને એટલે દીપુસર મને વધારે માન આપે છે. મને કહે છે કે ક્લાસીસે વહેલી આવતી જા. હું તને એકલીને વધુ ગાઇડન્સ આપીને બોર્ડમાં

સારા માર્ક ખેંચાવીશ. એક દિવસ હું વહેલી ગઈ 'ને મને આપેલી ખાલી જગ્યાઓ વહેલી સૉલ્વ થઈ ગઈ. ક્લાસીસ શરૂ થવાને થોડીવાર હતી. દીપુસર થોડા ફ્રી હતા. તેમને જ્યોતિષનો શોખ છે. તે મારો હાથ હાથમાં લઈને હાથની રેખાઓ જોતા 'તારા હાથની વિદ્યાની રેખાઓ બળવાન છે.' તેમ કહેતા હતા. એવામાં ટીનો આવી ગયો 'ને તેણે ઊંધો અર્થ કર્યો. પિકનિકમાં હું અને દીપુસર પાછળ-પાછળ આવતા હતા અને દીપુસરે મને 'પાછા ફરતા બધાને ભેળપૂરી ખવડાવીને સરપ્રાઇઝ આપવું છે.' તેમ કાનમાં કહ્યું. આઘે રહીને શિલા પાછળથી છાનું છાનું જોતો ટીનો 'દીપુસાહેબે મને કિસ કરી' એવો અર્થ કરી અફવા ઉડાડવા લાગ્યો.''

'જો એવી ક્લાસીસમાં વહેલા જવાની કોઈ જરૂર નથી. આવી પિકનિક પણ આપણે નથી કરવી. સીધું ક્લાસીસમાં જવાનું અને સીધું ઘેર આવતું રહેવાનું. બીજી કોઈ વાત નહીં, સમજી? બાકીનું બધું હું સંભાળી લઈશ.' 'હા...પપ્પા!' દીકરી ધીમેથી લાડકાઈથી બોલી 'ને સલોત સાહેબને પીરસવા ચાલી ગઈ. દીકરી તો બીજી પળે ખુશ થતી કિલ્લોલ કરવા લાગી, પણ સલોત સાહેબને ગળે કોળિયો અટક્યો. ભીતર કહેવા લાગ્યું, ''કાં? તેં પણ રેખાઓ જોવાને બહાને એ છોકરીનો હાથ હાથમાં લીધો હતો 'ને તેં પણ એ જ કહ્યું હતું કે, 'તારા હાથની વિદ્યાની રેખાઓ બળવાન છે.' તું તો એક ડગલું એથીય આગળ વધ્યો હતો 'ને બોલ્યો હતો, 'તને તારી કરતાં મોટી ઉંમરના પુરુષ પ્રત્યે લાગણી જાગશે. મન એક હોય એ મહત્ત્વની બાબત છે. ઉંમર તો ગૌણ બાબત છે. વિદેશમાં તો યુવતીઓનો મોટી ઉંમરના પુરુષો સાથે મૈત્રીનો ટ્રેન્ડ ચાલે છે.' સલોત સાહેબને કલ્પના થથરાવી ગઈ કે દીપુસરે પણ આવું આવું પોતાની દીકરી સાથે કર્યું હશે તો? કર્મોનો પડઘો એક એવું પરાવર્તન છે કે માણસ કાન બંધ કરી દે તોય સંભળાય છે. ભીતર લેખા લેતું હતું, 'કર્મની કથા એ એવી કથા છે કે એનાં પાત્રો એક દિવસ સાચા બનીને સામે મળે છે. એકપાત્રીય અભિનયમાં સ્ટેજ પર ન આવતા સંબંધિત પાત્રોય જીવંત તો થતાં જ હોય છે. સલોત! કેવી નવાઈ છે?, તારે પાપ કરવું છે, પણ એનું ફળ નથી જોઈતું ને પુણ્ય નથી કરવું, પણ એનું ફળ જોઈએ છે. સલોત! રણને ઉછેરો તો મૃગજળ મળે, જળ નહીં. ભરમાવતા સુખના વસંત વેળા ગુલશનમાં ગાયેલા ગીત પાનખર આવતા ચીસ બની જાય છે?''

રાત્રે સલોત સાહેબની પથારીમાં કાનખજૂરા દોડતા હતા. ટીનો પૂછતો હતો, 'હેં સલોતસર! આંકડાની ડાળે ગુલાબ આવે એવી કોઈ શોધ થઈ છે?' ક્લાસીસના દીપુ સર કહેતા હતા, 'પંખી જ માળો બાંધે તો વૃક્ષ કેવી રીતે ના કહે? વાદળું જ વરસવા લાગે તો રણ શું કરે?' સલોત સાહેબને ઊંઘ ના આવતા ગીતાનું અધૂરું મૂકેલું ભાષ્ય વાંચવાની ઇચ્છા થઈ. ભાષ્યનું વાળેલું પાનું ખોલતા પહેલાં જ વાક્યમાં લખ્યું હતું, 'હજારો ગાયોના ધણમાંથી વાછરડું જેવી રીતે માત્ર પોતાની માતા પાસે જાય છે, તેવી રીતના માણસનાં કર્મ માણસને શોધી લે છે.' રાત ઘસાઈ ગઈ ત્યારે સલોત સાહેબને માંડ ઊંઘ આવી.

સલોત સાહેબે ટીનાની કનડગત નિવારવા પ્રથમ એના વાલીને મળવાનું નક્કી કર્યું. તેના ઘરનો નંબર મેળવીને એના ઘેર ફોન કર્યો તો ટીનાની મમ્મીએ જવાબ દીધો કે ટીનાના પપ્પા બે-ચાર દિવસથી મુંબઈ ગયા છે, પણ સાંજે આવી જવાના છે. તેઓ કાલે તમને એમની ઑફિસે અગિયાર વાગ્યા પછી મળશે. સલોત સાહેબ બીજે દિવસે તેમને મળવા ગયા. ટીનાના પપ્પા ઑફિસે આવી ગયા

આ અઠવાડિયાની

દસ બેસ્ટ સેલર બુક્સ

"અભિયાન"ના વાચકો માટે ખાસ ઓફર

આ કૂપન બતાવો અને દરેક પુસ્તક ઉપર **૨૦% ડિસ્કાઉન્ટ** મેળવો

બહારગામ વી.પી.પી.થી પુસ્તકો મોકલી આપીશું. • ફોન ઉપર ઓર્ડર સ્વીકાર્ય

પુરુષાર્થ પોતાનો પ્રસાદ પ્રભુનો : કીડની સ્પેશ્યાલીસ્ટ ડૉ.એચ.એલ.ત્રિવેદીની આત્મકથા	ડૉ. અરુણા વી. વણીકર	₹ ૩૦૦.૦૦
શ્રી મનના શ્લોક : મરાઠીમાંથી ગુજરાતી સમશ્લોકી ભાવાનુવાદ (સીડી સાથે)	મકરંદ મુસળે	₹ ૨૫૦.૦૦
શોલે હિન્દી મુવી : ગુજરાતીમાં પહેલી વાર ધ મેકિંગ ઓફ અ ક્લાસિકનો અનુવાદ	અનુપમા ચોપરા	₹ ૨૫૦.૦૦
પ્રોજેક્ટ લાયન! : ગિરના સિંહો પર આધારિત નવલકથા	ડૉ.આઈ.કે.વીજળીવાળા	₹ ૧૫૦.૦૦
વનિતાવિશેષ : વુમન એમપાવરમેન્ટને સાર્થક કરતાં ચરિત્રો	રક્ષા શુક્લ	₹ ૧૫૦.૦૦
ઋગ્વેદ સંહિતા : ૨૭૭ પેજમાં સરળભાષામાં ગુજરાતી ભાવાનુવાદ	અરૂણ ત્રિવેદી	₹૧૦૦૦.૦૦
અર્ધ સત્ય : નવલકથા ૨૦૨૧	પ્રવીણ પીઠડીયા	₹ ૪૫૦.૦૦
સમગ્ર : ૯૫૨ ગઝલનો ગ્રંથ	ખલીલ ધનતેજવી	₹૧૦૦૦.૦૦
કવિતાનો રસોત્સવ : દેશદેશાવરના ૨૦૨ કાવ્યોનો અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ	પ્રદીપ ખાંડવાળા	₹ ૭૦૦.૦૦
સ્મરણનામા-સફરનામા-કોફીનામા-સરાઈનામા-સહજનામા : ૨૦૨૧ એડીશન (૫ બુક્સનો સેટ)	તુષાર શુક્લ	₹૧૫૫૦.૦૦

નટરાજ બુક સેન્ટર : ૧૦, નેશનલ ચેમ્બર્સ, સિટીગોલ્ડ મલ્ટીપ્લેક્સ લેન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ વોટ્સએપ : ૦૮૩૪૭૯-૬૧૨૯૯ ફોન નં. ૦૭૯-૨૬૫૮૭૯૩૦

પોકેટ બુક સેન્ટર : અમદાવાદ. ફોન નં. ૦૭૯-૨૫૫૦૮૭૩૨ Email : natraj1963@gmail.com, www.booksforyou.co.in

આ બાજુ નજીક આવતી જતી બ્યુટીફુલ ભૂરી ભૂરી છોકરી હતી તો પેલી બાજુ દૂર થતાં જતાં સ્નેહાળ દીકરી અને સુશીલ પત્ની હતાં. એ બ્યુટીફુલ... ભૂરી ભૂરી છોકરીએ સલોત સાહેબને બે ભાગમાં વહેંચી નાખ્યા. એક ખળખળતા જળમાં અને બીજા બળબળતા રણમાં!

હતા. તેમણે સલોત સાહેબને આવકાર્યા. ‘તમારો ફોન હતો એ મારા મિસિસે મને સમાચાર આપ્યા, પણ ગઈ કાલે તમને મળી ના શક્યો, કારણ કે મારા નાના સાળાનો એક પ્રોબ્લેમ સોલ કરવા મારે બે-ચાર દિવસ મુંબઈ જવું પડેલું એટલે દિલગીર છું. બોલો સાહેબ, જે હુકમ હોય તે ફરમાવો.’

સલોત સાહેબે ટીનાના વર્તન અંગે ફરિયાદ કરતા કહ્યું કે, ‘હમણાથી ટીનો મારી દીકરીને હેરાન કરે છે. એનું મારા પ્રત્યેનું વલણ પણ બહુ સારું નથી.’

ટીનાના પપ્પાએ આદર સાથે કહ્યું, ‘સલોત સાહેબ! ટીના વતી હું માફી માગું છું. મારો છોકરો આવું કરે એ ચલાવી જ ન લઉં. આજે એને ઘેર આવવા દો. સીધો કરી દઉં. હવેથી સલોત સાહેબ! ટીનાની એક પણ ફરિયાદ નહીં આવે. ટીનાને બહુ ભણાવવો નથી. મારી જોડે ધંધામાં લઈ લેવો છે, પણ આ તો સ્કૂલે આવે તો થોડા હિસાબ-કિતાબ શીખે ’ને ખાસ તો એને સારા સંસ્કાર મળે એટલે સ્કૂલે મોકલું છું. સંસ્કાર લેવાનું મૂકીને બીજું બધું શીખે કે તોફાની છોકરાને રવાડે ચડે એ બરાબર નથી, હું પણ એ સ્કૂલમાં જ ભણ્યો છું સાહેબ! અમારા વખતે તો સાહેબની સામે ન ચલાતું. તમને પણ શિક્ષા કરવાની છૂટ આપું છું. તમતમારે મારી ફરિયાદ નહીં આવે. અમો સંસ્કારના આગ્રહી. ખાનદાની પહેલા. તમે માનશો? અમે અમારા મોટા સાળાને ઘેર આવવા દઈએ, કારણ કે એ ભગત માણસ. પણ નાના સાળાને તો અમે બાજુમાં પણ ફરકવા ન દઈએ. એક નંબરનો લંપટ! આ તો હવે સગા રહ્યા તે ક્યાં જવું? એનો પ્રશ્ન પતાવવા જ એને ભરૂચથી લઈને મુંબઈ જવું પડ્યું.’ એમ કહી એમણે નાના સાળાનું વૃત્તાંત શરૂ કર્યું. સલોત સાહેબ નજીક મોઢું લાવીને એ કહે, ‘આ તો સાહેબ તમને કહેવાય. અમારો નાનો સાળો એવો તો ઐયાસ, કૉલગર્લને ‘મારી ફ્રેન્ડ છે’ એમ કહીને ઘેર લઈ આવે! ઘરવાળી અને એ ફ્રેન્ડ બેય હારે રોમાન્સ કરે. મૂરખને ખબર છે કે સુખના ઝાડવા ફિલમુંમાં જ ઊગે? બાઈ કાંઈ બોલે નહીં, પણ મનથી તો દુભાતી હોયને, હેં સાહેબ! એવામાં એવું થયું કે મારા આ સાળાના મુંબઈ રહેતા સાઢુભાઈ નાની વયે ઘરભંગ થયા. તે અમારો સાળો ’ને એની ઘરવાળી ખરખરે ગયા ને બાઈ કામકાજ માટે રોકાઈ ગઈ તે સાવ રોકાઈ ગઈ. ફરજના ભાગ રૂપે એક વાર મારા સાળાને લઈને મુંબઈ જઈ આવ્યા. જો પ્રશ્ન પતતો હોય તો! પણ તમે જ કહો સલોત સાહેબ! આપણે શું દલીલ કરવી? પછી છૂટું કરી દીધું. વળતા ભાઈ રોવા બેઠો, પણ હવે શું થાય? જે માણસ જિંદગીને મજાક સમજે છે, જિંદગી એની મજાક કરે છે.

‘સાહેબ! અમે વિશુદ્ધાનંદજીને માનીએ, તેઓ કહે છે ને ‘એનો માર્ગ ધૂંધળો બની જાય છે. ફૂલો એને કાંટા બનીને ખૂંચે છે. એના સમયમાં ચીરા પડી જાય છે. ખરેખર જે મનને નથી સાચવતો એને જીવન નથી સાચવતું.’ સલોત સાહેબના આશ્ચર્ય વચ્ચે ટીનાના પપ્પા વિશુદ્ધાનંદજીનાં વાક્યો બોલી રહ્યા, ‘જેમ સૂકીભઠ જમીનમાંથી દેડકો નીકળે છે, અવાવરું દીવાલમાંથી વેલ ફૂટે છે, કાળમીંઢ પથ્થરમાંથી પાણી સ્રવે છે, અહો આશ્ચર્ય! એમ સમયના કોચલામાંથી કર્મ પ્રગટ થાય છે. ’ને મારા સાહેબ! હું પોતે એમ માનું છું કે વ્યભિચારીને એક દિવસ એવો આવે છે કે એને જળમાંથી લૂ વાય છે. એને ત્યાં નબળાં સંતાનો જન્મે છે. સુશીલ અને સંસ્કારી પત્ની મોહાસક્તિ તરફ ખેંચાય છે. છોકરાઓ કુછંદે ચડે છે. છોકરી હીનકુળના છોકરા સાથે ભાગી જઈ આબરૂના ધજાગરા કરે છે. જુઓ તો ખરા સલોતસાહેબ! સુશીલ, શાંત, સાવ સોજીલી અને પતિપરાયણ બાઈનું મન ફરી ગયું.’

સલોત સાહેબ આમ તો એક ‘હાશ’ લઈને ઊઠ્યા, પણ સાથે-સાથે એક અજંપો લઈને પણ ઊઠ્યા. દીકરીની ચિંતા ટળી તો મનમાં અકારણ પત્ની પીડા ઊભી થઈ. ટીનાના પપ્પા કહેતા હતા, ‘જુઓ તો ખરા સલોત સાહેબ! સુશીલ, શાંત, સાવ સોજીલી અને પતિપરાયણ બાઈનું મન ફરી ગયું.’

આ બાજુ મધુવન હતું, પેલી બાજુ ભયંકર રાન. આ બાજુ જળ હતું, પેલી બાજુ આગ. આ બાજુ ગુલાબો હતાં, પેલી બાજુ થોર. એક નર્કમાં પલટાતા જતા સ્વર્ગના દૃશ્યની કલ્પના સલોત સાહેબને થથરાવી ગઈ. પોતે વચ્ચે ઊભા હતા જેની આ બાજુ નજીક આવતી જતી બ્યુટીફુલ... ભૂરી ભૂરી છોકરી હતી તો પેલી બાજુ દૂર થતાં જતાં સ્નેહાળ દીકરી અને સુશીલ પત્ની હતાં. એ બ્યુટીફુલ... ભૂરી ભૂરી છોકરીએ સલોત સાહેબને બે ભાગમાં વહેંચી નાખ્યા. એક ખળખળતા જળમાં અને બીજા બળબળતા રણમાં!

ઘેર પહોંચ્યા તો એમની પત્ની એમના જીજાજી સાથે ફોન પર હસી હસીને વાતો કરતી હતી. આમ તો દરેક વખતે એ આવી રીતે જ વાત કરતી, પણ કોણ જાણે કેમ આજે સલોત સાહેબને ઊંડે ઊંડે બેચેની થઈ! ■ **(ક્રમશઃ)**

AM to PM
ચાલતું રહે Top FM

TOP FM
Jab Suno Top Suno

13 Stations 1 Network

● JUNAGADH 91.9 ● JAMNAGAR 91.9 ● BHAVNAGAR 93.1 ● GODHRA 93.1
● VERAVAL 93.5 ● PORBANDAR 93.5 ● BHARUCH 105.2 ● MEHSANA 92.7
● LEH 91.1 ● KARGIL 91.1 ● KATHUA 91.1 ● POONCH 94.3 ● BHADERWAH 94.3

www.topfm.in I Follow Us on :

Pioneer in spices since 60 years

JHAVERI's MAST !

Desh ka Swad

Rajashahi Garam Masala

Available in 10g, 50g, 100g, 200g, 500g, 1kg & 5kg

jspl JHAVERI SPICES PVT. LTD.

Email: info@mastspices.com | Call 1 800-313-3424 | www.mastspices.com

R.No. MNW/280/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 4384/86 LICENCE TO Tech/RO/AHD/LPWP/Misc./2021-23 POST AT PSO. AHD-380 002 ON SATURDAY 19-06-2021. PUBLISHED EVERY SATURDAY FROM:- SAMBHAAV MEDIA LTD. OPP CHIEF JUSTICE BUNGLOW AHD-380015